ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો. (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

AHMEDABAD • • • SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૫.૭૨ |
| પાઉન્ડ | ૧૦૭.૫૦ |
| યુરો | ૮૯.૧૭ |
| સઉદી રિયાલ | ૨૨.૮૩ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૯,૫૪૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૦,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૬૦ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# તિબેટમાં ભયાનક ભૂકંપ : ૧૨૬નાં મોત, ૨૦૦થી વધુ ઘાયલ

## નેપાળ સરહદ પાસે ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવતા અનેક બિલ્ડીંગો જમીનદોસ્ત, ઉત્તર ભારતના અનેક વિસ્તારો અને દિલ્હી-એનસીઆરમાં પણ આંચકા અનુભવાયા

(એજન્સી) તા.૭

મંગળવારે સવારે તિબેટ પ્રદેશમાં તીવ્ર ભૂકંપના કારણે ઓછામાં ઓછા ૧૨૬થી વધુ લોકો માર્યા ગયા છે અને ૨૦૦ ઘાયલ થયા છે. ચાઈના અર્થક્વેક નેટવર્ક્સ સેન્ટરના જણાવ્યા અનુસાર સ્થાનિક સમય અનુસાર સવારે ૯:૦૫ વાગ્યે આ ભૂકંપ ૧૦ કિ.મી. (૬.૨ માઈલ)ની ઊંડાઈએ આવ્યો હતો, જેની તીવ્રતા ૬.૮ નોંધવામાં આવી હતી. જો કે, યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વેએ તેની તીવ્રતા ૭.૧ માપી હતી.

આ ભૂકંપની અસર પડોશી નેપાળની રાજધાની કાઠમંડુ અને ભારતના ઉત્તરીય ભાગોમાં ખાસ કરીને બિહારમાં તેના આંચકા અનુભવાયા હતા, જ્યાં લોકો તેમના ઘરો અને એપાર્ટમેન્ટની બહાર દોડતા જોવા મળ્યા હતા. જો કે, અહીં મિલકતોને કોઈ નુકસાન થયું નથી. બિહાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના જણાવ્યા અનુસાર પટના, મધુબની, શિયોહર, મુંગેર, સમસ્તીપુર, મુઝફ્ફરપુર, કટિહાર, દરભંગા, પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ અને ભારત-નેપાળ સરહદે આવેલા અન્ય કેટલાક જિલ્લાઓમાં આંચકા અનુભવાયા હતા. કટિહાર, પૂર્ણિયા, શિયોહર, દરભંગા અને સમસ્તીપુરમાં પણ જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે લોકો રસ્તા પર આવી ગયા હતા.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ)એ અહેવાલ આપ્યો હતો કે, ભૂકંપ સવારે ૬:૩૫ વાગ્યે નોંધવામાં આવ્યો હતો અને પ્રથમ એક પછી તરત જ આ ક્ષેત્રમાં વધુ બે ભૂકંપ આવ્યા હતા. ૪.૭ની તીવ્રતાનો બીજો ભૂકંપ સવારે ૭:૦૨ કલાકે ૧૦ કિ.મી.ની ઊંડાઈએ નોંધાયો હતો, જ્યારે સવારે ૭:૦૭ કલાકે ૪.૯ની તીવ્રતાનો ત્રીજો ભૂકંપ ૩૦ કિ.મી.ની ઊંડાઈએ નોંધાયો હતો. સિન્હુઆએ જણાવ્યું હતું કે, આપત્તિ રાહત સહાય, તંબુઓ,



રજાઈ અને ઊંચાઈવાળા અને ઠંડા વિસ્તારો માટેની વસ્તુઓ કેન્દ્રીય સત્તાવાળાઓ દ્વારા ભૂકંપથી પ્રભાવિત વિસ્તારોમાં મોકલવામાં આવી હતી. તિબેટ પ્રદેશમાં ઉચ્ચ-ઊંચાઈવાળા કાઉન્ટી લગભગ ૬૨,૦૦૦ લોકો રહે છે અને તે માઉન્ટ એવરેસ્ટની ચીન બાજુ પર સ્થિત છે. આ પ્રદેશમાં ધરતીકંપ સામાન્ય છે. મંગળવારનો ભૂકંપ છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦ કિ.મી.ની ત્રિજયામાં નોંધાયેલો સૌથી શક્તિશાળી ભૂકંપ હતો. નેપાળ એક મુખ્ય ભૂસ્તરશાસ્ત્રીય ફોલ્ટલાઈન પર આવેલું છે જ્યાં ભારતીય ટેકટોનિક પ્લેટ યુરેશિયન પ્લેટ સાથે ટકરાય છે અને ધરતીકંપ અહીં એક નિયમિત ઘટના છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે મંગળવારે સંપૂર્ણ પાયે શોધ અને બચાવ પ્રયાસો અને શક્ય તેટલી જાનહાનિ ઘટાડવા, અસરગ્રસ્ત રહેવાસીઓને યોગ્ય રીતે પુનઃ સ્થાપિત કરવા અને શિયાળા દરમિયાન તેમની સલામતી અને હૂંફ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. કટોકટી વ્યવસ્થાપન મંત્રાલયે જણાવ્યું હતું કે, કાટમાળમાં દટાયેલા લોકોને શોધવા માટે લગભગ ૧૫૦૦ ફાયર અને બચાવ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.

કાઠમંડુમાં ગભરાટના કારણે ઘણા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા અને લોકોએ થોડા સમય માટે શેરીઓમાં ઝાડ અને ઈલેક્ટ્રિક વાયરને ધ્રુજતા જોયા હતા. USGSના અહેવાલ મુજબ સવારે ૭ વાગ્યાની આસપાસના એક કલાકના સમયગાળામાં ૪થી પાંચની તીવ્રતાવાળા ઓછામાં ઓછા અડધો ડઝન આંચકા પણ નોંધાયા હતા. આ ધરતીકંપને લીધે નેપાળમાં લોકો ભયભીત થયા હતા કારણ કે, ૨૦૧૫ના ભૂકંપમાં અહીં ૯૦૦૦ લોકો માર્યા ગયા હતા. જો કે, નેપાળ પોલીસના પ્રવક્તાનું કહેવું છે કે, હજુ સુધી તેમને કોઈ મોટી ક્ષતિ કે માનવીય નુકસાન અંગે કોઈ માહિતી મળી નથી. નેપાળ પોલીસના પ્રવક્તા બિશ્વો અધિકારીએ જણાવ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્ર તિબેટમાં હોવાથી ઉત્તર નેપાળમાં રહેતા લોકોએ વધુ તીવ્ર આંચકા અનુભવ્યા હતા. એવરેસ્ટની નજીક આવેલા નેપાળના નમચે પ્રદેશમાં સરકારી અધિકારી જગત પ્રસાદ ભુસાલે જણાવ્યું હતું કે, આ વિસ્તાર ખૂબ જ જોરદાર રીતે હચમચી ગયો છે ને દરેક લોકો જાગી ગયા છે. ૨૦૧૫માં નેપાળમાં ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો ત્યારે લગભગ ૯૦૦૦ લોકો મૃત્યુ પામ્યા અને ૨૨,૦૦૦થી વધુ ઘાયલ થયા અને અડધા મિલિયનથી વધુ ઘરો નાશ પામ્યા હતા. ગયા વર્ષે જાન્યુઆરીમાં પર્વતીય ચીન-કિર્ગિસ્તાન સરહદે ૭.૦ તીવ્રતાના ભૂકંપ બાદ ત્રણ લોકો માર્યા ગયા હતા અને ડઝન ઘાયલ થયા હતા. ઉત્તર-પશ્ચિમ ચીનમાં ડિસેમ્બર ૨૦૨૩માં આવેલા ભૂકંપમાં ૧૪૮ લોકો માર્યા ગયા અને ગાંસુ પ્રાંતમાં હજારો લોકો વિસ્થાપિત થયા. તે ભૂકંપ ૨૦૧૪ પછી ચીનનો સૌથી ભયંકર હતો જ્યારે દક્ષિણ-પશ્ચિમ યુનાન પ્રાંતમાં ૬૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ડિસેમ્બર ૨૦૨૩ના ધરતીકંપમાં ઝીરો તાપમાનને લીધે શરૂ કરવામાં આવેલ સહાય કામગીરીને વધુ પડકારજનક બનાવી દીધી હતી.

# દિલ્હી ચૂંટણીની તારીખો : પાંચ ફેબ્રુઆરીએ એક તબક્કામાં મતદાન ૮મી ફેબ્રુઆરીએ મતગણતરી સાથે પરિણામ જાહેર કરવામાં આવશે

## દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓની સાથે યુપીમાં મીલ્કીપુર અને તામિલનાડુની ઈરોડે વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીઓની તારીખો પણ જાહેર થઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ભારતના ચૂંટણી પંચ (ECI)એ ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભા માટે મતદાનની તારીખ જાહેર કરી હતી અને પાંચ ફેબ્રુઆરીએ ચૂંટણી અને તેના પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવાની તારીખ ૧૦ જાન્યુઆરી છે, નામાંકન કરવાની છેલ્લી તારીખ ૧૭ જાન્યુઆરી છે, નામાંકનની ચકાસણીની તારીખ ૧૮ જાન્યુઆરી છે અને ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૨૦ જાન્યુઆરી છે. ચૂંટણી પૂર્ણ થવાની તારીખ ૧૦ ફેબ્રુઆરી છે. ચૂંટણીની તારીખની જાહેરાત સાથે રાષ્ટ્રીય રાજધાનીમાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમાર, ભારતના ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર અને ડૉ.સુખબીર સિંહ સંધુએ રાષ્ટ્રીય રાજધાનીમાં વિજ્ઞાનભવનના પ્લેનરી હોલમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં આ જાહેરાત કરી હતી. દિલ્હીમાં ૧૧ જિલ્લાઓમાં ૫૮ સામાન્ય અને ૧૨ SC સહિત ૭૦ મતવિસ્તારો છે. અહીં ૮૩.૪૯ લાખ પુરૂષ મતદારો, ૭૧.૭૪ લાખ મહિલા મતદારો અને ૨૫.૮૯ લાખ યુવા મતદારો છે અને કુલ ૧.૫૫ કરોડ મતદારો છે. તેમણે ઉલ્લેખ કર્યો કે, રાષ્ટ્રીય રાજધાનીમાં કુલ મતદાન મથકોની સંખ્યા ૧૩,૦૩૩ છે, જેમાંથી PwD અને મહિલાઓ દ્વારા સંચાલિત ૭૦ મથકો છે. દિલ્હીમાં આગામી ચૂંટણી માટે ૧.૫૫ કરોડ મતદારો છે. દિલ્હીની ૭૦ સભ્યોની વિધાનસભાની મુદ્દત ૨૩ ફેબ્રુઆરીએ પૂરી થાય છે. દિલ્હીમાં પરંપરાગત રીતે એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી જોવા મળે છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, આ સિંગલ-ફેઝ ચૂંટણી છે. અમે બુધવારે ઈરાદાપૂર્વક મતદાન રાખ્યું છે જેથી વધુ લોકો મતદાન કરવા માટે આવે, જેમ આપણે મહારાષ્ટ્રમાં કર્યું હતું. ઉત્તરપ્રદેશના મિલ્કીપુર અને તમિલનાડુના ઈરોડ એમ બે વિધાનસભા મતવિસ્તારોની પેટાચૂંટણી પણ સમાન સમયપત્રક અનુસાર યોજાશે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે પીડબ્લ્યુડી મતદારો માટે સક્ષમ એપ, વરિષ્ઠ નાગરિકો માટે હોમ વોટિંગ સુવિધાઓ અને ફરિયાદો માટે સીવીજીઆઈએલ લોકોની ચિંતાઓને દૂર કરવા માટે ઉપલબ્ધ રહેશે. વર્તમાન દિલ્હી વિધાનસભાનો કાર્યકાળ ૨૩ ફેબ્રુઆરીએ પૂરો થાય છે અને તે પહેલા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂરી થવાની છે. ECIએ દિલ્હી માટે નવી સુધારેલી મતદાર યાદી બહાર પાડી હતી. તાજેતરના આંકડાઓ અનુસાર છેલ્લા બે મહિનામાં દિલ્હીના મતદારોનો આધાર નોંધપાત્ર રીતે વધ્યો છે. ઓકટોબર ૨૦૨૪માં કુલ મતદારોની સંખ્યા ૧,૫૩,૫૭,૫૨૯ હતી. જો કે, સમરી રિવિઝન પછી આ સંખ્યા વધીને ૧,૫૫,૨૪,૮૫૮ થઈ ગઈ છે, જે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૧,૬૭,૩૨૯ નવા મતદારોનો વધતો છે. ચૂંટણી પંચે નવા મતદાર ID મેળવવા માટે ખોટા અને બનાવટી દસ્તાવેજો સબમિટ કરવા અંગે ચેતવણી પણ આપી છે. પૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની શાસક આમ આદમી પાર્ટી (આપ) સતત ત્રીજી વખત સત્તામાં આવવા માટે પ્રયાસ કરી રહી છે જ્યારે ભાજપ, જે લોકસભાની ચૂંટણી જીતવામાં સફળ રહી છે, તે રાજધાની શહેરને કબજે કરવા માટે તૈયાર છે. કોંગ્રેસ પણ આ રમતમાં અન્ય મુખ્ય પક્ષ છે. આ પાર્ટી આગામી ચૂંટણીઓમાં એકલા હાથે લડી રહી છે, જે લોકસભા ચૂંટણીમાં તેના સહયોગી સાથી AAP અને ભાજપ બંને સામે લડી રહી છે. પોતાની પાર્ટી દિલ્હીમાં સરકાર બનાવશે તેવું જણાવતા AAP સુપ્રીમો અરવિંદ કેજરીવાલે કહ્યું કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણી કામની રાજનીતિ અને દુરૂપયોગની રાજનીતિ વચ્ચેની હરીફાઈ હશે. દિલ્હીના લોકોને અમારી કામની રાજનીતિમાં વિશ્વાસ છે. અમે ચોક્કસપણે જીતીશું. કેજરીવાલ અને AAP નેતાઓ ભાજપ પર આરોપ લગાવી રહ્યા છે કે, તેઓ મુખ્યમંત્રી પદના કોઈ ઉમેદવાર અને મુદ્દાઓ વિના ચૂંટણી જીતવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકારને ઝટકો આપતા ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, કેન્દ્રીય બજેટમાં દિલ્હી વિશિષ્ટ જોગવાઈ કરી શકાતી નથી. કેન્દ્રીય બજેટ વિશેના પ્રશ્નના જવાબમાં ચૂંટણીના નિર્ધારિત દિવસો પહેલા કુમારે કહ્યું કે, અમે કેબિનેટ સચિવને પત્ર લખીશું કે કેન્દ્રીય બજેટમાં દિલ્હી-વિશિષ્ટ જોગવાઈ કરી શકાશે નહીં. રાજકીય પક્ષોને ચૂંટણી દરમિયાન શિષ્ટાચાર જાળવવા વિનંતી કરતા CECએ કહ્યું કે, પંચ મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે તપાસ કરશે. તાજેતરના મતદાન દરમિયાન કેટલાક હેલિકોપ્ટર તપાસવામાં આવ્યા હોવાનો હોબાળો થયો હતો. લોકો પોલિંગ અધિકારીઓને ધમકી આપવા માટે પણ આવે છે પરંતુ અમે અમારી જાતને નિયંત્રિત કરીએ છીએ કારણ કે, તે લેવલ પ્લેઈંગ ફિલ્ડને ખલેલ પહોંચાડે છે. સ્ટાર પ્રચારકો અને જેઓ રાજકીય પ્રચારમાં છે તેઓ શિષ્ટાચારનું પાલન થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. અમે ખૂબ જ કઠોર પગલાં લઈશું. સ્ટાર પ્રચારકોએ સામાન્ય મતદારોને નિરાશ કરે તે રીતે કાર્ય કરવું જોઈએ નહીં. જિલ્લા મેજિસ્ટ્રેટ અને રિટર્નિંગ ઓફિસરો દરેક ઉમેદવાર માટે ન્યાયી સમાન તક સુનિશ્ચિત કરશે. અમે રાજકીય પક્ષોને અધિકારીઓ પર અયોગ્ય દબાણ ન બનાવવાની વિનંતી પણ કરીશું અને પક્ષો લેખિતમાં કોઈપણ ખુલાસો માંગી શકે છે.

## મતદારના મતદાનના ડેટામાં ફેરફાર કરવો અશક્ય છે, આ અંગે ખોટી ધારણા ફેલાવવામાં આવી રહી છે : મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમાર

(એજન્સી) તા.૭

ભારતના ચૂંટણી પંચે મંગળવારે મતદાનના છેલ્લા કલાકોમાં EVM સાથે ચેડાં અને મતદાતાના મતદાનના ડેટા સાથે ચેડાં કરવા સંબંધિત અનેક આરોપોના જવાબો આપ્યા હતા. મતદાનના દિવસે સાંજે પાંચ વાગ્યા પછી મતદાનની ટકાવારીમાં અચાનક ઉછાળો આવવાના આરોપોના જવાબમાં મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે દાવો કર્યો હતો કે, મતદારોના મતદાનના ડેટામાં ફેરફાર કરવો અશક્ય છે. મતદાનના ડેટામાં ફેરફાર કરવો અશક્ય છે, સાંજના પાંચ વાગ્યા પછી મતદાન વધવા અંગે ખોટી ધારણા ફેલાવવામાં આવી રહી છે. કુમાર દિલ્હી વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવા માટે પત્રકાર પરિષદને સંબોધિત કરી રહ્યા હતા. મતદાર યાદીઓમાં ઉમેરો અને કાઢી નાખવા અંગેના દાવાઓના જવાબમાં સીઈસીએ જણાવ્યું હતું કે, યોગ્ય પ્રક્રિયાનું સખતપણે પાલન કરવામાં આવ્યું હતું અને કોઈપણ છેડછાડ માટે કોઈ અવકાશ નથી. મતદાર યાદી પરની ખોટી વાર્તાઓ હજુ પણ ચાલુ છે. જે પણ દાવાઓ અને વાંધાઓ ઊઠાવવામાં આવે છે, તે દરેક રાજકીય પક્ષ સાથે એક જ સમયે શેર કરવામાં આવે છે; તેનો ડ્રાફ્ટ વેબસાઈટ પર મૂકવામાં આવે છે અને ફોર્મ ૭ રજૂ ન થાય ત્યાં સુધી કોઈને કાઢી નાખવાનું શક્ય નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, મતદાર યાદીમાં ઉમેરો અને કાઢી નાખવા અંગે ખોટી વાતો ફેલાવવામાં આવી રહી છે. ચોક્કસ જૂથોને લક્ષ્ય બનાવવા માટે મતદાર યાદીમાં ખોટા ઉમેરાઓ અથવા કાઢી નાખવા વિશે ખોટા દાવાઓ ફેલાવવામાં આવી રહ્યા છે. રાજકીય પક્ષો મતદાર યાદીની તૈયારીના દરેક તબક્કે સંપૂર્ણ જાહેરાત અને વાંધો ઊઠાવવાની તક આપવામાં આવે છે. કુમારે જણાવ્યું હતું કે, EVM અને વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ (VVPAT) સ્લિપ દ્વારા ગણવામાં આવેલા મતોમાં એક પણ વિસંગતતા મળી નથી.

CELEBRATING EXCELLENCE 34 years GT

**ક્યા બાત હૈ ?!**

આરામથી ! ઉતાવળ ન કર ! ઘરના બધા બિગ-બોસ જોવામાં મશગુલ છે !



- જામી

# મહારાષ્ટ્રના ધૂલેમાં રમખાણોનો ભોગ બનેલા પીડિતો બાર વર્ષ પછી હજુ પણ ન્યાયની રાહ જુએ છે, ન્યાયનો પોકાર કરી રહ્યા છે

## ૨૦૧૩માં થયેલા કોમી રમખાણોમાં ચંડીવાલ તપાસપંચ દ્વારા તપાસ કરવામાં આવ્યા બાદ હજુ પણ આ અહેવાલ ધૂળ ખાઈ રહ્યો છે, સંખ્યાબંધ મુસ્લિમોના તોફાનોમાં મોત થયા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ઉત્તર મહારાષ્ટ્રના ધુલે શહેરમાં થયેલા કોમી રમખાણોને બાર બાર વર્ષ જેટલો સમય વીતી ગયો છે છતાં હજુ પણ લોકોના પરિવારો ન્યાયની માગણી કરી રહ્યા છે અને હજુ પણ એમને ન્યાયનો ઈન્તેજાર છે. તોફાનો માટે જવાબદાર અને મુસ્લિમોની જાનહાનિ માટે દોષિત લોકોની જવાબદારી નક્કી કરવાની એમની વેદનાભરી પોકારોને હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી અને એમનો પોકાર અરણ્ય રૂદન જેવો બની ગયો છે. ગત છઠ્ઠી અને સાતમી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ થયેલા કોમી રમખાણો અંગેનો ચંડીવલ પંચનો તપાસ અહેવાલ પણ હજુ સુધી ધૂળ ખાઈ રહ્યો છે અને પીડિતોને કોઈ ન્યાય મળ્યો નથી કે દોષિત તત્ત્વો સામે કોઈ પગલાં લેવાયા નથી. જેના કારણે પોતાના વ્હાલાને ગુમાવી દેનાર પરિવારોમાં ભારે રોષ અને હતાશા જોવા મળી રહ્યા છે અને એ રોષ અને હતાશા વધુને વધુ આજે ૧૨મી તિથિ પર મજબૂત બન્યા છે.

અસરગ્રસ્ત પરિવારોએ ન્યાયની માગણી કરી છે અને તપાસ પંચનો અહેવાલ કેમ જાહેર કરાયો નથી અને હેતુ પૂર્ણ યોગ્ય પગલાં કેમ લેવાયા નથી એ અંગે સવાલો ઉઠાવ્યા છે. એ દિવસે ધૂલે શહેરની મચ્છી માર્કેટ નજીક આવેલી એક હોટલ પાસે એક મામુલી ઝઘડો થયો હતો. જેમાંથી મોટા પ્રમાણમાં કોમી તોફાનો ફાટી નીકળ્યા હતા અને પોલીસે તો આડેધડ ગોળીબાર કરતા છ મુસ્લિમોએ અને એ પણ યુવાન લોહીના હતા તેમણે જાન ગુમાવ્યા હતા. તોફાનીઓએ બેફામ બનીને મુસ્લિમોના ઘરો અને ધંધાની જગ્યાઓ પર લૂંટફાટ કરી હતી અને તેનો નાશ કર્યો હતો અને આગજની કરી હતી. જેના કારણે મુસ્લિમ સમાજને ખૂબ જ નોંધપાત્ર પ્રમાણમાં નાણાકીય નુકસાન થયું હતું. પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા યુવાનોના વડીલો પૂછી રહ્યા છે કે જો પોલીસની ગોળીથી અમારા સંતાનો નથી મર્યા તો કોની ગોળીએ તેમનો જીવ લીધો છે ? આ સવાલ જ એમની હૃદયની વ્યથા અને હતાશાનો સંકેત આપે છે. તોફાનોમાં સઉદ રઈશ પટેલ, ઈમરાન અલી, અસીમ શેખ, યુનુસ શાહ, રિઝવાન શાહ, અને હાફિઝ આસિફ ઈકબાલનું મૃત્યુ થયું હતું. પરિવારજનો હજુ પણ આ દુઃખમાંથી અને આઘાતમાંથી બહાર આવ્યા નથી. પોલીસ ગોળીબારને કારણે બે મુસ્લિમો શેખ ચાંદ અને ખાલીદ અન્સારી કાયમ માટે અપંગ થઈ ગયા છે. સત્તાવાળાઓએ તો પોલીસની સમગ્ર કામગીરીથી હાથ ઉંચા લઈ લીધા છે અને કોઈ પણ જવાબદાર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સરકાર અને ન્યાયતંત્ર બંને તરફથી અસરગ્રસ્તોને પડતા મૂકી દેવામાં આવ્યા હોય એવા દૃશ્યો સર્જાયા છે કેમ કે તપાસ પક્ષનો અહેવાલ પણ હજુ સુધી દબાવી રાખવામાં આવ્યો છે. એક પીડિત પરિવારના સભ્ય રહીશ દોલત પટેલ જેમણે પોતાનો દીકરો ગુમાવ્યો હતો. તેઓ કહે છે કે છ વર્ષ પછી અમને મૌલાના અર્શદ મદની અને જમિયત ઉલ્લેમાને કારણે જ થોડુંક વળતર મળ્યું હતું પરંતુ જે અપરાધીઓ છે એમને કોઈ સજા કરવામાં આવી નથી અને બાર વર્ષથી તપાસ અહેવાલ પણ ધૂળ ખાઈ રહ્યો છે. પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા યુનુસ શાહના પિતા અબ્બાસ શાહ પણ આવી જ કંઈક લાગણી વ્યક્ત કરે છે અને કહે છે કે કોઈની જવાબદારી નક્કી કરવામાં આવી નથી. છ મુસ્લિમ યુવાનો પોલીસ ગોળીબારમાં મૃત્યુને શરણ થયા હતા અને મુસ્લિમ મકાનો અને એમના ધંધાના સ્થળોને ભારે નુકસાન કરીને તેનો નાશ કરવામાં આવ્યો હતો પણ હજુ સુધી હિંસાની ઉશ્કેરણી કરનારા કોઈ સામે એક પણ કેસ કરવામાં આવ્યો નથી. જે કેસો કરવામાં આવ્યા હતા એ ખોટા હતા અને આ યુવાનોના મોતની પણ યોગ્ય રીતે તપાસ કરવામાં આવી નથી એવી વેદના અબ્બાસભાઈએ વ્યક્ત કરી હતી. છેલ્લા એક દાયકાથી જમિયત ઉલમા અને એડવોકેટ ગુલઝાર આઝમી અને એડવોકેટ મહેમુદ જેવા લોકો દ્વારા એક દાયકાથી ન્યાય માટે કાનૂની સંઘર્ષ કરવામાં આવી રહ્યો છે અને એ પ્રયાસોને કારણે જ પરિવારજનોને વળતર મળ્યું છે.

# ગ્વાલિયર મેડિકલ કોલેજ હોસ્ટેલમાં જુનિયર ડોક્ટર પર સાથી તબીબનો બળાત્કાર

**ન્યુઝ GT પોઈન્ટ**

**એક સમય હતો કે જે વિદ્યાર્થી ખૂબ જ હોશિયાર અને તેજસ્વી હોય એ જ ડોક્ટર બનતો. એટલે ધો.૧૨માં ૮૦ ટકાથી વધુ ગુણ આવતા હોય તેને જ મેડિકલમાં પ્રવેશ મળી શકતો. સરકારો પૈસા કમાવવા લોકોના જોખમે ડોક્ટરોની ડિગ્રી વેચી મારી અને મોટા બાપના તોફાની નબીરાઓ પણ મેડિકલમાં પ્રવેશ મેળવી શક્યા ! બળાત્કારનો આરોપી આજ સુધી ડોક્ટર કે ઈજનેર ક્યારેય હતો જ નહીં. બસ હવે તો સરકારોએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે આઈએએસની જ ડિગ્રી વેચવાની બાકી રાખી છે !**




(એજન્સી) ભોપાલ,તા.૭

રવિવારે ગ્વાલિયરમાં મેડિકલ કોલેજની એક હોસ્ટેલમાં એક જુનિયર ડોક્ટર પર હોસ્ટેલમાં અને સાથે રહેતા એક સાથી તબીબે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ થઈ છે. એમબીબીએસની અંતિમ વર્ષની પરીક્ષા ફરીથી આપવા માટે જુનિયર ડોક્ટર યુવતી તેના ગામ દતીયાથી ગ્વાલિયર આવી હતી અને ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી હતી તેમ બહાર આવ્યું છે. પરીક્ષા બાદ આ યુવતી પોતાની સાથે જ અભ્યાસ કરતા અને પોતાના વર્ગમાં જ અભ્યાસ કરતા ડોક્ટર સંજયકુમાર ઈવાનેને મળી હતી ત્યારે પોલીસમાં નોંધાયા મુજબ ડોક્ટર સંજયકુમાર મેડિકલ કોલેજની જૂની બોયઝ હોસ્ટેલના એક સાવ અવાવરૂ અને ખાલી પડેલા ભાગમાં લઈ ગયો હતો અને ત્યાં તેની પર બળાત્કાર કર્યો હતો. બાદમાં પીડીતાએ મોડી સાંજે કામ્પુર પોલીસ સ્ટેશનમાં પોતાના પર થયેલા દુષ્કર્મ અંગે ડોક્ટર સંજયકુમાર સામે ફરિયાદ દાખલ કરાવી હતી. જુનિયર ડોક્ટરે પોલીસને બયાન આપ્યું હતું કે પહેલા આ ડોક્ટરે મને માર મારવાની ધમકી આપી હતી અને મારૂં શારીરિક શોષણ કર્યા પછી પણ મને માર મારવાની ધમકી આપી હતી. પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# મહારાષ્ટ્રના રાજકારણમાં જબરો વળાંક; એનસીપી (એસપી)ના સાંસદ અજિત પવારના જૂથમાં જોડાઈ જાય તેવી શક્યતા, જ્યારે દીકરી સુપ્રિયા સુલે માટે મંત્રી પદનું સ્થાન મેળવવા પર શરદ પવારની નજર

**મહારાષ્ટ્રના રાજકારણમાં આવેલા નવા ઉતાર ચઢાવો અને ગજબના વળાંકને લઈને કહેવાય છે કે મહા વિકાસ અઘાડી માટે આ સૌથી મોટામાં મોટો ફટકો છે, શરદ પવારના જૂથના એનસીપીના આઠ સંસદસભ્યોએ અજિત પવારના જૂથમાં જોડાઈ જવાનો સંકેત આપ્યા બાદ જબરદસ્ત રાજકીય હલચલ**

(એજન્સી) મુંબઈ, તા.૭

મહારાષ્ટ્રના રાજકારણમાં આવેલા એક ગજબના જોરદાર વળાંકના રૂપમાં શરદ પવારની આગેવાનીવાળા એનસીપીના ૮ જેટલા સંસદસભ્યો ટૂંક સમયમાં અજિત પવારના જૂથમાં જોડાઈ જાય તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. બહાર આવતા અહેવાલો મુજબ આ સંસદસભ્યો અજિત પવાર સાથે સતત સંપર્કમાં છે અને ટૂંક સમયમાં પાટલી બદલવાની જાહેરાત કરે તેવી સંભાવના છે. જો આવું બને તો શરદ પાવરની નેતાગીરી માટે બહુ મોટો ફટકો હશે કેમ કે તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા પણ અજિત પવારના જૂથને ખરી એન.સી.પી. પાર્ટી તરીકે માન્યતા આપવામાં આવી છે.

ચૂંટણી પંચના નિર્ણય બાદ અજિત પવાર જૂથને પક્ષનું મૂળ ચૂંટણી પ્રતીક અને નામ આપવામાં આવ્યા હતા અને એમને સત્તાવાર એનસીપી તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો



હતો. પ્રાપ્ત થતા અહેવાલો અનુસાર નજીકના સૂત્રો તો એવું પણ કહે છે કે શરદ પવારને શાસક મહાયુતિ જોડાણમાં જોડાઈ જવા સામે પણ કોઈ વાંધો નથી અને એ બાબતે પણ એમનું મન ખુલ્લું હોવાનું એમની નજીકના સૂત્રો કહે છે. વિવિધ સૂત્રોમાં એવું અનુમાન પણ મોટા પ્રમાણમાં ચર્ચાઈ રહ્યું છે કે શરદ પવાર એમની દીકરી સુપ્રિયા સુલેને મોદી કેબિનેટમાં મંત્રી પદની જગ્યા અપાવવા માટે મોટા પ્રમાણમાં પ્રયત્નશીલ છે અને એ માટે તેમણે લોબિંગ પણ ચાલુ કર્યું હોવાનું કહેવાય છે એટલે એમની નજર દીકરી માટે મંત્રી પદ મેળવવા ઉપર છે તેમ કહેવાય છે. હજુ થોડા દિવસો પહેલા જ બારામતી બેઠક પરના સાંસદ અને શરદ પવાર જૂથના નેતા સુપ્રિયા સુલેએ ભાજપના નેતા અને મુખ્યમંત્રી પદ સંભાળનાર દેવેન્દ્ર ફડણવીસની ભારે પ્રશંસા કરી હતી એ પછી આ તમામ અટકળો અને અનુમાનોએ જોર પકડ્યું છે. શુક્રવારે પુણે ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા સુપ્રિયા સુલેએ એવી ટકોર કરી હતી કે રાજ્ય સરકારમાં અત્યાર સુધીમાં કોઈ એક માત્ર વ્યક્તિ સક્રિય હોય તો એ દેવેન્દ્ર છે. મહાયુતિ સરકારના મોટાભાગના મંત્રીઓ એ તો હજુ ખાતા પણ સંભાળ્યા નથી અને સૌથી વધારે એકમાત્ર દેવેન્દ્ર કામ કરતા અને મહેનત કરતા દેખાઈ રહ્યા છે. દેવેન્દ્રજી ખૂબ જ એકચિત્તે કામ કરી રહ્યા છે અને મિશનની જેમ સરકારની કામગીરી સંભાળી રહ્યા છે એ ખૂબ સારી બાબત છે અને હું એમને શુભેચ્છા આપું છું.

આ રીતે મહારાષ્ટ્રના નવા રાજકીય વળાંકને વિપક્ષી મહાવિકાસ અઘાડી માટે અત્યાર સુધીના સૌથી મોટા ફટકા રૂપ જોવામાં આવી રહ્યો છે. અજિત પવારની પાર્ટીએ ભાજપ અને અન્ય પક્ષો સાથે મળીને તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં જોરદાર સફળતા મેળવ્યા બાદ શરદ પવાર જૂથના આઠ સંસદસભ્યો અજિત પવાર સાથે જોડાઈ રહ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. અજિત પવારે એનસીપીમાંથી છૂટા પડીને પોતાના અલગ પક્ષની આ નામ સાથે જ રચના કરી એ પછી શરદ પવારની ભાવિ રાજકીય યોજના શું છે એ વિશે ચર્ચા ચાલતી રહી છે અને હવે એવું સંભળાય છે કે તેઓ કદાચ મહાયુવતિ જોડાણમાં સામેલ થઈ શકે છે.

# સંભલમાં હિંસા અંગે પોલીસે માનસિક રીતે વિકલાંગ મુસ્લિમ વ્યક્તિને કસ્ટડીમાં રાખ્યો છે

**માનસિક રીતે અસક્ષમ ગુલબુદીન પર પોલીસ પર હુમલો કરવા, તેમના હથિયારો છીનવી લેવા, CCTV કેમેરાને નુકસાન પહોંચાડવાનો અને વાહનોને આગ ચાંપવાનો આરોપ છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ઉત્તરપ્રદેશ પોલીસે માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિ ગુલબુદ્દીનની નવેમ્બરમાં સંભલ શહેરમાં થયેલી હિંસામાં તેની કથિત સંડોવણી માટે પકડી રહી છે. ગુલબુદ્દીન પર પોલીસ દળ પર હુમલો કરવા, હથિયારો છીનવી લેવા, વાહનોમાં આગ લગાડવા અને સીસીટીવીને નુકસાન પહોંચાડવાના આરોપો છે.

કારવાં મેગેઝિન માટે રિપોર્ટિંગ કરતા પત્રકાર શાહિદ તંત્રીએ ગુલબુદ્દીનનો એક વીડિયો બહાર પાડ્યો હતો જે તેની માનસિક સ્થિતિ દર્શાવે છે. ગુલબુદ્દીનનો એક વીડિયો, જે સંભલ હિંસા કેસમાં આરોપી તરીકે કસ્ટડીમાં છે. તે માનસિક રીતે બીમાર છે. તેના નાના ભાઈ ફૈઝાને અમને કહ્યું કે, ગુલબુદ્દીન ભાગ્યે જ કંઈ કરી શકવા સક્ષમ છે અને પ્રસંગોપાત તેને ઘરે સાંકળો બાંધવો પડતો હતો.

આ વીડિયોમાં ગુલબુદ્દીન ઘરમાં સાંકળો સાથે બાંધીને ગાતો, ડાન્સ કરતો અને અસ્પષ્ટ અવાજે વાત કરતો જોવા મળે છે. તંત્રીએ ગુલબુદ્દીનને બાંધવા માટે ઉપયોગમાં લેવાતી સાંકળનો ફોટો પણ પોસ્ટ કર્યો છે. તેની ધરપકડ વિશે વાત કરતાં તેના ભાઈ ફૈઝાને કહ્યું કે, ગુલબુદ્દીન ખાવા માટે બહાર ગયો હતો અને તે આ અરાજકતાથી અજાણ હતો. જ્યારે પોલીસે તેને પાછા જવાનું કહ્યું તો તેણે કવ્વાલી ગાવાનું શરૂ કર્યું હતું.

વહીવટી ટીમ શાહી જામા મસ્જિદના સર્વેક્ષણ માટે ગઈ હતી ત્યારે થયેલી હિંસાના સંબંધમાં દાખલ કરાયેલી એફઆઈઆરમાં ગુલબુદ્દીનનું નામ હતું. એફઆઈઆરમાં ગુલબુદ્દીન પર પોલીસ પર હુમલો કરવાનો, તેમના હથિયારો છીનવી લેવાનો, સીસીટીવી કેમેરાને નુકસાન પહોંચાડવાનો અને વાહનોને આગ લગાડવાનો આરોપ છે. આ વાયરલ વીડિયો પર પ્રતિક્રિયા આપતા જમ્મુ અને કાશ્મીરમાં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP)ના વડા મહેબૂબા મુફ્તીએ માનસિક રીતે અશક્ત વ્યક્તિની ધરપકડ કરવા બદલ ભારતીય જનતા પાર્ટી (BJP)ની ટીકા કરતા કહ્યું કે, ખરેખર માનસિક રીતે બીમાર કોણ છે? ઘરમાં બંધાયેલ આ નિર્દોષ માણસ અથવા ચૂંટાયેલી ભાજપ સરકાર, જેઓ દિલ્હીમાં સત્તા મેળવવા માટે લઘુમતીઓને દુઃખ પહોંચાડવામાં એકબીજાથી આગળ સ્પર્ધા કરતી લાગે છે. તેણીએ કહ્યું કે, શાસક પક્ષ દ્વારા ઉત્તેજીત નફરત અને હિંસાનું વાતાવરણ ભારતને અંધકાર યુગમાં પાછું લઈ જઈ રહ્યું છે. ભારત જે એક સમયે વિશ્વની સૌથી બિનસાંપ્રદાયિક લોકશાહી તરીકે જોવામાં આવતું હતું, તેની ઓળખ ગુમાવવાનું જોખમ છે.

અહેવાલ મુજબ કેટલાક રહેવાસીઓએ જણાવ્યું હતું કે, ૨૪ નવેમ્બરના રોજ શહેરમાં સર્વેના સમાચાર ફેલાતાની સાથે જ તંગ પરિસ્થિતિ સર્જાઈ હતી. ઝફર અલીએ કહ્યું કે, સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ સબડિવિઝનલ મેજિસ્ટ્રેટે આદેશ આપ્યો કે વુઝુ માટે ઉપયોગમાં લેવાતી ટાંકીમાંથી પાણી કાઢી નાખવામાં આવે. અધિકારીએ કહ્યું કે, પાણીના કારણે આ હોઝનું ફિલ્માંકન કરવું અશક્ય હતું. મસ્જિદના ઈમામ જાતે જ પાણી હટાવવા માટે સંમત થયા હતા. લોકોએ વિચાર્યું કે, પાણી છોડવામાં આવ્યું હોવાથી ખોદકામ ટૂંક સમયમાં શરૂ થઈ શકે છે. લોકો બેચેન બની ગયા હતા અને મસ્જિદની નજીક જવાની કોશિશ કરી હતી. સર્કલ ઓફિસરે ભીડને વિખેરવા માટે લાઠીચાર્જનો આશરો લીધો અને ભીડે પથ્થરમારો કરીને જવાબ આપ્યો. ભીડ સતત વધી રહી હતી અને લોકો ચારે બાજુથી આવવા લાગ્યા હતા અને પોલીસે ગોળીબાર કર્યો, જેના કારણે પાંચ લોકો શહીદ થયા. જ્યારે સર્વે કરવામાં આવી રહ્યો હતો ત્યારે શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં નિષ્ફળ રહેવા બદલ વહીવટીતંત્રને પણ પ્રશ્ન કર્યો હતો. સંભલમાં એક શાંતિ સમિતિ છે, જેનો હેતુ સાંપ્રદાયિક તણાવને ઓછો કરવાનો છે. તેમાં જિલ્લાના અધિકારીઓ અને તમામ સમુદાયોના સભ્યોનો સમાવેશ થાય છે. સમિતિ નિયમિતપણે ખાસ કરીને હિન્દુ અને મુસ્લિમ તહેવારો પહેલા મળે છે, પરંતુ મસ્જિદના સર્વેક્ષણની તૈયારી માટે તેમને બોલાવવામાં આવ્યા ન હતા. લોકસભાના સભ્ય ઝિયા ઉર રહેમાન બર્કે આ દેખરેખ અંગે પ્રશ્નો ઉઠાવ્યા અને પોલીસને તેના લાઠીચાર્જ દ્વારા તણાવ વધારવા બદલ જવાબદાર ઠેરવ્યા હતા. શું તેઓએ વિચાર્યું કે તેઓ સરહદ પર હતા? શું તેઓ એવું માનતા હતા કે, આ દેશના નાગરિકો આ જમીન પર કબજો કરવાના પ્રયાસ કરી રહેલા ઘૂસણખોરો છે? આવા કર્મચારીઓ વાસ્તવિક દુશ્મનો છે જેઓ જેલના સળિયા પાછળ હોવા જોઈએ.

# જો બાઈડેને ગ્વાન્ટાનામો બે જેલના ૧૧ કેદીઓને કેમ મુક્ત કર્યા ? તેમાંથી બે ઓસામા બિન લાદેનના અંગરક્ષક હતા

(એજન્સી) તા.૭

જો બાઇડેન વહીવટીતંત્રે ક્યુબાત ગ્વાન્ટાનામોમાં ખાડીમાંથી અલ કાયદા સાથે જોડાયેલા ૧૧ કેદીઓને મુક્ત કર્યા છે અને તેમને ઓમાન મોકલી દીધા છે. યમનના લોકોને ૨૦ વર્ષથી વધુ સમય સુધી ક્યુબાની જેલમાં કોઈ આરોપ વિના રાખવામાં આવ્યા હતા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના હુમલા બાદ તેને પકડવામાં આવ્યો હતો. આમાંથી બે માણસો સાહેલ અબ્દુલ અનમ અલ શરાબી અને મોથ હમઝાહ અહેમદ અલ-અલવી ઓસામા બિન લાદેનના અંગરક્ષક હતા. અન્ય અટકાયતીઓની ઓળખ ઉથમાન અબ્દ અલ-રહીમ મુહમ્મદ ઉસ્માન, ખાલિદ અહેમદ કાસિમ, હાની સાલેહ રશીદ અબ્દુલ્લા, તૌફિક નાસેર અવદ અલ-બિહાની, ઓમર મોહમ્મદ અલી અલ-રમ્મા, સનાદ અલી યસ્લામ અલ કાઝીમી, હસન મુહમ્મદ અલી બીન અતાશ, શારકાવી અબ્દુ અલી અલ-હજ અને અબ્દ અલ-સલામ અલ-હિલ તરીકે થઈ હતી. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સે કહ્યું કે, તે ગ્વાન્ટાનામો ખાડીમાં રાખવામાં આવેલા કેદીઓની સંખ્યા ઘટાડવાના યુએસ પ્રયાસોને સમર્થન આપવા માટે ઓમાન સરકારની ઇચ્છાની પ્રશંસા કરે છે. વિભાગે જણાવ્યું હતું કે, કારકિર્દી વ્યાવસાયિકો દ્વારા હાથ ધરવામાં આવેલી સંપૂર્ણ આંતર-એજન્સી સમીક્ષા પછી યમનના કેદીઓ સર્વસંમતિથી મુક્ત થવા માટે પાત્ર હોવાનું જણાયું હતું. એવું નોંધવામાં આવ્યું છે કે, આ યમનની અટકાયતીઓને તેમની પોતાની સુરક્ષા માટે તેમના દેશમાં પરત કરી શકાતા નથી, ખાસ કરીને ઈરાન સમર્થિત હૌથીઓ સાથે ચાલી રહેલા ગૃહ યુદ્ધને કારણે.

# ટેબલ સ્પેસના સ્થાપક અમિત બેનરજી વિશે જાણો બધું જેમનું ૪૫ વર્ષની વયે કાર્ડિયાક એરેસ્ટથી મૃત્યુ થયું

(એજન્સી) તા.૭

કોર્પોરેટ જગતમાંથી એક દુઃખદ સમાચાર આવ્યા છે. ટેબલ સ્પેસના સ્થાપક, પ્રમુખ અને સીઈઓ અમિત બેનરજીનું ૪૪ વર્ષની વયે સોમવારે, ૬ જાન્યુઆરીના રોજ અવસાન થયું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમિત બેનરજીનું નિધન હાર્ટ એટેકથી થયું હતું. તાજેતરમાં એપિગામિયાના રોહન મીરચંદાનીનું ૪૨ વર્ષની વયે હાર્ટ એટેકથી અવસાન થયું હતું. થોડા દિવસો બાદ એ જ રીતે અમિત બેનર્જીના નિધનના સમાચાર આવ્યા છે. એક્સેન્ચરમાં વિશિષ્ટ કારકિર્દી પછી અમિતે ૨૦૧૭માં સંચાલિત વર્કસ્પેસ પ્રદાતા ટેબલ સ્પેસ શરૂ કરી. બેંગ્લુરૂ સ્થિત આંત્રપ્રિન્યોરે ૨૦૧૭માં કરણ ચોપરા સાથે કંપનીની સહ-સ્થાપના કરી હતી. કંપની ફોર્ચ્યુન ૫૦૦ ક્લાયન્ટ્સ દ્વારા વિશ્વસનીય અને ૩૦૦થી વધુ પ્રીમિયમ ક્લાયન્ટ્સને સેવા આપતા એન્ટરપ્રાઈઝ સંચાલિત વર્કસ્પેસમાં નિર્વિવાદ માર્કેટ લીડર હોવાનો દાવો કરે છે. દેશભરમાં ૮ મિલિયન ચોરસ ફૂટથી વધુ અત્યાધુનિક ૧૦૦ ટકા કસ્ટમ-બિલ્ટ વર્કસ્પેસ છે. અમિત બેનરજીએ પંજાબ ટેક્નિકલ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું છે. ૧૯૯૮ અને ૨૦૦૨ની વચ્ચે કમ્પ્યુટર સાયન્સમાં B.Tech ડિગ્રી મેળવી. તેણે ૨૦૦૪માં એક્સેન્ચર ખાતે તેની વ્યાવસાયિક મુસાફરી શરૂ કરી, જ્યાં તેણે એક દાયકાથી વધુ-૧૩ વર્ષ સુધી કામ કર્યું. અગાઉ ડ્રમ્સ ફૂડ ઈન્ટરનેશનલ (એપિગામિયા પેરેન્ટ)ના ૪૨ વર્ષીય સ્થાપક રોહન મીરચંદાણીનું પણ હૃદયરોગના કારણે નિધન થયું હતું. હુમલો થયો. ગુડ કેપિટલના સહ-સ્થાપક અને મેનેજિંગ પાર્ટનર રોહન મલ્હોત્રાનું પણ ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ હાર્ટ એટેકથી અવસાન થયું હતું. ઓગસ્ટ ૨૦૨૩માં, ફર્નિચર રિટેલર પેપરફ્રાયના સહ-સ્થાપક અંબરીશ મૂર્તિનું પણ હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું.

# તિબેટ ભૂકંપ : લ્હાસા બ્લોકની નીચે કેવી રીતે હલનચલન થાય છે જેના કારણે ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે

**આ ભૂકંપ માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈનો હતો અને નેપાળ, ભૂતાન અને ઉત્તર ભારતના ભાગો સહિતના પડોશી પ્રદેશોમાં તીવ્ર આંચકાઓ આવ્યા હતા, ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો વચ્ચે ચાલી રહેલી અથડામણને કારણે આ પ્રદેશ ધરતીકંપની પ્રવૃત્તિ માટે જાણીતો છે**

(એજન્સી) તા.૭

૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ માઉન્ટ એવરેસ્ટની નજીકના વિસ્તારમાં તિબેટમાં એક શક્તિશાળી ભૂકંપ આવ્યો છે, જેના કારણે અહી નોંધપાત્ર વિનાશ અને નુકસાન થયું છે. ચીનના સત્તાવાળાઓ દ્વારા ૬.૮ અને યુએસ જીઓલોજિકલ સર્વે દ્વારા ૭.૧ની તીવ્રતા પર નોંધાયેલો આ ભૂકંપ, સ્થાનિક સમય અનુસાર સવારે ૯:૦૫ વાગ્યે આવ્યો હતો, તેનું કેન્દ્રબિંદુ ટિંગ્રી કાઉન્ટીમાં સ્થિત હતું, જે આઈકોનિક પર્વતની ઉત્તરે આશરે ૮૦ કિલોમીટર દૂર હતું. આ ભૂકંપ માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈનો હતો અને નેપાળ, ભૂતાન અને ઉત્તર ભારતના ભાગો સહિતના પડોશી પ્રદેશોમાં તીવ્ર આંચકાઓ આવ્યા હતા. ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો વચ્ચે ચાલી રહેલી અથડામણને કારણે આ પ્રદેશ ધરતીકંપની પ્રવૃત્તિ માટે જાણીતો છે. રાજ્ય સંચાલિત મીડિયાના અહેવાલો અનુસાર, ધરતીકંપની ઘટનામાં ઓછામાં ઓછા ૯૫ લોકોનાં મોત થયા છે અને ૧૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘણી ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે, ખાસ કરીને તિબેટના બીજા સૌથી મોટા શહેર શિગાત્સેની આસપાસના ટાઉનશીપમાં કાટમાળ નીચે ફસાયેલા બચી ગયેલા લોકોને શોધવા માટે લગભગ ૧૫૦૦ ઈમરજન્સી કામદારો દ્વારા હાલમાં બચાવ કામગીરી ચાલી રહી છે.

**તિબેટની જમીનની નીચે શું થઈ રહ્યું છે ? :**

હિમાલયની રચના કરનાર ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો વચ્ચે ચાલી રહેલી અથડામણને કારણે આ પ્રદેશ તેની ધરતીકંપની પ્રવૃત્તિ માટે જાણીતો છે. ઐતિહાસિક માહિતી સૂચવે છે કે, આ વિસ્તારમાં પાછલી સદીમાં અનેક નોંધપાત્ર ધરતીકંપોનો અનુભવ થયો છે, જેના લીધે તે વિશ્વના સૌથી ભૂસ્તરશાસ્ત્રીય રીતે સક્રિય ઝોન પૈકી એક ગણવામાં આવે છે.

આ કંપન ઉત્તર-દક્ષિણ સંકોચન અને પશ્ચિમ-પૂર્વ તણાવ હેઠળના વિસ્તારમાં લ્હાસા બ્લોકમાં ભંગાણને કારણે થયું હતું. લ્હાસા બ્લોક અથવા લ્હાસા ટેરેન, દક્ષિણ તિબેટમાં એક મુખ્ય ભૂસ્તરશાસ્ત્રીય પ્રદેશ છે, જે ઉત્તરમાં બાંગોંગ-નુજિયાંગ સિવેન ઝોન અને દક્ષિણમાં સિંધુ-યાર્લુંગ ઝાંગ્બો સિવેન ઝોનથી ઘેરાયેલો છે.

હાલમાં અહીં બચાવ કામગીરી ચાલી રહી છે, જેમાં અંદાજે ૧૫૦૦ ઈમરજન્સી કામદારો તૈનાત છે. ઓસ્ટ્રેલિયા અને પૂર્વ આફ્રિકાના ભાગોમાંથી ઉદ્‌ભવતા આ ભાગ ક્રેટેસિયસ સમયગાળા દરમિયાન યુરેશિયન પ્લેટમાં જોડાયા હતા. ક્વિઆંગટાંગ અને ટેથિયન હિમાલયન ટેરેન્સ વચ્ચે સ્થિત ભારતીય-યુરેશિયન પ્લેટ અથડામણથી ટેક્ટોનિક કંપનનો અનુભવ થાય છે. જેના લીધે ઉત્તર-દક્ષિણ સંકોચન થાય છે, જે ક્રસ્ટલ શોર્ટનિંગ અને ઉત્થાન અને પશ્ચિમ-પૂર્વ વચ્ચે તણાવનું કારણ બને છે, જેનાથી બાજુના ક્રસ્ટલનું હલનચલન થાય છે. આ પ્રક્રિયાઓ હિમાલયની રચનામાં ફાળો આપે છે અને પ્રાદેશિક ફોલ્ટ સિસ્ટમ્સ અને સિસ્મિક પ્રવૃત્તિને પ્રભાવિત કરે છે. ભૂકંપના કેન્દ્રથી લગભગ ૪૦૦ કિલોમીટર દૂર સ્થિત નેપાળની રાજધાની કાઠમંડુના રહેવાસીઓએ જોરદાર ધ્રુજારીના આંચકા અનુભવી હતી જેના કારણે ઘણા લોકો તેમના ઘરો ખાલી કરીને બહાર નીકળી ગયા હતા. જો કે, નેપાળમાંથી જાનહાનિના કોઈ તાત્કાલિક અહેવાલો પ્રાપ્ત થયા નથી, સ્થાનિક સત્તાવાળાઓ સંભવિત નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે સંસાધનો એકત્રિત કરી રહ્યા છે.

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે આ દુર્ઘટનાથી પ્રભાવિત લોકો માટે જાનહાનિ ઘટાડવા અને યોગ્ય પુનર્વસન સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરવા હાકલ કરી છે. આ પ્રદેશમાં સતત આફ્ટરશોક્સ સતત આવતા હોવાથી, અધિકારીઓ નુકસાનનું મૂલ્યાંકન કરવા અને અસરગ્રસ્ત સમુદાયોને જરૂરી રાહત આપવા માટે ખંતપૂર્વક કામ કરી રહ્યા છે.

# મધ્યપ્રદેશમાં ત્રણ ગામોના નામ બદલવા બદલ મુખ્યમંત્રીની ટીકા

(એજન્સી) તા.૭

મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન મોહન યાદવે તેમના ગૃહ જિલ્લા ઉજ્જૈનના બદનગર શહેરમાં મૌલાના પંચાયતનું નામ બદલીને વિક્રમ નગર કરી દીધું કારણ કે, તેમણે કહ્યું હતું કે, 'નામ લખતા અટકી જવાય છે'. યાદવ બદનગરમાં સીએમ રાઈઝ સ્કૂલનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા હતા, જેનું નામ તેમણે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નામ પરથી રાખ્યું હતું. કાર્યક્રમ દરમિયાન યાદવે ત્રણ પંચાયતોના નામ બદલવાની જાહેરાત કરી - ગઝનીખેડીનું નામ બદલીને ચામુંડા માતા નગર, જહાંગીરપુરનું નામ બદલીને જગદીશપુર અને મૌલાનાનું નામ બદલીને વિક્રમ નગર કરવામાં આવ્યું. ગઝનીખેડીના નવા નામની ઘોષણા કર્યા પછી મુખ્યમંત્રીએ રવિવારે કહ્યું અને ગઝનીખેડી પછી બીજું નામ ચોંટી જાય છે અને તે છે મૌલાના. યાદવે આગળ કહ્યું, 'મને સમજાતું નથી કે આ નામ સાથે ગામનો શું સંબંધ છે.' મૌલાના પંચાયત વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, આ ગામ ઉદ્યોગ સાહસિકતા માટે જાણીતું છે, જ્યાંના રહેવાસીઓએ ખાનગી ક્ષેત્રના રોકાણ સાથે પોતાની યોગ્યતાના આધારે ઔદ્યોગિક વિકાસ કર્યો છે. પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં જે મશીનો ઉપલબ્ધ નથી તે મૌલાનામાં ઉપલબ્ધ છે. આ જોઈને દિલ ખુશ થઈ જાય છે પણ જ્યારે તમે નામ લખવાની કોશિશ કરો છો ત્યારે પેન અટકી જાય છે. તેમણે આગળ કહ્યું કે, 'આ નામો શા માટે પહેલા રાખવામાં આવ્યા, અમને ખબર નથી'.

# બ્રહ્મપુત્રા ડેમના નિર્માણ અંગે પોતાના વલણનો પુનઃ ઉચ્ચાર કરતા ચીન કહે છે ડેમથી ભારત અને બાંગ્લાદેશને ફાયદો થશે

**ચીનની સરકારના પ્રવક્તાએ જ એવો ખુલાસો કર્યો છે કે ખૂબ જ વ્યાપક તેમજ ઊંડા વૈજ્ઞાનિક મૂલ્યાંકન બાદ જળશક્તિ પ્રોજેક્ટનું નિર્માણ કરવાનો બેઈજિંગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

બ્રહ્મપુત્રા નદીના ચીનના હિસ્સા તરફના પ્રચંડ પ્રવાહોને રોકી દે ત્યાં પોતાના પ્રદેશમાં બ્રહ્મપુત્રા ડેમ બાંધવાના નિર્ણય અંગે ફરી એકવાર પોતાનું વલણ ચીન દ્વારા સમજાવવામાં આવ્યું છે અને ચીન દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે બ્રહ્મપુત્રા નદીના ચીન તરફથી બાંધવામાં આવનારા ડેમથી ભારત અને બાંગ્લાદેશ બંનેને ફાયદો થશે. આફત નિવારણની કામગીરીમાં અને પૂર જેવી આપદાઓને નિયંત્રણમાં લેવામાં બંને દેશોને મદદ મળશે અને પર્યાવરણમાં પણ સુધારો કરવામાં મદદ મળશે. ચીનની સરકારના પ્રવક્તા યુઝીંગ દ્વારા એક નિવેદનમાં દર્શાવવામાં આવ્યું હતું કે ખૂબ જ સઘન રીતે અને વ્યાપક પ્રમાણમાં ઊંડું વૈજ્ઞાનિક સંશોધન અને મૂલ્યાંકન કર્યા બાદ જ બ્રહ્મપુત્રા નદી પર પોતાના પ્રદેશમાં ડેમ બાંધવાનો બેઈજિંગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. બ્રહ્મપુત્રા નદી ભારતમાં પ્રવેશે એ પહેલા ચીનમાં તેના વિશાળ વિસ્તારમાં જળ વિદ્યુત મથક બાંધવાનું ચીન દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. નિવેદનમાં મહિલા પ્રવક્તા જણાવે છે કે આ પ્રોજેક્ટથી પર્યાવરણ તથા ભૌગોલિક સ્થિતિ પર કોઈ નકારાત્મક અસર થશે નહીં અને બ્રહ્મપુત્રાના નીચલા વહેણ પર આવેલા દેશોની જળસંપત્તિ તથા એમના હિતો અને અધિકારોને લગતી કોઈ બાબતો પર નકારાત્મક અસર થશે નહીં. હકીકત એ ચીનનો ડેમ પ્રોજેક્ટ કેટલાક અંશે તો આ દેશોને પણ આપદાનું નિવારણ કરવામાં અને તે ઘટાડવામાં તથા પર્યાવરણને સુધારવામાં મદદરૂપ બનશે.

અગાઉ ભારતે બ્રહ્મપુત્રા પર ડેમ બાંધવાના ચીનના પ્રોજેક્ટ અંગે ઘણી ચિંતાઓ વ્યક્ત કરી હતી જે બ્રહ્મપુત્રના વહેણમાં પટ્ટા પર બાંધવાનું ચીનનું આયોજન છે. નવી દિલ્હીએ ચિંતા વ્યક્ત કર્યાના બે મહિના પછી ચીનની આ સત્તાવાર પ્રતિક્રિયા આવી છે. ચીન તિબેટ વિસ્તારમાં જળવિદ્યુત પ્રોજેક્ટ બાંધવાનું આયોજન કરી રહ્યું છે. આ મુદ્દા ઉપર પણ ભારતે ચીન સાથે ચર્ચા શરૂ કરી હોવાનું વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું.

# બેંગ્લુરૂના એન્જિનિયર અને તેની પત્નીએ તેમના બે અને પાંચ વર્ષના બાળકોને ઝેર આપી ફાંસો ખાઈ લીધો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૭

અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે, કર્ણાટકના બેંગ્લુરૂમાં એક દંપતી, તેમની પાંચ વર્ષની પુત્રી અને બે વર્ષના પુત્ર સહિત પરિવારના ચાર સભ્યો તેમના ઘરે મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, અનુપ કુમાર (૩૮) અને તેની પત્ની રાખી (૩૫)એ બેંગ્લુરૂમાં RMV ૨જી સ્ટેજ વિસ્તારમાં તેમના ભાડાના મકાનમાં ફાંસી લગાવતા પહેલા તેમના બાળકોને ઝેર આપ્યું હતું. પરિવારના તમામ સભ્યો ઉત્તરપ્રદેશના વતની હતા અને અનુપ છેલ્લાં બે વર્ષથી શહેરની એક ખાનગી પેઢીમાં સોફ્ટવેર કન્સલ્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. સોમવારની સવારે જ્યારે પરિવારના ઘરની કામવાળી આવી ત્યારે આ વાતની જાણ થઈ હતી. વારંવાર જવાબ મેળવવાનો પ્રયાસ કરવા છતાં અંદરથી કોઈ જવાબ મળ્યો ન હતો. ચિંતિત, કામવાળીએ પાડોશીઓને ચેતવણી આપી, જેમણે પછીથી પોલીસનો સંપર્ક કર્યો. નિવાસસ્થાનમાં પ્રવેશ્યા પછી અધિકારીઓને દંપતી અને તેમના બાળકોના મૃતદેહો મળ્યા. આ આત્યંતિક પગલું ભરવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (સેન્ટ્રલ), શેખર એચ ટેકન્નવરે કહ્યું કે તેઓએ અનુપ કુમારના સંબંધીઓને જાણ કરી છે. આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મધ્યપ્રદેશના જૈન મંદિરમાં તોડફોડ બાદ સાગરમાં તણાવ, હિન્દુ સંગઠનો પર લાગ્યો આરોપ

(એજન્સી) સાગર,તા.૭

મધ્યપ્રદેશના સાગર શહેરમાં રવિવારે કેટલાક હિંદુત્વવાદી સંગઠનના કાર્યકરોએ એક જૈન મંદિરમાં ઘૂસી જઈને તોડફોડ કરી હોવાની ઘટના બની ત્યાર પછી સાગરમાં મારે તનાવ ઉભો થઈ ગયો છે અને આજે પણ ઘટનાના બીજા દિવસે પણ ભારે વાતાવરણ ગરમાગરમ રહ્યું છે. તોડફોડનો વિડીયો જ્યારે વાયરલ થયો ત્યારથી તનાવનું વાતાવરણ ઊભું થઈ ગયું છે.

વીડિયોમાં એક ટોળું મંદિર પર પથ્થરમારો કરી રહેલું અને જય શ્રી રામના નારા પોકારી રહેલું દેખાય છે. પથ્થરમારો થતા જૈન મંદિરના બારી દરવાજાના કાચનો ભૂકો બોલી ગયો હતો અને અંદર પણ થોડું ઘણું નુકસાન થયું હતું એ વીડિયોમાં દેખાય છે. સ્થાનિક લોકોનો જણાવ્યા મુજબ હિન્દુ સંગઠનોએ આરોપ મૂક્યો છે કે જૈન સમુદાયના કેટલાક યુવાનોએ હિન્દુ મંદિરોમાં ઘૂસી તેને અપવિત્ર કર્યા હતા અને મૂર્તિઓનો પણ નાશ કર્યો હતો. હિંદુ સંગઠન હોય આરોપ મૂક્યો છે કે ૩૦ જેટલા જૈન યુવાનો કુલ દેવ મંદિરમાં ઘૂસી ગયા હતા અને નુકસાન પહોંચાડ્યું હતું. એવું કહેવાય છે કે જૈન મંદિરની જમીનને કારણે આખો વિવાદ ઊભો કરવામાં આવ્યો છે કેમ કે આ જમીન પર હિન્દુઓનો ગેરકાનૂની કબજો છે એવું કહેવામાં આવ્યું છે એટલે રવિવારે ગેરકાયદે કબજો દૂર કરાવવામાં આવી રહ્યો હતો એટલે તેને હિન્દુ મંદિરમાં તોડફોડનું રૂપ આપી દેવાજી કોશિશ કરવામાં આવી છે આ જમીન ખૂબ જ કીમતી હોવાથી અનેક તત્વોની તેના પર નજર છે. હિન્દુ સંગઠનોએ એમના તોડફોડના કામને વાજબી ઠરાવી એવું કહ્યું હતું કે અમે વળતી પ્રતિક્રિયા રૂપે આવું કર્યું છે કેમ કે હિંદુ મંદિરમાં ભારે નુકસાન થયું હતું. પોલીસ સ્ટેશન કોથવાલી સામે પણ મોટી સંખ્યામાં હિન્દુઓનું ટોળું એકઠું થઈ ગયું હતું અને દેખાવો કરી અપરાધી જૈન યુવકોની ધરપકડ કરવા માટે માગણી કરી હતી. એ લોકોએ બચાવ એવો કર્યો છે કે અમારી ઉશ્કેરણી કરવામાં આવી એટલે અમે વળતી પ્રતિક્રિયા આપી છે જૈન સમાજે અમને ઉશ્કેરી દીધા છે. એડિશનલ એસપી લોકેશન સિંહાએ જણાવ્યું હતું કે પથ્થરમારા દરમિયાન ઘાયલ થયેલા જૈન સમાજના બાબુ જે ધ્યાની ફરિયાદના આધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે અને ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મધ્યપ્રદેશમાં જૈન સમાજની વસ્તી સાડા પાંચ લાખથી વધુ છે અને મોટાભાગના એમના પ્રાચીન ધાર્મિક સ્થળો મધ્યપ્રદેશમાં જ આવે આવેલા છે.

# ઈન્ડિયા ગેટનું પુનઃ નામકરણ કરી "ભારત માતા દ્વાર" એવું નામ રાખો : પીએમ મોદીને પત્ર પાઠવીને વિનંતી કરતા ભાજપ લઘુમતી મોરચાના અધ્યક્ષ જમાલ સિદીકી

**જમાલ સિદીકીએ પત્રમાં એવો દાવો કર્યો છે કે મોગલ આક્રમણખોરો અને બ્રિટિશ લૂંટારાઓએ જે જખમ આપણને આપ્યા છે એ રૂઝવવા માટે મોદી સરકારે ખૂબ જ કામ કર્યું છે અને ગુલામી સમયના અવશેષો દૂર કરવામાં આવતા દેશ રાજી થયો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ભાજપ લઘુમતી મોરચાના અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પાઠવી ઈન્ડિયા ગેટનું નામ "ભારત માતા દ્વાર" રાખવાનો એમને અનુરોધ કર્યો છે.

પોતાના પત્રમાં જમાલ સિદ્દીકીએ એવો દાવો કર્યો છે કે મોગલ આક્રમણકારો અને બ્રિટિશ લૂંટારા હોય આપેલા ઘા રૂઝવવા માટે પીએમ મોદીના વડપણ હેઠળની સરકારે ખૂબ કામ કર્યું છે અને ગુલામીના સમયના અવશેષો દૂર કરવામાં આવતા દેશ ખુશ થયો છે. આ રીતે ઈન્ડિયા ગેટનું નામ બદલીને ભારત માતા દ્વાર કરવાથી સર્વોચ્ચ બલિદાન આપનાર અને જેમના નામો ઈન્ડિયા ગેટ પર કોતરવામાં આવ્યા છે એ તમામને અને બધા દેશભક્તોને સાચી અંજલી આપી ગણાશે. તેમણે નોંધ કરી હતી તે કે મોદી સરકારે ઔરંગઝેબ રોડનું નામ બદલીને એપીજે કલામ રોડ કર્યું છે. ઈંગ્લેન્ડના રાજા જ્યોર્જ પંચમનું પૂતળું હટાવીને સુભાષચંદ્ર બોઝનું પૂતળું લગાવ્યું જ છે તે હકીકત નોંધપાત્ર છે. રાજપથનું નામ કર્તવ્ય પથ કરવામાં આવ્યું છે જે ભારતીય સંસ્કૃતિ મુજબનું નામ છે એટલે એ જ રીતે ઈન્ડિયા ગેટનું નામ હવે ભારત માતા દ્વાર કરી દેવું જોઈએ.

# યુપીમાં મહિલા ભિખારી સાથે ભાગી ગઈ પતિ અને છ બાળકો પોલીસમાં ગયા તો મળી

(એજન્સી) તા.૭

ઉત્તરપ્રદેશના હરદોઈ જિલ્લાની ૩૬ વર્ષીય મહિલા કથિત રીતે તેના પતિ અને છ બાળકોને છોડીને એક ભિખારી સાથે ભાગી ગઈ હતી. પતિ રાજુએ ભારતીય ન્યાયિક સંહિતાની કલમ ૮૭ હેઠળ પોલીસ ફરિયાદ નોંધાવી છે, જે મહિલાના અપહરણ સાથે સંબંધિત છે. પોલીસે કેસ નોંધીને હાલ આરોપીની શોધખોળ હાથ ધરી છે. પોતાની ફરિયાદમાં ૪૫ વર્ષીય રાજુએ કહ્યું છે કે તે તેની પત્ની રાજેશ્વરી અને તેમના છ બાળકો સાથે હરદોઈના હરપાલપુર વિસ્તારમાં રહે છે. તેણે કહ્યું કે નાનો પંડિત ક્યારેક પડોશમાં ભીખ માંગવા આવતો હતો. નાના પંડિત અવારનવાર રાજેશ્વરી સાથે વાત કરતા અને તેઓ ફોન પર પણ વાત કરતા. રાજુએ આ મામલે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. રાજુએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, "૩ જાન્યુઆરી, બપોરે ૨ વાગ્યાની આસપાસ, મારી પત્ની રાજેશ્વરીએ અમારી પુત્રી ખુશ્બુને કહ્યું કે તે કપડાં અને શાકભાજી ખરીદવા બજારમાં જતી હતી, ત્યારે મેં તેને દરેક જગ્યાએ શોધ્યો, પરંતુ તે હતી મારી પત્નીએ ભેંસ વેચ્યા પછી જે પૈસા મળ્યા તે લઈને ઘર છોડી દીધું. પોલીસે કહ્યું છે કે તેઓ હવે નન્હે પંડિતને શોધી રહ્યા છે.

# કેનેડાને લાલચ આપતા ટ્રમ્પ, જો અમેરિકાનું રાજ્ય બની જાય તો કોઈપણ વેરા નહીં લેવાય

(એજન્સી) વોશિંગ્ટન, તા.૭

અંતે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ રાજીનામું આપ્યાના થોડા કલાકો બાદ જ અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડાને ફરીથી એવી લાલચ આપવામાં આવી છે કે જો કેનેડા અમેરિકાનું ૫૧મું રાજ્ય બનવા માટે તૈયાર હોય તો અમેરિકા કોઈપણ પ્રકારના વેરા લેશે નહીં. કેનેડાના વડાપ્રધાન પદેથી રાજીનામું આપવાની જસ્ટિન ટ્રુડોએ સોમવારે અગાઉ જાહેરાત કરી હતી એ પછી અમેરિકાએ આ લાલચ આપી છે.



ટ્રમ્પ જ્યારે પહેલીવાર પ્રમુખ બન્યા ત્યારે પણ કેનેડાના અમેરિકા સાથેના સંબંધો સારા રહ્યા નહોતા બલ્કે તનાવભર્યા રહ્યા હતા. પરંતુ ટ્રમ્પ લાંબા સમયથી કેનેડાને અમેરિકામાં જોડી દેવા માટે જોરદાર હિમાયત કરતા જ રહ્યા છે અને એ માટે એના સૂચનો કરતા રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગઈકાલે પણ એવી પોસ્ટ મૂકવામાં આવી હતી કે અમેરિકા હવે વધુ વેપાર ખાધ અને સબસિડી સહન કરી શકે તેમ નથી જેના પર કેનેડા પોતાની અર્થ વ્યવસ્થાનો આધાર રાખીને બેઠો છે. તેમણે એવું પણ સૂચન કર્યું હતું કે જો કેનેડાનો અમેરિકા સાથે જોડાણ કરવામાં આવે અને અમેરિકામાં તેનો વિલય કરવામાં આવે તો તમામ પ્રકારના વેરા ખતમ થઈ જશે. બીજા વેરા પણ ઘટી જશે અને ચીન તથા રશિયાના જહાજોની હાજરીમાં પણ કેનેડાને પૂરી સુરક્ષા પ્રાપ્ત થશે. આ બંને દેશો એક શક્તિશાળી દેશ બનીને બહાર આવી શકે છે એવું એમનું તારણ રહ્યું છે. જો કે કેનેડાએ ટ્રમ્પના આ સૂચનનો કોઈ જવાબ આપ્યો નથી તો બીજી તરફ કેનેડાથી થતી તમામ આયાતો પર ૨૫% વેરો લાદવાની પણ ટ્રમ્પ દ્વારા ચેતવણી આપવામાં આવેલી છે. અમેરિકાના નવા બનનારા પ્રમુખે એવી પણ ચેતવણી આપી છે કે જો કેનેડા ગેરકાયદે દવાઓનો અમેરિકામાં પ્રવાહ આવતો અટકાવશે નહીં અને ગેરકાયદે પ્રવાસીઓના પ્રવાહને રોકશે નહીં તો હજુ ભારે કરવેરા અમેરિકા લાદી શકે છે. અગાઉ અનેક પોસ્ટમાં ટ્રમ્પ કેનેડાના પીએમની મજાક પણ કરી ચૂક્યા છે અને એમને મહાન રાજ્ય કેનેડાના ગવર્નર તરીકે સંબોધન કરતા રહ્યા છે.

# NEP ૨૦૨૦માં સુધારા : UGCની શિક્ષકની ભરતીમાં ધરખમ ફેરફારની દરખાસ્ત

**UGCના ૨૦૨૫ ડ્રાફ્ટ રેગ્યુલેશન્સ ઉચ્ચ શિક્ષણમાં નોંધપાત્ર ફેરફારો રજૂ કરવામાં આવ્યા છે, જેમ કે ઉચ્ચ શૈક્ષણિક વિશેષતા પર આધારિત શિક્ષણને મંજૂરી આપવી વાઈસ-ચાન્સેલર માટેની લાયકાતમાં શૈક્ષણિક યોગદાન ધરાવતા પ્રોફેશનલ્સનો સમાવેશ કરવો ડ્રાફ્ટમાં સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, વ્યાવસાયિક સિદ્ધિઓને સ્વીકારવામાં આવી છે, પારદર્શક ભરતી પર ભાર મૂકવામાં આવ્યો છે અને ગ્રંથપાલો અને શારીરિક શિક્ષણ નિર્દેશકો માટેની લાયકાતોને અપડેટ કરવામાં આવી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)એ તેના ૨૦૨૫ નિયમોના ડ્રાફ્ટનું અનાવરણ કર્યું છે, જેમાં ઉમેદવારોને તેમની સર્વોચ્ચ શૈક્ષણિક વિશેષતાના આધારે ભણાવવાની પરવાનગી આપવા જેવા કેટલાક ગ્રાઉન્ડ બ્રેકિંગ ફેરફારો રજૂ કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, રસાયણશાસ્ત્રમાં પીએચડી ધરાવતા ઉમેદવાર, ગણિતમાં સ્નાતક અને ભૌતિકશાસ્ત્રમાં સ્નાતક હોવા છતાં, હવે રસાયણશાસ્ત્ર શીખવવા માટે લાયક બનશે. તેવી જ રીતે, જે વ્યક્તિઓ તેમના અગાઉના શૈક્ષણિક ફોકસ કરતા અલગ વિષયમાં નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (NET) પાસ કરે છે તેઓ જે વિષયમાં NET માટે લાયકાત ધરાવે છે તે વિષય શીખવી શકે છે. નવા નિયમોએ વાઈસ ચાન્સેલરની પસંદગી માટે યોગ્યતાના માપદંડોને પણ નોંધપાત્ર રીતે વિસ્તૃત કર્યા છે-ઉદ્યોગ, જાહેર વહીવટ અને નીતિ-નિર્માણ જેવા ક્ષેત્રોના વિશિષ્ટ વ્યાવસાયિકો અને શૈક્ષણિક યોગદાનનો સાબિત રેકોર્ડ, હવે આ ભૂમિકા માટે ધ્યાનમાં લઈ શકાય છે. હિતધારકોને ડ્રાફ્ટની સમીક્ષા કરવા અને તેમના પ્રતિસાદ સબમિટ કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે. સર્વસમાવેશકતા આ સુધારાઓનો બીજો પાયો બનાવે છે. નવા ડ્રાફ્ટમાં સ્પષ્ટપણે SC/ST/OBC ઉમેદવારો માટે હાલની જોગવાઈઓ સાથે આર્થિક રીતે નબળા વર્ગો (EWS) અને વિકલાંગ વ્યક્તિઓ માટે છૂટછાટનો સમાવેશ થાય છે. ભારતના ભાષાકીય વારસાને મંજૂરી આપવા માટે, તે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સાંસ્કૃતિક સંરેખણને પ્રોત્સાહન આપતા સંશોધન અને શિક્ષણમાં ભારતીય ભાષાઓના ઉપયોગને પણ પ્રોત્સાહિત કરે છે. આ સુધારાનો હેતુ ભારતભરની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષકો અને શૈક્ષણિક કર્મચારીઓ માટે ભરતી અને પ્રમોશનના માળખાને આધુનિક બનાવવાનો છે. આ સૂચિત ફેરફારો, જે ૨૦૧૮ની માર્ગદર્શિકાને બદલે છે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ સાથે



સમાવેશીતા, સુગમતા અને સંરેખણને પ્રોત્સાહન આપવાનું વચન આપે છે. ડ્રાફ્ટ બહાર પાડતા, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન, ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું: 'સુગમતા, સમાવેશને પ્રોત્સાહન આપીને અને વિવિધ પ્રતિભાઓને ઓળખીને, અમે ભારત માટે ગતિશીલ શૈક્ષણિક ભાવિ માટે માર્ગ મોકળો કરી રહ્યા છીએ,' તેમણે NEP ૨૦૨૦ના ચાલુ અમલીકરણના પ્રકાશમાં આ સુધારાઓની સમયસર પ્રકૃતિ પર ભાર મૂક્યો હતો. મુસદ્દો વ્યાવસાયિક સિદ્ધિઓને માન્યતા આપતી જોગવાઈઓ રજૂ કરીને લાયકાતોના અવકાશને પણ વિસ્તૃત કરે છે, જેમ કે નવીન શિક્ષણ પદ્ધતિઓ, ડિજિટલ સામગ્રી નિર્માણ અને સંશોધન ભંડોળમાં યોગદાન. UGC અધ્યક્ષ એમ જગદેશ કુમારે જણાવ્યું હતું કે, 'સંશોધિત નિયમો એ સુનિશ્ચિત કરે છે કે કઠોર લાયકાતોને બદલે જ્ઞાન અને સમુદાયમાં યોગદાનનું મૂલ્ય છે,' ડ્રાફ્ટ રેગ્યુલેશન્સ ભરતીમાં પારદર્શિતા અને ઉદ્દેશ્યતા પર પણ ભાર મૂકે છે. ઉદાહરણ તરીકે, અધ્યાપન હોદ્દા માટે અરજી કરતા ઉમેદવારોનું મૂલ્યાંકન સેમિનાર અથવા વ્યાખ્યાનો દ્વારા તેમના શિક્ષણ અને સંશોધનની યોગ્યતા પર થઈ શકે છે. વધુમાં, કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) હેઠળ ફેકલ્ટી પ્રમોશન હવે માતૃત્વ, બાળ સંભાળ અથવા અભ્યાસ માટે લીધેલી રજાના સમયગાળા માટે જવાબદાર રહેશે, કારકિર્દીની પ્રગતિમાં ન્યાયીપણું સુનિશ્ચિત કરશે. ડ્રાફ્ટમાં ગ્રંથપાલ અને શારીરિક શિક્ષણના નિયામક જેવા હોદ્દાઓ માટે અપડેટેડ લાયકાતની પણ રૂપરેખા આપવામાં આવી છે. ગ્રંથપાલોનું મૂલ્યાંકન હવે લાઈબ્રેરી ડિજિટાઈઝેશન અને સામુદાયિક જોડાણમાં તેમના યોગદાન પર કરવામાં આવશે, જ્યારે સ્વદેશી રમતો અને જાહેર આરોગ્ય પહેલમાં સિદ્ધિઓ શારીરિક શિક્ષણ નિર્દેશકો માટે મુખ્ય માપદંડો બનાવશે.

**ડ્રાફ્ટની મુખ્ય વિશેષતાઓ :**

- વિષયની સુગમતાઃ ઉમેદવારો અગાઉના ડિગ્રીના વિષયોણે ધ્યાનમાં લીધા વગર તેમની ઉચ્ચ શૈક્ષણિક વિશેષતાના આધારે શીખવી શકે છે, અથવા NET આધારિત વિસ્તૃત વાઈસ-ચાન્સેલર પાત્રતાઃ શૈક્ષણિક યોગદાન સાથે ઉદ્યોગ અને નીતિ નિર્માણ જેવા ક્ષેત્રોના વ્યાવસાયિકો હવે પાત્ર છે.
- સમાવેશીતા ફોકસઃ SC/ST/OBCની સાથે EWS અને PwD શ્રેણીઓ માટે છૂટછાટ, શિક્ષણમાં ભારતીય ભાષાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે.
- પારદર્શક ભરતીઃ અધ્યાપન ઉમેદવારોનું મૂલ્યાંકન વ્યવહારૂ શિક્ષણ અને સંશોધન યોગ્યતા પર કરવામાં આવશે
- વાજબી કારકિર્દી ઉન્નતિઃ પ્રમોશનમાં માતૃત્વ, બાળ સંભાળ અથવા અભ્યાસ માટે રજા ધ્યાનમાં લેવામાં આવશે.
- ઈનોવેશનને ઓળખવુંઃ માપદંડોમાં હવે શિક્ષણ નવીનતાઓ, ડિજિટલ સામગ્રી અને સમુદાય જોડાણનો સમાવેશ થાય છે.
- સંશોધિત ગ્રંથપાલ અને રમતગમતની ભૂમિકાઓઃ ડિજિટાઈઝેશન, સ્વદેશી રમતો અને જાહેર આરોગ્ય યોગદાન પર ભાર.
- પ્રેક્ટિસના પ્રોફેસરઃ મંજૂર પોસ્ટની બહાર ઉદ્યોગ નિષ્ણાતો શિક્ષણ અને સંશોધન માટે HEIમાં જોડાઈ શકે છે.
- સુધારેલ નેતૃત્વ પસંદગીઃ વાઈસ ચાન્સેલરની નિમણૂક નિષ્ણાતોની આગેવાની હેઠળની સમિતિઓ દ્વારા પારદર્શિતાની ખાતરી કરે છે.
- કડક અનુપાલનનાં પગલાંઃ નિયમોનું ઉલ્લંઘન કરતા HEIને UGC યોજનાઓ અને ડિગ્રી પ્રોગ્રામમાંથી બાકાત રાખવા જેવી સજાનું જોખમ રહેશે.

# AAP નેતાઓ મારી ઓફિસની મુલાકાત લેતા રહે છે અને મુખ્યમંત્રીએ મને મીટિંગ માટે બોલાવ્યા હતા : દિલ્હી ચૂંટણી અધિકારીના આક્ષેપો



**ન્યુઝ પોઈન્ટ**

**મતદાર યાદીમાંથી નામ કઢાવનારની વિગતો કે ઓળખ મેળવવાનો દરેક નાગરિકને હક્ક કેમ નહીં. ચૂંટણી અધિકારીઓ શરમાયા વગર કેમ ઓળખ ના આપી શકે ? શું આ મતદાર યાદીમાંથી નામ કઢાવનાર કોઈ સંસ્થા કે સંઘથી જોડાયેલા હશે ? વળી આ તો 'આપ' પક્ષ ખૂબ જ સજાગ અને ચપળ છે કે, તંત્રના કાન પકડી શકે છે, તો શું અન્ય રાજકીય પક્ષો પણ કેમ સજાગ થતા નથી ?**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

આમ આદમી પાર્ટી (AAP)ના નેતાઓએ નવી દિલ્હીની મતદારોની યાદીમાં વિસંગતતાનો આક્ષેપ કર્યા બાદ રાષ્ટ્રીય રાજધાનીમાં નવો વિવાદ ફાટી નીકળ્યો છે. હવે પ્રદેશના જિલ્લા ચૂંટણી અધિકારી (DEO)એ તેના પર પ્રતિક્રિયા આપી છે અને AAP નેતાઓ પર તેમની ઓફિસની વારંવાર મુલાકાત લેવાનો આરોપ મૂક્યો છે. DEOએ દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર લખીને કહ્યું છે કે, નેતાઓ વાંધો ઊઠાવનારાઓની અંગત વિગતો માંગી રહ્યા છે. મુખ્યમંત્રી કોઈ પણ એજન્ડાનો ઉલ્લેખ કર્યા વિના તેમને બેઠક માટે બોલાવી રહ્યા છે.

DEOએ દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર લખીને કહ્યું છે કે, આમ આદમી પાર્ટીના પ્રતિનિધિઓ વારંવાર મારા કાર્યાલયની મુલાકાત લેતા હોય છે અને વાંધો ઊઠાવનારાઓની અંગત વિગતો માંગી રહ્યા છે જે ECI માર્ગદર્શિકા મુજબ શેર કરવાનું ફરજિયાત નથી. વધુમાં GNCTDના સીએમ નિર્દિષ્ટ એજન્ડા વિના મીટિંગ માટે મને બોલાવે છે અને ભૂતકાળમાં પણ મને કોઈ એજન્ડા વિના મીટિંગ માટે બોલાવ્યો હતો, જેમાં મતદાર યાદી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

દિલ્હીની ચૂંટણીનો જંગ વધુ તીવ્ર બનતો જાય છે. આમ આદમી પાર્ટી (AAP)ના નેતાઓએ નવી દિલ્હીની મતદાર યાદીમાં વિસંગતતાનો આક્ષેપ કર્યા બાદ રાષ્ટ્રીય રાજધાનીમાં એક નવો વિવાદ ફાટી નીકળ્યો છે. હવે પ્રદેશના જિલ્લા ચૂંટણી અધિકારી (DEO)એ તેના પર પ્રતિક્રિયા આપી છે અને AAP નેતાઓ પર તેમની ઓફિસની વારંવાર મુલાકાત લેવાનો આરોપ મૂક્યો છે. તેમણે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ રાઘવ ચઢ્ઢા અને સંજય સિંહના નામ લીધા છે અને તેમના પર દબાણ લાવવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, હું મારી કચેરીને આ બાબતમાં સમજ અને માર્ગદર્શન આપવા વિનંતી કરૂં છું કે, શું મને શાસક સરકાર દ્વારા બોલાવવામાં આવેલી મીટિંગમાં હાજરી આપવાની મંજૂરી છે કે કેમ અને તે કોઈ મીટિંગ એજન્ડા વિના અથવા સત્તા દ્વારા યોગ્ય માનવામાં આવતી અન્ય કોઈપણ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી છે. તેના પર પ્રતિક્રિયા આપતા AAP સાંસદ સંજય સિંહે કહ્યું કે, DEO એ VIP નથી અને તેમની પાસે જવાબદેહી છે. તેમનું કામ ચૂંટણી પ્રક્રિયાનું ધ્યાન રાખવાનું છે. શું અમે તેમને મળી શકીએ નહીં? શું તે એવા VIP છે કે, અમે તેમને મળી શકતા નથી? જો આપણે પ્રોટોકોલની વાત કરીએ તો ડીએમનો પ્રોટોકોલ અમારા કરતા ઘણો ઓછો છે. એક સંસદસભ્ય હોવા છતાં અમે તેમના કાર્યાલયમાં ગયા હતા. તેમણે આદર આપવો જોઈએ. શું તેમને આવા નિવેદનો કરવામાં શરમ આવતી નથી ? અમે તેમને કેવી રીતે ધમકી આપી શકીએ છીએ ? શું મતદારો અને વાંધો ઊઠાવનારાઓ વિશે માહિતી માંગવી એ ધમકીભર્યું કામ માનવામાં આવે છે ? અધિકારીઓએ નમ્ર વર્તન સાથે કામ કરવું જોઈએ.

# લોકોના કામની રાજનીતિ અને અપમાનની રાજનીતિ વચ્ચેની લડાઈ છે, દિલ્હીની ચૂંટણીઓ જાહેર થતાં ભાજપ ઉપર નિશાન સાધતા કેજરીવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓની તારીખો જાહેર થઈ ગઈ છે અને ચૂંટણી પંચે કાર્યક્રમ જાહેર કર્યા બાદ આમ આદમી પાર્ટીએ ભાજપ ઉપર જોરદાર હલ્લો બોલાવી દીધો છે અને જાહેર કર્યું છે કે, કામ કરવાની રાજનીતિ અને અપમાનોની રાજનીતિ વચ્ચેની આ લડાઈ છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય વડા અરવિંદ કેજરીવાલે પૂરી તાકાત સાથે ચૂંટણી લડી લેવા તૈયાર રહેવા પક્ષના કાર્યકરોને હાકલ કરી હતી અને કહ્યું હતું કે, આપણા લોકોના કામ કરવાના રાજકારણમાં પ્રજા જરૂર વિશ્વાસ વ્યક્ત કરશે. કેમ કે આ ચૂંટણીઓ કામની રાજનીતિ અને અપમાનો તથા ખરાબ વ્યવહારની રાજનીતિ વચ્ચેની લડાઈ છે અને દિલ્હીની પ્રજા કામના રાજકારણમાં જરૂર વિશ્વાસ મૂકશે અને આપણે ચોક્કસપણે વિજય મેળવીશું.

**મુખ્યમંત્રી આતિશીએ એવો આક્ષેપ કર્યો કે, કેન્દ્ર સરકારે ફાળવણી રદ કરીને મારૂં સત્તાવાર નિવાસી સ્થાન છીનવી લીધું છે**



દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ પત્રકાર પરિષદમાં એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે ફાળવણી રદ કરીને મારો સત્તાવાર બંગલો છીનવી લીધો છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, કેન્દ્ર સરકારને જે કરવું હોય તે કરે અમે દિલ્હીની પ્રજા માટે અને તેના કલ્યાણ માટે કામ કરતા રહીશું. તેમણે મારૂં સત્તાવાર નિવાસસ્થાન છીનવી લીધું ત્યારે મેં મહિલાઓને પ્રતિ માસ રૂપિયા ૨૧૦૦ આપવાનું વચન આપ્યું અને આપણા વયો વૃદ્ધ નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવા આપવાનું પણ વચન આપ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રીએ એવું પણ જણાવ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીઓની તારીખો ચૂંટણી પંચે જાહેર કરી તેના એક દિવસ પહેલાં કેન્દ્ર સરકારે મને નિવાસી સ્થાન ખાલી કરવાની નોટિસ આપી હતી. છ ફલેગ સ્ટાફ રોડ પર મને સત્તાવાર નિવાસી સ્થાન આપવા માટેની ફાળવણી ત્રણ મહિનામાં બીજી વખત કેન્દ્ર સરકારે રદ કરી નાખી છે. આ રીતે તારીખો જાહેર થતાં જ રાજકીય નાટકીય ઘટનાઓ બનવા લાગી છે. આતિશીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, રાજકીય વેર વાળવા માટે મને અને મારા પરિવારને ભાજપ નિશાન બનાવી રહ્યો છે. અમારા મકાન ભલે છીનવી લે અને અમને કામ કરતા ભલે અટકાવવામાં આવતા હોય પણ દિલ્હીની પ્રજા માટે અને તેના કલ્યાણ માટે કામ કરવાની અમારી ભાવના અને ધગશને કોઈ અટકાવી નહીં શકે અને જો જરૂર પડશે તો હું દિલ્હીમાં મારા લોકોના ઘરે જઈને રહીશ અને ત્યાંથી કામ કરીશ અત્યારે મારૂં એ વચન છે કે, ફરીથી અમારી સરકાર બન્યા બાદ દિલ્હીને મહિલાઓને મહિલા સન્માન યોજના મુજબ દર મહિને રૂા.૨૧૦૦ આપવામાં આવશે અને દરેક પૂજારીને રૂા.૧૮,૦૦૦નું માનવ વેતન આપવામાં આવશે જ્યારે સંજીવની યોજના મુજબ દરેક વૃદ્ધ નાગરિકને મફત સારવારની સેવા આપવામાં આવશે.

# તમિલનાડુના રાજ્યપાલને અમારી સરકારને મુશ્કેલીમાં મૂકવા અને તમિલ લોકોનું અપમાન કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે : DMKના વિરોધ પ્રદર્શનમાં કનિમોઝીનો આક્ષેપ



**રાજ્યભરમાં જિલ્લા મથકોએ યોજાયેલા આ વિરોધનો ઉદ્દેશ્ય આ વર્ષના પ્રથમ વિધાનસભા સત્રમાં રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલ પ્રવચન ન વાંચવા બદલ રાજ્યપાલ રવિની નિંદા કરવાનો હતો**

(એજન્સી) ચેન્નઈ, તા.૭

ડીએમકેના ડેપ્યુટી જનરલ સેક્રેટરી કનિમોઝીએ આરોપ લગાવ્યો છે કે કેન્દ્રની ભાજપ સરકારે માત્ર ડીએમકે સરકારને મુશ્કેલીમાં મૂકવા અને તમિલોનું અપમાન કરવા માટે આરએન રવિને તમિલનાડુના રાજ્યપાલ બનાવ્યા છે. તેણીએ કહ્યું કે, ગવર્નરનો હોદ્દો રાજકારણ કરવા માટે નથી. જો રાજ્યપાલ વિધાનસભાને સંબોધવા માટે ઉત્સુક ન હોય તો તેઓ જઈ શકે છે. તેઓ રાજકારણ શા માટે રમે છે ? રાજ્યપાલને રાજકારણ કરવાની કોઈ જરૂર નથી. તેઓ રજા લઈ શકે છે અને વિધાનસભામાં હાજરી આપવાનું ટાળી શકે છે. આ વિરોધ રાજ્યભરના જિલ્લા મથકોએ પણ યોજાયો હતો અને આ વર્ષના પ્રથમ વિધાનસભા સત્રની શરૂઆતમાં રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલ પ્રવચન ન વાંચવા બદલ રવિની નિંદા કરવામાં આવી હતી. સોમવારે રાજ્યપાલ રવિએ પરંપરાગત સંબોધન વાંચ્યા વિના જ વિધાનસભામાંથી વોકઆઉટ કર્યો હતો. રાજભવને કહ્યું કે રાજ્યપાલે ભારે વ્યથામાં ગૃહ છોડી દીધું કારણ કે વિધાનસભામાં ફરી એકવાર ભારતના બંધારણ અને રાષ્ટ્રગીતનું અપમાન કરવામાં આવ્યું હતું. કનિમોઝીએ વિરોધ પ્રદર્શનમાં જણાવ્યું હતું આ ત્રીજી વખત છે જ્યારે રાજ્યપાલે વિધાનસભાનો અનાદર કર્યો છે. તેણીએ જણાવ્યું હતું કે સીએન અન્નાદુરાઈ અને એમ કરૂણાનિધિ જેવા નેતાઓ દ્વારા તૈયાર કરાયેલા ડીએમકેના સભ્યો, મુખ્યમંત્રી અને પક્ષ પ્રમુખ એમ કે સ્ટાલિનના નેતૃત્વમાં ટૂંક સમયમાં રાજ્યપાલ દ્વારા ભાજપ સરકાર દ્વારા ઊભી કરાયેલી તમામ અવરોધોને દૂર કરશે, અમારા નેતા સ્ટાલિનની ધીરજની એક મર્યાદા છે. તે દિવસ દૂર નથી જ્યારે રાજ્યપાલને પાછા મોકલવામાં આવશે. આ વિરોધમાં ભાગ લેતા, ડીએમકેના સંગઠન સચિવ આરએસ ભારતીએ આક્ષેપ કર્યો હતો કે રાજ્યપાલ રૂઢિગત પ્રવચનનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરીને રાજ્યમાં પાંચ દાયકાની પ્રથા નષ્ટ કરવા માગે છે. તેઓ વિધાનસભામાં સરકારનું પ્રવચન ન વાંચવા માટે બહાના કરી રહ્યા છે. તેમની પાસે બહિષ્કાર કરવાનું કોઈ માન્ય કારણ નથી. તે ઈર્ષ્યા કરે છે કારણ કે તેમની પાર્ટી દ્વારા શાસિત રાજ્યો તમિલનાડુ સ્ટાલિનના ડીએમકે હેઠળ તેમના જેવુ પ્રદર્શન કરી રહ્યા નથી. ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અને ધારાસભ્ય વનથી શ્રીનિવાસને રાજ્યપાલની નિંદા કરતા પોસ્ટરો લગાવવા માટે ડીએમકેની નિંદા કરી અને કહ્યું કે રાજ્યપાલની સ્થિતિને નબળી પાડવા માટે શાસક તંત્રની આદત બની ગઈ છે. શ્રીનિવાસને પત્રકારોને જણાવ્યું હતું કે, જ્યારે પણ તે વિધાનસભામાં આવે છે, ત્યારે તેઓ એવું નાટક કરવાનો પ્રયાસ કરે છે કે જાણે તે તમિલનાડુનો અનાદર કરી રહ્યા હોય. ગઈકાલે, રાજ્યપાલે રાષ્ટ્રગીત વગાડવાનો આગ્રહ કર્યો હતો. જ્યારે પણ રાજ્યપાલ આવે છે ત્યારે રાષ્ટ્રગીત ગાવામાં આવે છે. પરંતુ અહીં, ડીએમકે વિચારે છે કે તમિલનાડુની એક અલગ પ્રક્રિયા છે.

# મુઝફ્ફરનગર કોમી રમખાણોનો કેસ : પૂર્વ મંત્રી સંજીવ બલિયાન અને સાધ્વી પ્રાચી સહિત ૧૯ લોકો સામે હિન્દુ મહાપંચાયતમાં ખૂબ જ ભડકાવું અને ઉશ્કેરણીજનક ભાષણો કરવા બદલ આરોપ ઘડાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

યુપીના મુઝફ્ફરનગર શહેરમાં ૨૦૧૩માં થયેલા કોમી રમખાણોના કેસમાં અહીંની એમપી-એમએલએ અદાલતે રાજ્યના પૂર્વ મંત્રી સંજીવ બલિયાન અને સાધ્વી પ્રાચી સહિત ૧૯ અગ્રણી ચહેરાઓ સામે આરોપ ઘડવાનો આદેશ આપ્યો છે. ૨૦૧૩માં યોજાયેલી હિન્દુ મહાપંચાયતમાં ખૂબ જ ભડકાવું અને ઉશ્કેરણીજનક ભાષણો કરવાનો આ તમામ નેતાઓ પર આરોપ મૂકવામાં આવ્યો છે. જેમના પર આરોપ એટલે કે ચાર્જશીટ તૈયાર કરવામાં આવ્યું છે એ મહાનુભાવોમાં યુપીના મંત્રી કપિલ દેવ અગ્રવાલ, સાંસદ હરેન્દ્ર મલિક, પૂર્વ મંત્રી સંજીવ બલિયાન, વિશ્વ હિન્દુ પરિષદના નેતા સાધ્વી પ્રાચી, સ્વામી યતિ નરસિંહાનંદ શહીદ ૧૯ લોકો સામે આરોપનામું મૂકવામાં આવ્યું છે અને ખાસ અદાલતમાં હવે પછીની સુનાવણી ૩૦ જાન્યુઆરીના રોજ નિશ્ચિત કરવામાં આવી છે. કપિલ દેવ અગ્રવાલ ઉપરાંત પૂર્વ સાંસદ ભારતેન્દુ તેમજ પૂર્વ મંત્રી સુરેશ રાણા, શ્યામ પાલ, બિટ્ટુ શીખેડા વગેરે ઉપર પણ આરોપનામું ઘડવામાં આવ્યું છે.



# મિસ ઈન્ડિયા ફાઈનલિસ્ટ, જેણે મોડેલિંગ કારકિર્દી છોડી, પછી UPSC પરીક્ષા પાસ કરી, વૈશ્વિક મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવા IAS અધિકારી બનવાને બદલે IFS અધિકારી બનવું પસંદ કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ઐશ્વર્યા શિયોરાનની ધીરજ, મહત્વાકાંક્ષા અને પરિવર્તનની અદભૂત વાર્તા છે.૯મી તેલંગાણા NCC બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર કર્નલ અજય કુમારની પુત્રી તરીકે તે રાજસ્થાનમાં ઉછરી હતી. કૌટુંબિક સૈન્ય નૈતિકતા અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજની ભાવનાએ તેણીની પારિવારિક પૃષ્ઠભૂમિને પ્રભાવિત કરી. તેણે પોતાની આકાંક્ષાઓને આકાર આપ્યો,જોકે તેનો માર્ગ પરંપરાગત હતો. તેણીની શૈક્ષણિક તેજસ્વીતા શરૂઆતમાં ચમકી જ્યારે તેણીએ દિલ્હીની સંસ્કૃતિ શાળામાં ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષામાં ૯૭.૫% મેળવ્યા. ત્યારબાદ તેણીએ દેશની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંની એક, દિલ્હી યુનિવર્સિટીની શ્રી રામ કોલેજ ઓફ કોમર્સમાં સ્નાતકનો અભ્યાસ કર્યો. પરંતુ ઐશ્વર્યા માત્ર એક અભ્યાસી સિદ્ધિ મેળવનાર કરતાં વધુ હતી, તે બહુ પ્રતિભા ધરાવતી વ્યક્તિ હતી. કૉલેજમાં હતી ત્યારે, ઐશ્વર્યાએ હાઈ-પ્રોફાઈલ બ્યુટી પેજન્ટ્સમાં સ્પર્ધા કરીને, મોડેલિંગ માટેના તેના જુસ્સાની શોધ કરી.



તેણીની સિદ્ધિઓમાં ૨૦૧૪માં મિસ ક્લીન અને ક્લિયર ફેશ ફેસ જીતવું, ૨૦૧૫માં મિસ દિલ્હીનો તાજ પહેરવો અને ૨૦૧૬માં મિસ ઈન્ડિયા સ્પર્ધામાં ફાઈનલિસ્ટ બનવાનો સમાવેશ થાય છે. ફેશનની ગ્લેમરસ દુનિયામાં આશાસ્પદ ભવિષ્ય સાથે, તે એક એવા સ્થાન પર હતી જ્યારે ભાગ્ય એ તેના માટે કંઈક જુદું જ વિચાર્યું હતું. તેણીએ ૨૦૧૮માં IIM ઈન્દોર માટે ક્વોલિફાય કર્યું, પરંતુ તે ઓફરને પણ નકારી દીધી. તેના બદલે, તેણીએ તેણીની પ્રતિભાને જાહેર સેવામાં મૂકવાનું નક્કી કર્યું. ૧૦ મહિના સુધી, ઐશ્વર્યાએ કોઈ કોચિંગ વગર,સ્વ-અભ્યાસ માટે પોતાની જાતને સમર્પિત કરી, અને UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષામાં તેના પ્રથમ પ્રયાસમાં ટોચનું સ્થાન મેળવ્યું. ૯૩મો ક્રમ પ્રાપ્ત કરીને, તેણીએ બતાવ્યું કે, જ્યાં સુધી સખત મહેનત અને શિસ્તનું પાલન કરવામાં આવે છે, ત્યાં સુધી સફળતા હાંસલ કરી શકાતી નથી. આજની તારીખે, ઐશ્વર્યા શિયોરન વિદેશ મંત્રાલયમાં ભારતીય વિદેશ સેવા (IFS) અધિકારી છે. સૌંદર્યનો ખિતાબ જીતવો અને વિશ્વ મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવું તેના સંકલ્પ અને દેશની સેવા કરવાની ઈચ્છા દર્શાવે છે. તેણી ખરેખર સખત મહેનત અને કોઈના સ્વપ્નને અનુસરવાની હિંમતનું પ્રતીક છે, પછી ભલે તે ગમે તેટલા અલગ હોય.

# શિક્ષિકા તરીકે કામ કરતી હતી, પછી ૩૨,૦૦૦ રૂપિયાનો બિઝનેસ શરૂ કર્યો, હવે ૭.૪ અબજ ડોલરની સાથે રશિયાની સૌથી ધનિક મહિલા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, ઈ-કોમર્સ જાયન્ટ વાઈલ્ડબેરીઝની પાછળની ઉદ્યોગસાહસિક તાત્યાના બકાલચુક, ૭.૪ અબજ ડોલર (૬૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ)ની અંદાજિત સંપત્તિ સાથે રશિયામાં સૌથી ધનિક સ્વ-નિર્મિત મહિલા છે. એમેઝોનની સરખામણીમાં પ્રખ્યાત રીતે વાઈલ્ડબેરીઝ રશિયાના સૌથી મોટા ઓનલાઈન રિટેલર તરીકે પરિપક્વ થઈ છે, કપડાં, ઈલેક્ટ્રોનિક્સ અને ઘરગથ્થુ સામાનના સેગમેન્ટમાં ૬૦,૦૦૦થી વધુ બ્રાન્ડ્સનું મર્ચન્ડાઈઝિંગ કરે છે. તાત્યાનાને ૨૦૦૪માં સાધારણ શરૂઆતથી સફળતા મળી. પૂર્વ અંગ્રેજી શિક્ષકે પ્રસૂતિ રજા દરમિયાન તેના પરિવારને ટેકો આપવા માટે માત્ર ૩૨,૦૦૦ રૂપિયા સાથે પોતાનું સાહસ શરૂ કર્યું. તેણીના IT-પ્રોફેસર પતિ વ્લાદિસ્લાવ બકાલચુક અને તેના મિત્ર સાથે ભાગીદારી કરીને તેણીએ તેમના નાના એપાર્ટમેન્ટમાંથી એક ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કર્યું. શરૂઆતમાં, તેણી જર્મન રિટેલર ઓટ્ટો સાથે જોડાયેલી હતી



અને કપડાંની ઓનલાઈન ફોટોગ્રાફી અને સૂચિબદ્ધ કરતી હતી, પોતે લોજિસ્ટિક્સ કરતી હતી અને ડિસ્પેચ માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરતી હતી. તે સમયે કર્મચારીઓની સંખ્યા ૪૮,૦૦૦થી વધુ લોકો અને ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર જણાવે છે. તાત્યાના ૯૯% કંપનીની માલિકી ધરાવે છે અને બાકીનો ૧% તેના પતિનો છે. પ્લેટફોર્મ હવે રશિયાથી આગળ જર્મની, ઈટાલી અને ફ્રાન્સ જેવા સ્થળોએ કાર્યરત છે. તેણી પાસે નસીબ હોવા છતાં તાત્યાના મોટાભાગે પૃષ્ઠભૂમિમાં રહે છે, ભાડાના ઘરમાં રહે છે અને લોકોની નજરથી દૂર રહે છે. તેણીની વાર્તા તકો લેવાની નિશાની અને બહાદુર નિર્ણયોની શ્રેણી છે. તેણીએ ૨૦૦૮ની નાણાકીય કટોકટી દરમિયાન પ્રથમ તક ઝડપી લીધી હતી જ્યારે તેણીએ ક્રેડિટ પર ૯ લાખ રૂપિયાની ન વેચાયેલી એડિડાસ ઈન્વેન્ટરી ખરીદી હતી અને આગામી બે વર્ષમાં તેનું વેચાણ કર્યું હતું. ૨૦૨૦માં રોગચાળાને પ્રતિસાદ આપતા, તેણીએ સમયસર હોમ ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે ૧૨,૦૦૦ વધારાના કામદારોની ભરતી કરી, જેનાથી તેણીની કંપનીના વિકાસને વેગ મળ્યો. તાત્યાનાના વ્યવસાયના જાણકારે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની રુચિ આકર્ષિત કરી, જેમણે તેણીને આંતરરાષ્ટ્રીય SWIFT ચુકવણી નેટવર્ક માટે સ્થાનિક વિકલ્પ બનાવવાનું કાર્ય સોંપ્યું. એક નાના ઉદ્યોગસાહસિકથી વૈશ્વિક વ્યાપારી નેતા સુધી જતા, તાત્યાના બકાલચુકની વાર્તા નિશ્ચય, સ્થિતિસ્થાપકતા અને ગણતરીપૂર્વકનું જોખમ લેવાની શક્તિ વિશે જણાવે છે.

### વીજ વાયર અડી જતાં ચાર વ્યક્તિને કરંટ લાગ્યો

# ભડિયાદ પગપાળા જઈ રહેલા લોકોનો સામાન લઈને નીકળેલી ટ્રક સળગી ઊઠી : બેનાં મોત

અમદાવાદ,તા.૭

પીર શહીદ હઝરત મહેમુદશાહ બુખારી (ર.અ.)ના ઉર્સ શરીફની ઉજવણી નિમિત્તે દર વર્ષે અમદાવાદથી પગપાળા ભડિયાદ જવા મેદની રવાના થાય છે. ત્યારે ભડિયાદ પગપાળા જઈ રહેલા લોકોનું સામાન લઈને નીકળેલી ટ્રક ફેદરા ગામ પાસે વીજ વાયરને અડતા સળગી ઉઠી હતી. જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ચાર વ્યક્તિને કરંટ લાગતા તેઓને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે બે વ્યક્તિઓને મૃત જાહેર કર્યા હતા. જયારે અન્ય એક ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યું છે. હાલ ચાલી રહેલા ભડિયાદના ઉર્સને લઈ ભડિયાદ પગપાળા જવા મેદની રવાના થઈ છે. ત્યારે આ લોકોના સામાન લઈને ટ્રક નીકળી હતી. રસ્તામાં ફેદરા ગામ પાસે ૪૦૭ નંબરનું ટ્રક સાઈડમાં પાર્ક કરવા જતા વીજ વાયર અડી જતા મેદની સાથે ટ્રકમાં રહેલ ચાર લોકોને ભયંકર કરંટ લાગ્યું હતું. ચારેય લોકોની હાલત ગંભીર હોવાથી તેમને ધંધુકા સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ખાતે જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોકટરે બે લોકોને મૃત જાહેર કર્યા હતા. અન્ય બે વ્યકિતઓને પ્રાથમિક સારવાર આપી એક વ્યકિતને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યું છે. મેદનીમાં ચાલતા તથા વાહન લઈને આવતા લોકોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે સાવચેતી સાથે તેઓ તેમજ તેમના વાહન રોડની સાઈટ પર ઉતારવામાં તકેદારી રાખે. આ કરંટ લાગવાની ઘટનાને લઈ શોકની લાગણી પ્રસરી જવા પામી છે. લોકોમાં આ ઘટનામાં કરંટ લાગેલ ચાર પૈકી ત્રણ વ્યકિતઓના નામ (૧) હસનૈન મુસ્તાકમિયાં ખલીફા (ઉ.વ.૨૧), (૨) સુલતાનાબીબી જહીરમિયાં પઠાણ (ઉ.વ.૩૬) તથા (૩) મુસ્તકીમ ઐયુબમિયાં શેખ હોવાનું જાણવા મળ્યું છે. યાત્રાળુઓ બાલાશિનોર બાજુના હોવાનું સામે આવ્યું છે.



**મેદનીમાં વાહન લઈને આવતા લોકોને તકેદારી રાખવા અપીલ**

### અમરેલી લેટરકાંડ મામલે યુવતીના ગંભીર આક્ષેપ બાદ પોલીસ ચિંતામાં

# રાત્રિના સમયે યુવતીને મેડિકલ ચેકઅપ માટે લઈ જઈ રહેલી પોલીસની ગાડીઓને ધાનાણીએ રસ્તામાં રોકી

## પરેશ ધાનાણીએ કહ્યું - જે કાંઈ કાયદાકીય પ્રોસિજર કરવાની હોય તે માટે સવારે લઈ જજો અત્યારે તેમને આદર સન્માન સાથે ઘરે મૂકીને આવો

(સંવાદદાતા દ્વારા)

અમરેલી,તા.૭

અમરેલી ભાજપના ધારાસભ્ય વેકરીયાના લેટર કાંડ મામલો વધુ ચર્ચામાં આવી રહયો છે આ ઘટનામાં આરોપી તરીકે રહેલ પાયલ ગોટી જેલમાંથી જામીન ઉપર છૂટ્યા હતા. પાયલે પોલીસ ઉપર માર મારવાના ગંભીર આક્ષેપો કર્યા બાદ એસપી દ્વારા ગઈકાલે સીટની રચના કરી હતી જેથી સીટની ટીમે પાયલના ઘરે જઈ નિવેદનો લઇ મેડિકલ ચેકઅપ માટે રાત્રિના સમયે પોલીસની ગાડીઓમાં લઈ જતા તે સમયે વિરોધ પક્ષના પૂર્વ નેતા પરેશ ધાનાણીએ પોલીસની ગાડીઓ રસ્તામાં રોકાવી અને જણાવ્યું હતું કે આ દીકરીને રાત્રિના સમયે તમે ક્યાં લઈ જાવ છો તમે ડરાવી ધમકાવી સત્ય ઉપર પડદો પાડવા માંગો છો જેથી પોલીસે કહ્યું હતું કે અમે પાયલના ભાઈ અને બહેન સાથે તેમના પરિવાર ની સહમતીથી મેડિકલ ચેકઅપ માટે સિવિલ હોસ્પિટલે લઈ જઈએ છીએ જેથી ધાનાણીએ ફરજ પરના પોલીસ અધિકારીઓને જણાવ્યું હતું કે આપને મેડિકલ ચેકઅપ માટે લઈ જવા હોય તો સવારે લઈ જજો અને જે કાંઈ કાયદાકિય પ્રોસિજર કરવાની હોય તે કરજો પરંતુ અત્યારે તેમને આદર સન્માન સાથે ઘરે મૂકીને આવો જેથી પોલીસ ફરજ પરના અધિકારીઓ દ્વારા થોડી રકજક થવા પામી હતી પરંતુ રાત્રીનો સમય હોવાથી ફરી કોઈ કાંડ ન સર્જાય તે માટે પોલીસ પણ યુવતીને ઘરે મૂકી આવ્યા હતા જયારે પોલીસ ઉપર માર મારવાના ગંભીર આક્ષેપો પાયલ ગોટી એ કર્યા છે ત્યારે પોલીસ પણ પોતે નિર્દોષ હોવા માટે મેડિકલ ચેકઅપ માટે પાયલને લઈ જઈ રહી હતી. ત્યારે વિરોધ પક્ષના પૂર્વ નેતા પરેશ ધાનાણીએ રાત્રિના સમયે પાયલ ગોટીને રસ્તામાં જ પોલીસની ગાડીઓ રોકાવી ગાડીમાંથી ઉતારી લઈ જવા દીધેલ ન હતા. આ અંગે ધાનાણીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે આ સમગ્ર મામલે ભાજપના નેતાઓ સામે આંગળી ચિંધાઈ રહી છે ત્યારે સત્ય ઉપરથી પડદો પાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે જ્યારે પોલીસે પણ આ મામલે જણાવ્યું હતું કે પાયલ ગોટીને જ્યારે કોર્ટમાં રજૂ કરવામાં આવેલ ત્યારે કોર્ટ દ્વારા પૂછવામાં આવ્યું હતું કે તમને પોલીસ દ્વારા કોઈ ગેરવર્તન હોય અથવા તેમની સામે કોઈ ફરિયાદ હોય તો જણાવવા કહ્યું હતું પરંતુ પાયલ ગોટીએ કોર્ટમાં પોલીસ સામે કોઈ ફરિયાદ કે ગેરવર્તન નહીં હોવાનું જણાવ્યું હતું પરંતુ પોલીસના જણાવ્યા મુજબ પાયલ ગોટી જેલમાંથી છૂટ્યા બાદ બે રાજકીય નેતાઓ સાથે મીટીંગ થયેલ હોય અને ત્યારબાદ પોતાના પોલીસ સમક્ષ માર મારવાના આક્ષેપ કર્યા હોવાનું જાહેર કર્યું હતું જેથી પાયલ ગોટી વારંવાર પોતાનું નિવેદન બદલી રાજકીય આટીઘુટી ફસાઈ ગઈ હોવાનું પણ લોકચર્ચામાં સાંભળવા મળી રહ્યું છે અત્રે ઉલ્લેખનીય છે કે પરેશ ધાનાણીએ ૨૪ કલાકમાં પાયલ ગોટીને માર મારવાના બનાવામાં પોલીસ સામે ડીસમિસ કે સસ્પેન્ડ જેવી કાર્યવાહી નહીં થાય તો ૨૫મી કલાકે તેઓ ધરણા ઉપર બેસે તેવો નિવેદન આપ્યું હતું જેથી રાજકીય આટીઘૂટી વચ્ચે પોલીસ પણ ફસાઈ ગઈ હોઈ અને સુડી વચ્ચે સોપારી બની ગયેલ હોય તેવું લાગી રહ્યું છે.

### શાહીબાગ વિસ્તારમાં થયેલી હત્યાનો નવો ખુલાસો

# ગાર્ડનમાં પરણિત પ્રેમિકાની હત્યા કર્યા બાદ પ્રેમીએ રિવરફ્રન્ટ બ્રિજ પરથી ઝંપલાવી આત્મહત્યા કરી

## ગાર્ડન પાસે આવેલી લાઈબ્રેરીમાં જ પ્રેમી PSIની પરીક્ષાની તૈયારી કરતો હતો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

શહેરના શાહીબાગ વિસ્તારમાં નમસ્તે સર્કલ પાસે ગાર્ડનમાં યુવતીની હત્યા કરવામાં આવી હતી. જેમાં નવો ખુલાસો સામે આવ્યો છે. આ ઘટનામાં પ્રેમીએ પરણિત પ્રેમિકાની હત્યા કરી હતી. આ પ્રેમિકાની હત્યા કરી બાઈક પર વાડજ પાસે રિવરફ્રન્ટ પરથી પ્રેમીએ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ૨૪ વર્ષીય પ્રેમી કૌશિક મકવાણાએ પ્રેમિકાની હત્યા કર્યા બાદ આત્મહત્યા કરી હતી. જેમાં પ્રેમી કૌશિક મકવાણા પીએસઆઈની પરીક્ષાની તૈયારી કરતો હતો. ગાર્ડન પાસે આવેલી લાઈબ્રેરીમાં જ પ્રેમી તૈયારી કરતો હતો. ત્યારે હત્યા કરનાર પ્રેમીએ ૫ વાગ્યા આસપાસ નદીમાં ઝંપલાવ્યુ હોવાનું સામે આવ્યું છે. તેણે દધિચી બ્રિજ પરથી સાબરમતી નદીમાં પડતું મૂક્યું હતું. આ ઘટનાની જાણ તંત્રને થતા ફાયર બ્રિગેડ ત્યા પહોંચી આવી હતી. અને મૃતદેહ કાઢી પોલીસને સોંપવામાં આવ્યો હતો. જે તપાસમાં મૃતક કૌસિક કનુભાઈ મકવાણા (ઊં. ૨૦થી ૨૫ આશરે) હોવાનું અને જુગલદાસની ચાલી. ઈદગાહ પાસેનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

### ગુજરાતને મળ્યા ૩૭ નવા DySP

## ૨૫ પુરૂષ તથા ૧૨ મહિલા અધિકારીઓને પોસ્ટિંગ અપાઈ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૭

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા સીધી ભરતીના નાયબ પોલીસ અધિક્ષક DySP (બિનહથિયારી), વર્ગ-૧ને પોસ્ટિંગ ઓર્ડર આપ્યા છે. DySP (બિનહથિયારી), સંવર્ગમાં અજમાયશી ધોરણે નિમણૂક પામેલા વર્ષ ૨૦૧૭, ૨૦૨૧ અને ૨૦૨૨ની બેચના ૩૭ અધિકારીઓને પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. જેમાં અજમાયશી અધિકારીઓની તાલીમનો સમયગાળો પૂર્ણ થયો હોય અને નાયબ પોલીસ અધિક્ષક (બિનહથિયારી), વર્ગ- તરીકે રાજ્યના અલગ અલગ જિલ્લા - શહેર વિસ્તારમાં નિમણૂક આપવામાં આવે છે. ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવેલા આદેશમાં સૌથી વધુ નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી./એસ.ટી. સેલ અને નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક ખાતે પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. રાજ્યમાં જિલ્લામાં પોલીસ વિભાગમાં ઘણા સમયથી એસ.સી./એસ.ટી સેલમાં જગ્યાઓ ખાલી હતી અને અધિકારીઓની નિમણૂક કરવામાં આવી ન હતી. પરંતુ રાજ્યમાં નવી ભરતીમાં નિયુક્ત થયેલા અધિકારીઓને આ જગ્યાઓ પર પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. કુલ ૩૭ અધિકારીઓમાંથી ૨૫ પુરુષ અધિકારીઓ અને ૧૨ મહિલા અધિકારીઓ હવે DySP તરીકે ફરજ પર બજાવશે. હુકમ પ્રમાણે આ અજમાયશી અધિકારીઓ પૈકી જે અધિકારીઓની તાલીમ હાલ ચાલુ છે તેવા અધિકારીઓને તાલીમ પૂર્ણ થયા બાદ આદેશ મુજબની જગ્યા પર હાજર થવા છૂટા કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય અધિકારીઓને નવી જગ્યાએ હાજર થવા તાત્કાલિક અસરથી છુટા કરવાના રહેશે.

### BZ ગ્રુપના કરોડો રૂપિયાના કૌભાંડનો મામલો

# CID ક્રાઈમે હિસાબનીશ નરેશની કરી ધરપકડ, ભૂપેન્દ્ર સિંહને જેલમાં ધકેલાયો

## રિમાન્ડ માંગવામાં ન આવતા કોર્ટે ઝાલાને જ્યુડિશિયલ કસ્ટડીનો હુકમ કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૭

ગુજરાતમાં ચર્ચાસ્પદ બનેલા BZ ગ્રુપ કૌભાંડમાં CID ક્રાઈમે વધુ એક મહત્વની કામગીરી કરી છે. કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ બાદ હવે કૌભાંડનો હિસાબ રાખનાર નરેશને પણ ઝડપી લેવામાં આવ્યો છે. નરેશની ધરપકડ સાથે કૌભાંડમાં થયેલા હિસાબોના ગોટાળાનો વધુ ખુલાસો થવાની શક્યતા છે. CID હવે નરેશ પાસેથી કૌભાંડના પૈસા ક્યાં ખર્ચવામાં આવ્યા હતા તે અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરશે.

BZ કૌભાંડના આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાના રિમાન્ડ પૂર્ણ થતા ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ભૂપેન્દ્રસિંહ ઝાલાના ફરી રિમાન્ડ માંગવામાં ના આવતા કોર્ટે જ્યુડીશિયલ કસ્ટડીનો હુકમ કર્યો હતો. મહત્ત્વપૂર્ણ છે કે ગુજરાતમાં BZના ૬૦૦૦ કરોડના કૌભાંડની CID ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. BZ ગ્રુપના કરોડો રૂપિયાનું કૌભાંડ મામલે એક એજન્ટ સહિત મ્ઢના સ્ટાફ સાથે CID ક્રાઈમે ૭ આરોપીઓની ધરપકડ કરી છે. મુખ્ય એજન્ટ મયુર દરજી, વિશાલસિંહ ઝાલા, દિલીપ સોલંકી, આશિક ભરથરી, સંજય પરમાર, રાહુલ રાઠોડ, રણવીરસિંહ ચૌહાણની ધરપકડ થઇ ચુકી છે.

ધરપકડ બાદ પૂછપરછમાં ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે કબૂલ્યું છે કે તે ટૂંક સમયમાં રાજનીતિમાં પ્રવેશ કરવા માંગતો હતો અને આ કૌભાંડને આટોપાઈને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યો હતો. તેણે અનેક રાજનેતાઓ સાથેના સંબંધોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે તે ભાજપના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડવા માંગતો હતો અને આ માટે તેણે લોકસભા ચૂંટણીમાં સાબરકાંઠા બેઠક પરથી અપક્ષ ઉમેદવારી પણ નોંધાવી હતી.

BZ ગ્રુપે ૧૧ હજાર લોકો પાસેથી રોકાણ લઈને ૬૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યું હતું. ભૂપેન્દ્રસિંહ ઝાલા અને તેના સાગરીતોએ લોકોને વધુ વ્યાજ આપવાની લાલચ આપીને પૈસા ઉઘરાવ્યા હતા. CID ક્રાઈમે આ કૌભાંડમાં સંડોવાયેલા તમામ લોકો સામે કાર્યવાહી કરવાનું શરૂ કર્યુ છે. હાલમાં CID ઝાલા અને નરેશ પાસેથી વધુ માહિતી મેળવી રહી છે.

### કૌભાંડની તપાસમાં એક બાદ એક ખુલાસાઓ

# AMC ભરતી કૌભાંડ આરોપીએ માર્કસ વધારવા ઉમેદવારો પાસેથી પાંચ લાખથી વધુની રકમ માંગી હતી

## નળ સરોવર નજીક મિત્રો સાથે ભાગીદારીમાં આરોપીએ ઝીંગાનું ફાર્મ ખરીદ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

AMC ભરતી કૌભાંડ મામલે એક બાદ એક ખુલાસો થઈ રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈજનેર વિભાગમાં સહાયક ટેકનિકલ સુપરવાઈઝર ભરતી કૌભાંડમાં આરોપી પુલકિત સથવારાની કારંજ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, આરોપી પુલકિત સથવારાએ ત્રણેય ઉમેદવાર પાસેથી રૂપિયા પાંચ લાખથી લઈને આઠ લાખ સુધીની રકમ માગી હતી. આરોપી પુલકિતે નળ સરોવર નજીક એક ઝીંગાનું ફાર્મ હાઉસ મિત્રો સાથે ભાગીદારીમાં અંદાજે રૂપિયા ૮૮ લાખની આસપાસ ખરીદ્યું હતું. જે ફાર્મ હાઉસમાં મિત્રોને તેને પૈસા આપવાના હતા. ૧૨ જેટલા મિત્રોને તેને પૈસા આપવાના હોવાના કારણે પૈસાની જરૂરિયાત ઊભી થતા તેણે ઉમેદવારો પાસેથી રકમ માગી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી અનુસાર આરોપી પુલકિત સથવારાએ ત્રણેય ઉમેદવારો પાસેથી પાંચ લાખથી લઈ આઠ લાખ રૂપિયા સુધીની રકમ લઈ અને તેમના માર્કર્સમાં સુધારો કરી ગેરકાયદેસર રીતે તેઓને નિમણૂક આપી દીધી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટ્રલ ઓફિસ ખાતે છેલ્લા ૧૨ વર્ષથી પરીક્ષામાં આરોપી પુલકિત કામગીરી કરતો હતો. કોઈપણ પરીક્ષાની ભરતી અને તેમાં ક્યારે અધિકારીઓ શું તપાસે છે તેની તમામ માહિતી પુલકિત પાસે હોવાથી તેણે આ સમગ્ર કૌભાંડ ધ્યાન બહાર જાય તે રીતે કર્યું હોવા અંગેની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, રાજયની સૌથી મોટી મહાનગરપાલિકા એવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સહાયક ટેકનિકલ સુપરવાઇઝરની પરીક્ષામાં ત્રણ ઉમેદવારોના માર્કસમાં ફેરફાર કરીને ગેરકાયદે રીતે નોકરીમાં ભરતી કરવાના કૌભાંડ મામલે મોટો ખુલાસો થયો છે. ત્રણમાંથી બે મહિલા ઉમેદવાર મ્યુનિસિપલ કોર્પોરેશનના ચાલુ કર્મચારી અને પૂર્વ કર્મચારીના સંબંધી હોવાનું સામે આવ્યું છે. મ્યુનિ. સૂત્રો મુજબ ઉમેદવારે મ્યુનિસિપલ કમિશનરને લખેલા પત્રમાં ઉમેદવારનાં માર્કસ વેરીફાઈ કરવા માટે જાણ કરવામાં આવી હતી. જેમાં ઉમેદવાર તમન્નાકુમારી પટેલના પિતા મ્યુનિ. કોર્પોરેશનના ઉત્તર ઝોનના ઈન્ડિયા કોલોની વોર્ડમાં પબ્લિક હેલ્થ સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે. જ્યારે અન્ય ઉમેદવાર યુવતી મોનિકા લિંબાચિયા જે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર તરીકે રહી ચૂકેલા પ્રકાશ લિંબાચિયાના પરિવારના પુત્રવધુ હોવાનું પણ સામે આવ્યું છે.

### ખેડા જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં બળવાખોરી કરનાર

# માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સામે પગલાં ભરવા તાલુકા ભાજપ સંગઠનની માંગ

## વહેલી તકે પગલાં નહીં ભરાય તો તાલુકા ભાજપના હોદ્દેદાર તેમજ કાર્યકરોની સામૂહિક રાજીનામાની ચીમકી

નડિયાદ, તા.૭

ખેડા જિલ્લા સહકારી સંઘના આજે બહાર પડેલા પરિણામમાં માતર તાલુકા બેઠક પર ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ જેસંગભાઈ એ ભાજપના ઉમેદવારની સામે ઉમેદવારી નોંધાવી હતી આજે તેમનો ભવ્ય વિજય થયો છે તેને લઈને તાલુકાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે આજે માતર તાલુકા ભાજપ સંગઠનના લોકોએ ખેડા જિલ્લા ભાજપ કાર્યાલયમાં આવીને વહેલી તકે ભાજપ વિરુદ્ધ કામ કરનાર કેસરીસિંહ જેસંગભાઈ સામે પગલાં ભરવા માંગ કરી છે નહીં તો તમામ લોકો સામૂહિક રાજીનામાં આપી દેશે તેવી ધમકી પણ ઉચ્ચારી છે ખેડા જિલ્લા સરકારી સંઘમાં માતર તાલુકા બેઠક પર ભાજપના માતરના પૂર્વ ધારાસભ્ય સોલંકી કેસરીસિંહ જેસંગભાઈ (રહે.લીબાસી)એ ભાજપના મેન્ડેટ ઉમેદવાર પરમાર ભગવતસિંહ કાળીદાસ (રહે.માતર) સામે ઉમેદવારીનોંધાવી હતી તેને લઈને તાલુકા ભાજપમાં હલચલ મચી ગઈ હતી જોકે ભાજપના ટોચના નેતાઓએ આ ચૂંટણીમાં ભાજપ સામે થનાર ને હરાવીને તેને કટ ટુ સાઈડ કરવાની પહેરવી શરૂ કરી હતી અને તમામ પ્રયત્નો કર્યા પરંતુ ભાજપની કારી ફાવી નહીં અને ભાજપના ઉમેદવાર ભગતસિંહ હારી ગયા આજે બહાર પડેલા પરિણામ બાદ માતા તાલુકા ભાજપ સંગઠનમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો અને આજે તમામ લોકો ભેગા થઈને જિલ્લા ભાજપ કાર્યાલય આવ્યા હતા અને જિલ્લા ભાજપના પ્રમુખને રજૂઆત કરી હતી આ રજૂઆતમાં જણાવ્યું હતું કે ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ અગાઉ પણ માતર એપીએમસીમાં ભાજપ વિરૂદ્ધ કામગીરી કરી હતી છતાં પણ પક્ષે તેની સામે કોઈ પગલાં ભર્યા નથી તેના કારણે તેમની હિંમત ખુલી ગઈ અને ખેડા જિલ્લા સહકારી સંઘમાં પણ તેમણે ઉમેદવાર નોંધાવી હતી તેના કારણે ભાજપના ઉમેદવાર ની હાર થઈ છે છતાં પણ તેમની સામે કોઈ પગલાં ભર્યા નથી વહેલી તકે તેમની સામે કોઈ પગલાં નહીં ભરાય તો ના છૂટકે તાલુકા ભાજપના હોદ્દેદાર તેમજ કાર્યકરો સામૂહિક રાજીનામાં આપી દેશે તેવી પણ આ રજૂઆતમાં ચીમકી ઉચ્ચારવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે માતર તાલુકા ભાજપમાં આજના પરિણામો બાદ ભારે હલચલ મચી છે કેસરી સિંહએ પોતાની લીટી લાંબી કરતા આવનાર સમયમાં ભાજપ માટે આ કેસરી સિંહ ભારે પડશે તેવું દેખાય છે.

### ગુજરાત મુસ્લિમ ધોબી સમાજના પ્રમુખ દ્વારા

# મુસ્લિમ ધોબી સમાજના શૈક્ષણિક તથા આર્થિક હિત માટે રાજ્યમંત્રીને રજૂઆત કરાઈ

## S.E.B.C. અને E.W.S.ના લાભોમાં સમાનતા લાવવા અપીલ

અમદાવાદ, તા.૭

ગુજરાતના મુસ્લિમ ધોબી સમાજના શૈક્ષણિક અને આર્થિક હિત માટે S.E.B.C. અને E.W.S.ના લાભોમાં સમાનતા લાવવા બાબતે ગુજરાત મુસ્લિમ ધોબી સમાજના પ્રમુખ સરફાઝ કાલુભાઈ શેખ દ્વારા ગુજરાતન રાજ્યમંત્રી ભાનુબેન બાબરિયાને રજુઆત કરવામાં આવી છે. આજે ગાંધીનગર મુકામે ભાનુબેન બાબરિયા (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી) અને ભીખુસિંહ પરમાર (રાજય કક્ષાના મંત્રી, ગુજરાત સરકાર)ને ગુજરાત મુસ્લિમ ધોબી સમાજના પ્રમુખ સરફરાઝ કાલુભાઈ શેખ તેમજ સમાજના આગેવાનોએ રૂબરૂ મુલાકાત કરી મુસ્લિમ ધોબી સમાજના શૈક્ષણિક અને આર્થિક હિત માટેના મહત્ત્વના મુદ્દાઓ મૂકવામાં આવ્યા હતા.

તેઓ દ્વારા હિંદુ અને મુસ્લિમ ધોબી સમાજ માટે SEBC યાદીમાં સ્પષ્ટ ઉલ્લેખ લાવવા માંગ કરાઈ, જેથી બંને સમુદાયોને સમાન લાભ પ્રાપ્ત થાય, ગરીબી રેખા નીચે આવેલા પાત્ર કુટુંબોને E.W.S.ના લાભો મળવા માટે તાત્કાલિક ઠરાવની માંગ કરી. સમગ્ર રાજયમાં મુસ્લિમ ધોબી સમાજના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વિશેષ સર્વેક્ષણ કરાવવામાં આવે તેવી રજૂઆત કરી હતી. પ્રમુખએ જણાવ્યું હતું કે, ધોબી સમાજે વર્ષોથી રાજયના વિકાસમાં મોખરાનું યોગદાન આપ્યું છે. તેમ છતાં ટેકનીકલ અસ્પષ્ટતાના કારણે શૈક્ષણિક અને આર્થિક લાભોથી વંચિત રહ્યો છે. આ મુદ્દાઓ ઉપર સરકાર દ્વારા તાત્કાલિક પગલાં લેવાશે એવી આશા વ્યકત કરવામાં આવી છે. સામાજિક ન્યાય મંત્રીઓએ સમૂહના તમામ પ્રશ્નોને ધ્યાનપૂર્વક સાંભળી યોગ્ય કાર્યવાહી માટે સંબંધિત જવાબદાર અધિકારીઓને આદેશ આપવાની ખાતરી આપી હતી. સામાજિક ઉપરોકત રજૂઆતથી મુસ્લિમ ધોબી સમાજને તાત્કાલિક ન્યાય મળશે અને તેમની શૈક્ષણિક તથા આર્થિક પ્રગતિ માટે માર્ગ સરળ બનશે એમ ગુજરાત મુસ્લિમ ધોબી સમાજના પ્રમુખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# બઢતીથી મદદનીશ કેળવણી નિરીક્ષક બનવા ૨ ફેબ્રુઆરીએ પરીક્ષા યોજાશે

## પ્રાથમિક શાળાઓ માટેના મદદનીશ કેળવણી નિરીક્ષકની રાજ્યમાં ૧૫૧ જેટલી જગ્યાઓ ખાલી છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

રાજયની પ્રાથમિક શાળાઓ માટેના મદદનીશ કેળવણી નિરીક્ષકની જગ્યા બઢતીથી ભરવા માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા સ્પેશ્યલ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષાને લઈને રાજય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યા બાદ હવે પરીક્ષાની સત્તાવાર તારીખ પણ જાહેર કરી છે. જે અનુસાર રાજ્યમાં ખાલી પડેલી ૧૫૧ જેટલી જગ્યા ભરવા માટે ૨ ફેબ્રુઆરીના રોજ પરીક્ષા લેવાશે,

પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષક માટેની સ્પેશ્યલ કોમ્પિટીટીવ એકઝામનું આયોજન કરવા માટે રાજય પરીક્ષા બોર્ડને જાણ કરવામાં આવી હતી. જેથી રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાનું આયોજન કરવા માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. આ પરીક્ષા માટે લાયકાત, અનુભવ, ઉંમર વગેરે બાબતો પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા નક્કી કરવામાં આવી છે તે મુજબ રાખવામાં આવી છે. મદદનીશ કેળવણી નિરીક્ષક માટે બઢતીથી નિમણૂક મેળવવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો એ પરીક્ષા માટે ૧૧ ડિસેમ્બરથી ૨૬ ડિસેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કર્યું હતું. જોકે, રાજય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું ત્યારે પરીક્ષાની તારીખ જાહેર કરી ન હતી, પરંતુ આ પરીક્ષા જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી માસમાં લેવાશે તેમ જણાવાયું હતું. જોકે, હવે ફોર્મ ભરવા સહિતની કાર્યવાહી પૂર્ણ થતાં રાજય પરીક્ષા બોર્ડ દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષકની જગ્યા પર નિમણુંક માટે ૨ ફેબ્રુઆરીના રોજ પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. મદદનીશ કેળવણી નિરીક્ષક માટે બઢતીની નિમણુંક મેળવવા માટે લેવાનારી પરીક્ષા બહુવિકલ્પ સ્વરૂપની અને હેતુલક્ષી સ્વરૂપની રહેશે. આ કસોટી બે ભાગમાં લેવામાં આવશે, જેમાં વિભાગ-૧માં ૫૦ પ્રશ્નો તથા વિભાગ-૨માં ૧૫૦ પ્રશ્નો રહેશે. કસોટીમાં બંને વિભાગના બધા પ્રશ્નો ફરજિયાત રહેશે. બંને વિભાગ માટેનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે. રાજયમાં હાલમાં બઢતીથી મદદનીશ કેળવણી નિરીક્ષકની કુલ ખાલી જગ્યાઓ ૧૫૧ જેટલી છે.

# અભ્યાસક્રમમાં ફેરફાર વચ્ચે સીરિયાના શિક્ષણ સુધારાઓએ આક્રોશ ફેલાવ્યો

(એજન્સી) તા.૭

નવા નિયુક્ત નઝીર મોહમ્મદ અલ-કાદરીના નેતૃત્વ હેઠળના નવા વહીવટ હેઠળના સીરિયાના શિક્ષણ મંત્રાલયે બુધવારે રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં વ્યાપક સુધારાની જાહેરાત કરી જેનાથી વ્યાપક ચર્ચા જગાવી. આ ફેરફારો, જે તમામ શૈક્ષણિક સ્તરોને અસર કરે છે, કેટલાક સીરિયન લોકોમાં આક્રોશ પેદા કરે છે, ખાસ કરીને ધાર્મિક અભ્યાસો અને ઈતિહાસ જેવા વિષયોમાં ફેરફાર અંગે. સૂચિત સુધારાઓમાં બહુદેવવાદી ધર્મો સાથે સીરિયાના ઐતિહાસિક સંબંધોના સંદર્ભોને દૂર કરવા સહિત નોંધપાત્ર સુધારાનો સમાવેશ થાય છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, ઘણા પાઠ્યપુસ્તકો ભારે સંપાદનમાંથી પસાર થશે, જેમ કે ટેક્સ્ટ કાઢી નાખવામાં આવે છે અને ફરીથી લખવામાં આવે છે-ઘણી પાઠ્યપુસ્તકોમાં ચિત્રો અને આકૃતિઓ બદલવા અથવા દૂર કરવામાં આવી છે. ફેરફારોમાં અસદ શાસનથી સંબંધિત સામગ્રીને દૂર કરવાનો અને ઈતિહાસ અને ફિલસૂફીના પુસ્તકોમાં દેવતાઓને લગતા વિભાગોને ફરીથી લખવાનો પણ સમાવેશ થાય છે. વધુમાં ઓટ્ટોમન સામ્રાજ્યના શાસનને સંબોધતા



પાઠ, જેનું અગાઉ સિરિયાક અભ્યાસક્રમમાં 'ક્રૂર ઓટ્ટોમન સત્તા' તરીકે વર્ણન કરવામાં આવ્યું હતું, તેને સંપૂર્ણપણે દૂર કરવામાં આવશે. ફિલસૂફીમાં 'ચીની ફિલોસોફિકલ વિચાર' જેવા વિષયો પરના વિભાગો દૂર કરવાના છે અને બાકીની સામગ્રી ફરીથી લખવાની છે. અંગ્રેજી ભાષાના વિષયમાં પણ વ્યાપક ફેરફારો થયા છે, જેમાં વિવિધ શૈક્ષણિક સ્તરે સંપૂર્ણ વિભાગો દૂર કરવામાં અથવા ફરીથી લખવામાં આવ્યા છે. દરમિયાન, અસદ પરિવારની છબીઓ અને સંદર્ભો, જેમણે ગયા મહિને હયાત તહરિર અલ-શામની આગેવાની હેઠળના બળવાખોરો દ્વારા ઉથલાવી નાખ્યા પહેલા દાયકાઓ સુધી સીરિયા પર શાસન કર્યું હતું, તે કાં તો દૂર કરવામાં આવશે અથવા તેમના શબ્દો બદલવામાં આવશે. વર્તમાન શૈક્ષણિક વર્ષ માટે 'રાષ્ટ્રીય શિક્ષણ' વિષય રદ કરવાનો સૌથી મોટો ફેરફાર છે. છ

# ઈઝરાયેલ વસાહતીઓએ પેલેસ્ટીની સ્કૂલ પર દરોડા પાડ્યા પછી વિદ્યાર્થીઓના ફોટા લીધા

(એજન્સી) તા.૭

ઈઝરાયેલી વસાહતીઓએ કબજ દળો સાથે આજે સવારે ઉત્તરીય જોર્ડન ખીણમાં બરદાલા ગામમાં આવેલી બરદાલા મિશ્ર માધ્યમિક શાળામાં હુમલો કર્યો, જેના કારણે પેલેસ્ટીની વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં ભય વ્યાપી ગયો. તુબાસમાં શિક્ષણ નિર્દેશક આઝમી બલાવનેના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી ઈમિગ્રન્ટ્સ લશ્કરી સુરક્ષા હેઠળ શાળાના કેમ્પસમાં ઘૂસી ગયા હતા અને શાળાના સમય દરમિયાન વિદ્યાર્થીઓના ફોટોગ્રાફ્સ લીધા હતા. વફા ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, આ હુમલો આગલા દિવસે ઈઝરાયેલી સૈનિકો દ્વારા કરવામાં આવેલા અલગ હુમલા બાદ કરવામાં આવ્યો હતો. બરદાલાની પશ્ચિમે વસાહતીઓએ વસાહતી ચોકીની સ્થાપના કર્યાના બે અઠવાડિયા પછી આ ઘટના બની છે, જે ઈઝરાયેલી દળોના રક્ષણ હેઠળ આવેલા ગામ પર સંભવિત હુમલા અંગે ચિંતા વ્યક્ત કરે છે. બરદાલા મિશ્ર માધ્યમિક શાળામાં પાંચમા ધોરણથી માધ્યમિક શાળા સુધીના ૧૪૭ વિદ્યાર્થીઓ છે, જેમને ૨૩ શિક્ષણ અને વહીવટી સ્ટાફ દ્વારા ટેકો મળે છે. આ શાળા ઉત્તરીય જોર્ડન ખીણની સાત જાહેર શાળાઓમાંની એક છે, જે વિસ્તારના આશરે ૧,૫૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રદાન કરે છે. શાળા વર્ષની શરૂઆતથી આ ઘટનાઓ ચિંતાજનક રીતે વારંવાર બની છે અને પેલેસ્ટીની વિદ્યાર્થીઓને શાળા પરિસરમાંથી બહાર નીકળતી વખતે ઈઝરાયેલી સૈનિકો અને સ્થળાંતર કરનારાઓ દ્વારા સતામણીનો સામનો કરવો પડે છે. સાથે વધ્યા હતા. ગેરકાયદેસર ઈઝરાયેલ વસાહતીઓ દ્વારા પેલેસ્ટીનીઓ પર પણ હુમલો કરવામાં આવ્યો છે. કબજાવાળા દળોએ જોર્ડન ખીણમાં પેલેસ્ટીનીઓ સામે દમનકારી



વધુમાં, છેલ્લા કેટલાક વર્ષોમાં ઈઝરાયેલી સૈન્યએ વેસ્ટ બેંકમાં નિયમિત દરોડા પાડ્યા છે, જે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ગાઝામાં પેલેસ્ટીનીઓ સામેના યુદ્ધની શરૂઆત પ્રવૃત્તિઓ વધારી છે, જેમાં ઘરો અને શાળાઓને તોડી પાડવા, બાંધકામના કામને અટકાવવા અને પેલેસ્ટીનીઓ અને પશુપાલકોને તેમની જમીનો સુધી પહોંચવાથી રોકવાનો સમાવેશ થાય છે.

ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ ઉમરાહ
રમઝાન ઉમરાહ
1,35,000/-
40 દિવસ
હજ ૨૦૨૫ માટે તમે કન્ફર્મ થઇ ગયેલ છો ?
તો તમારા માટે શ્રેષ્ઠ ઓફર છે
2 ફેબ્રુઆરી
25 દિવસ
85,000/-
હરમ શરીફથી 400થી 500 મીટર નજીક ફેમેલી સાથે હોટલમાં રોકાણ - કપડા ધોવાની અને અન્ય જરૂરી સુવિધાઓ મક્કા મદીનાની ઝિયારતો
સિદ્ધપુર Contact અમદાવાદ
+ 91 9638929480 : 9825442205

# સંયુક્ત રાષ્ટ્રએ ગાઝામાં ઠંડીથી બાળકોના મૃત્યુ પર 'ગંભીર ચિંતા' વ્યક્ત કરી

(એજન્સી) તા.૭

યુનાઈટેડ નેશન્સે સોમવારે ગાઝામાં હાયપોથર્મિયાને કારણે એક મહિનાના બાળકના મૃત્યુ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી, જે ત્રણ અઠવાડિયાથી ઓછા સમયમાં આઠમું મૃત્યુ છે. સંયુક્ત રાષ્ટ્રના પ્રવક્તા સ્ટેફન ડુજારિકે એક સમાચારમાં જણાવ્યું કે, 'આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, માનવતાવાદી બાબતોના સંકલન માટેનું કાર્યાલય (OCHA) ગાઝા પટ્ટીમાં હાયપોથર્મિયાના કારણે એક મહિનાના બાળકનું મૃત્યુ થયું હોવાના અહેવાલોથી ખૂબ જ ચિંતિત છે.' કોન્ફરન્સ ત્રણ અઠવાડિયાથી ઓછા સમયમાં ઠંડીના કારણે મૃત્યુ પામનાર આઠમું બાળક છે.' દુજારિકે જણાવ્યું કે જો સહાય ગાઝામાં પરિવારો સુધી પહોંચી શકે તો આવા મૃત્યુને અટકાવી શકાય છે. તેમણે જણાવ્યું કે ગાઝામાં ઈઝરાયેલની ચાલી રહેલી દુશ્મનાવટએ માનવીય સંકટને વધારી દીધું છે, જેમાં નાગરિકોની જાનહાનિ અને સામૂહિક વિસ્થાપનના દૈનિક અહેવાલો છે. અઠવાડિયાના અંતમાં યુએન



શાળામાંથી આશ્રયસ્થાન પર ઈઝરાયેલના ગોળીબારને યાદ કરીને તેમણે ભાર મૂક્યો કે 'નાગરિકો અને નાગરિક માળખાકીય સુવિધાઓ-માનવતાવાદી કામદારો, કાફલાઓ અને સંપત્તિઓ સહિત આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા અનુસાર સુરક્ષિત હોવી જોઈએ.' તેમણે ઉત્તરી ગાઝાના ઘેરાયેલા વિસ્તારોમાં મદદ પહોંચાડવા માટે ઈઝરાયેલી સત્તાવાળાઓના સતત અવરોધોને પણ યાદ કર્યા અને જણાવ્યું કે 'છેલ્લા ત્રણ દિવસમાં, શનિવાર, રવિવાર અને આજે, આ વિસ્તારોમાં પહોંચવાના યુએનના ત્રણ પ્રયાસોને નકારી કાઢવામાં આવ્યા હતા.' દુજારિકે જણાવ્યું કે, અઠવાડિયાના અંતે ગાઝા પટ્ટીમાં ૩૭ યુએનની આગેવાની હેઠળના માનવતાવાદી મિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાંથી ૧૨ મિશનની સુવિધા આપવામાં આવી હતી, પરંતુ અન્ય ૧૫ મિશનનો સંપૂર્ણ ઈન્કાર કરવામાં આવ્યો હતો, નવમાં અવરોધ આવ્યો હતો અને એક લોજિસ્ટિક્સ અને ઓપરેશનલ અવરોધોને કારણે રદ કરવામાં આવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે દક્ષિણ અને મધ્ય ગાઝામાં માનવતાવાદી સહાયતાના કાફલાની સશસ્ત્ર લૂંટ ચાલુ છે, ઉમેર્યું કે 'ગઈકાલે, આઠ બળતણ ટ્રક જપ્ત કરવામાં આવી હતી, જેમાંથી બે પુનઃપ્રાપ્ત કરવામાં આવી છે.' તેમણે જણાવ્યું કે, "ફરી એકવાર, અમે ભારપૂર્વક જણાવીએ છીએ કે માનવતાવાદી પુરવઠાની લૂંટને રોકવા માટે ઈઝરાયેલે વિવિધ પ્રવેશ બિંદુઓ દ્વારા ગાઝામાં અને ગાઝામાં સહાય, બળતણ અને વાણિજિયક સામાનનો પ્રવાહ ઝડપથી અને અસરકારક રીતે અટકાવવો જોઈએ. મોટા પાયે." તેમણે સહાય કામગીરીના રક્ષણ માટે જાહેર વ્યવસ્થાની પુનઃસ્થાપના માટે માંગ કરી.

# અમેરિકી પ્રતિનિધિ સાથેની મુલાકાતમાં લેબેનોન વડાપ્રધાને ઉઠાવ્યો યુદ્ધવિરામના ભંગનો મુદ્દો, ઈઝરાયેલ લશ્કર પાછું લેશે એવી ફરીથી અમેરિકી ખાતરી

## પીએમ નજીબ મિકાતીએ એમની માંગણી દોહરાવી કે અમારા દક્ષિણના શહેરો પર ચાલી રહેલું આક્રમણ અને મકાનો તથા પાયાની સુવિધાઓના પદ્ધતિસર થઈ રહેલા નાશની પ્રક્રિયા બંધ થવી જ જોઈએ

(એજન્સી) બૈરુત, તા.૭

લેબેનોનના વડાપ્રધાન નજીબ મિકાતીએ ઈઝરાયેલના લશ્કર દ્વારા થઈ રહેલા યુદ્ધવિરામના ભંગને અટકાવવા અને દક્ષિણ લેબેનોનના શહેરોમાંથી ઈઝરાયેલી લશ્કરને પાછું ખેંચી લેવાની માંગણી ભારપૂર્વક દોરાવી હતી.

લેબેનોનની મુલાકાતે આવેલા અમેરિકાના રાજદૂત એમોસ હોસ્ટાઈન સાથેની બેઠક દરમિયાન વડાપ્રધાન નજીબે દક્ષિણમાં શહેરો પરના ચાલી રહેલા આક્રમણને રોકવા અને મકાનો તથા પાયાની સુવિધાઓના પદ્ધતિસર થઈ રહેલા વિનાશને અટકાવવાની માંગણી ફરી ઉચ્ચારી હતી. જે સમજૂતી થઈ છે એ મુજબ ૬૦ દિવસની મુદત પહેલા ઈઝરાયેલના લશ્કરને ક્યારે પાછું ખેંચવામાં આવી રહ્યું છે તેની ચોક્કસ સમય મર્યાદા જાહેર કરવા પણ તેમણે



અનુરોધ કર્યો હતો.

લેબેનોન સંસદના સ્પીકર નબીહ બેરી સાથે પણ અમેરિકાના રાજદૂત દ્વારા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને બાદમાં તેમણે ખાતરી આપી હતી કે ઈઝરાયેલના તમામ સૈનિકો લેબેનોન પ્રદેશમાંથી હટી ન જાય ત્યાં સુધી ઈઝરાયેલી સૈન્યની વાપસી ચાલુ રહેશે.

અમેરિકી પ્રતિનિધિએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આજે ઈઝરાયેલના લશ્કરી દળોએ લેબનોનના પશ્ચિમ વિભાગના નાકુરા શહેરમાંથી પાછા હટી ગયા હતા અને બ્લુ લાઈન પર પાછા આવી ગયા હતા એ જ રીતે ઈઝરાયેલી લશ્કરની વાપસી અને પાછા ખેંચવાની પ્રક્રિયા ચાલુ રહેશે અને તેની જગ્યાએ લેબેનોનું લશ્કર ફરીથી ગોઠવાતું જશે. યુદ્ધવિરામનું નિરીક્ષણ કરવા રચાયેલી સમિતિ આવનારા ૨૦ દિવસ સુધી ઈઝરાયેલી લશ્કરને પાછું ખેંચવાની પ્રક્રિયા પર નજર રાખશે અને ઈઝરાયેલી દળો હટે ત્યાં લેબેનોનનું લશ્કર ગોઠવાતું જશે એટલે આગામી દિવસોમાં આ દિશામાં વધુ પ્રગતિ થવાની મારી ધારણા છે. ઈઝરાયેલ સાથે થયેલી સમજૂતી મુજબ ૬૦ દિવસની અંદર ઈઝરાયેલ દ્વારા લશ્કર પાછું ખેંચી લેવાનું રહેશે.

# અમેરિકા આતંકવાદી સમૂહ PKK/YPGને સમર્થન આપવા માટે સીરિયામાં લશ્કરી મથક સ્થાપશે



(એજન્સી) તા.૭

લંડન સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ (SOHR)ના અહેવાલ મુજબ યુ.એસ. દેખીતી રીતે તેના સાથી YPG (PKKની સીરિયન શાખા) આતંકવાદીઓ માટે ઉત્તર સીરિયામાં લશ્કરી હાજરી સ્થાપિત કરવાની યોજના બનાવી રહ્યું છે, જ્યાં આતંકવાદીઓ બશર અસદની આગેવાની હેઠળ લડી રહ્યા છે. તુર્કીની આગેવાની હેઠળની સીરિયન નેશનલ આર્મી (એસએનએ) દ્વારા તેની હકાલપટ્ટી બાદ શાસનને કેદ કરવામાં આવ્યું છે. લંડન સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ (SOHR)એ ગુરૂવારે સવારે લખ્યું કે, 'યુએસ સૈન્ય ઉત્તર-પૂર્વ સીરિયામાં કુર્દની આગેવાની હેઠળના સીરિયન ડેમોક્રેટિક ફોર્સિસ (SDF) દ્વારા નિયંત્રિત વિસ્તારોમાં સિમેન્ટ બ્લોક્સ વહન કરતી ૫૦ ટ્રકોનો કાફલો લાવ્યો હતો.' પ્રો-એસડીએફ નોર્થ પ્રેસ મીડિયા આઉટલેટે જણાવ્યું કે યુએસ દળો નજીકના ઈરાકમાં એક બેઝ ખાલી કરી રહ્યા છે અને સીરિયન બેઝ માટે આઈન અલ-અરબમાં કોંક્રિટ બ્લોક્સ અને અન્ય સાધનોની નિકાસ કરવામાં આવી રહી છે. અંકારા કહે છે કે YPG/PKKએ દાએશની સમકક્ષ છે અને નવા સીરિયામાં તેની હાજરી હોવી જોઈએ નહીં, તુર્કીના દૈનિક અખબાર ડેઈલી સબાહ અહેવાલ આપે છે. ગયા અઠવાડિયે સીરિયાના નવા નેતા અહેમદ અલ-શારાએ વચન આપ્યું કે તેમનું વહીવટીતંત્ર PKK/YPG આતંકવાદી સમૂહને તેની કામગીરી માટે સીરિયાના આધાર તરીકે ઉપયોગ કરતા અટકાવશે.

# શાળાના આશ્રયસ્થાન પર ઈઝરાયેલના ડ્રોન હુમલામાં ૪૦ વિસ્થાપિત પેલેસ્ટીનીઓ ઘાયલ

(એજન્સી) તા.૭

સોમવારે મધ્ય ગાઝા પટ્ટીમાં વિસ્થાપિત નાગરિકોને આશ્રય આપતી શાળા પર ઈઝરાયેલી ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા ૪૦ પેલેસ્ટીનીઓ ઘાયલ થયા છે, એમ તબીબોએ જણાવ્યું હતું. સાક્ષીઓએ અહેવાલ આપ્યો છે કે મધ્ય ગાઝામાં નુસરત શરણાર્થી શિબિરમાં ઈઝરાયેલી ડ્રોને એક શાળા પર ગ્રેનેડ ફેંક્યા હતા. અનાદોલુ અનુસાર, અલ-અવદા હોસ્પિટલે ખાતરી કરી છે કે હુમલા બાદ ૪૦ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. ગાઝા પટ્ટીમાં પેલેસ્ટીનીઓ સામે ચાલી રહેલા નરસંહાર દરમિયાન ઈઝરાયેલે વ્યવસ્થિત રીતે શાળાઓ, હોસ્પિટલો અને પ્રાર્થના સ્થાનો સહિત નાગરિક સુવિધાઓને નિશાન બનાવી છે. યુદ્ધના કાયદા હેઠળ, આવી નાગરિક સુવિધાઓને નિશાન બનાવવી એ યુદ્ધ અપરાધ ગણી શકાય. ઑકટોબર ૨૦૨૩થી ઈઝરાયેલી કબજાવાળા દળોએ ગાઝામાં વિસ્થાપિત પેલેસ્ટીનીઓને આશ્રય આપતા ૨૧૬ કેન્દ્રો પર બોમ્બમારો કર્યો છે, જેમાં હજારો લોકો મૃત્યુ પામ્યા અને ઘાયલ થયા. પ્રદેશ પર ઈઝરાયેલના ચાલી રહેલા યુદ્ધને કારણે ગાઝાના ૨૩ લાખ રહેવાસીઓમાંથી લગભગ ૨ મિલિયનને કઠોર પરિસ્થિતિમાંથી ભાગી જવા અને ખોરાક, પાણી અને તબીબી પુરવઠાની તીવ્ર અછત વચ્ચે તંબુ અથવા આશ્રયસ્થાનોમાં રહેવાની ફરજ પડી છે. યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવમાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરવામાં આવી હોવા છતાં, ૭



ઓકટોબર ૨૦૨૩ના રોજ હમાસના સીમાપાર આક્રમણથી ઈઝરાયેલી હત્યાકાંડમાં લગભગ ૪૬,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો છે. નવેમ્બર ૨૦૨૪માં ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)એ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ માટે ગાઝામાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલ વિરૂદ્ધ ઈન્ટરનેશનલ કોર્ટમાં પણ નરસંહારનો કેસ ચાલી રહ્યો છે.

# વર્લ્ડ ફૂડ પ્રોગ્રામે પોતાના ગાઝા કાફલા પર ઈઝરાયેલના હુમલાની ટીકા કરી

(એજન્સી) તા.૭

યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામે સોમવારે જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ ગાઝાના ઘેરાયેલા પેલેસ્ટીની પ્રદેશમાં તેના એક કાફલા પર ગોળીબાર કર્યો હતો, જેને તે 'ભયંકર ઘટના' કહે છે, રોઈટર્સ અહેવાલ આપે છે. કેન્દ્રીય ગાઝાથી ઉત્તરમાં ગાઝા સિટી તરફ આઠ કર્મચારીઓને લઈ જતા ત્રણ વાહનોના કાફલાને રવિવારે વાડી ગાઝા ચેકપોઈન્ટ નજીક ૧૬ ગોળીઓ ફટકારવામાં આવી હતી, જેને કારણે કોઈ ઈજા થઈ ન હતી પરંતુ કાફલાને સ્થિર થઈ ગયો હતો. WFPના નિવેદનમાં જણાવાયું છે કે વાહનો સ્પષ્ટ રીતે ચિહ્નિત હતા અને તેમને ઈઝરાયેલી સત્તાવાળાઓ તરફથી અગાઉથી સુરક્ષા મંજૂરી મળી હતી. 'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) ૫ જાન્યુઆરીની ભયાનક ઘટનાની સખત ટીકા કરે છે,' તે કહે છે. 'આ અસ્વીકાર્ય ઘટનાએ જટિલ અને ખતરનાક કાર્યકારી વાતાવરણનું નવીનતમ ઉદાહરણ છે જે WFP અને અન્ય એજન્સીઓ આજે સામનો કરી રહી છે,' WFPએ જણાવ્યું કે, સહાય ચાલુ રાખવા માટે સુરક્ષા પરિસ્થિતિઓમાં સુધારાની માંગ કરી છે. ઈઝરાયેલી



સૈન્યએ આ ઘટના પર ટિપ્પણી કરવાની વિનંતીનો તરત જ જવાબ આપ્યો ન હતો. ગાઝામાં માનવતાવાદી કટોકટી દૂર કરવા માટે કામ કરતી આંતરરાષ્ટ્રીય સહાય એજન્સીઓએ હમાસ લડાકુઓને ખતમ કરવાના ઈઝરાયેલના અભિયાન દરમિયાન ઈઝરાયેલી દળો પર વારંવાર તેમની કામગીરીમાં વિક્ષેપ પાડવાનો અથવા ધમકી આપવાનો આરોપ મૂક્યો છે.

# સીરિયાના એલેપ્પોમાં ડિફેન્સ ફેક્ટરી અને રિસર્ચ કેન્દ્રો પર ઈઝરાયેલના હુમલા

(એજન્સી) તા.૭

સ્થાનિક મીડિયા અને યુદ્ધ મોનિટર્સના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી યુદ્ધ વિમાનોએ સંરક્ષણ કારખાનાઓ અને સંશોધન કેન્દ્ર પર હુમલો કરતાં સીરિયાના દક્ષિણી અલેપ્પો પ્રાંતમાં મોટાપાયે તબાહી મચાવી. સ્થાનિક સમાચાર આઉટલેટ અલ-વતન ઓનલાઈને અહેવાલ આપ્યો છે કે અલ-સફીરા શહેરમાં ઘણા વિસ્ફોટ થયા છે, જ્યાં ડિફેન્સ ફેક્ટરીઓ આવેલી છે. સમાચાર એજન્સી સિન્હુઆના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, હુમલામાં શહેરની બહારના ભાગમાં એક વૈજ્ઞાનિક સંશોધન કેન્દ્રને નિશાન બનાવવામાં આવ્યું હતું. બ્રિટન સ્થિત યુદ્ધ મોનિટર સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સે ઓછામાં ઓછા સાત મોટા વિસ્ફોટોની પુષ્ટિ કરતા કહ્યું કે ઈઝરાયેલી વિમાનોએ અલ-સફીરા સંરક્ષણ ફેક્ટરીઓ અને સંશોધન કેન્દ્ર બંને પર બોમ્બમારો કર્યો. કોઈ જાનહાનિના તાત્કાલિક અહેવાલો નથી. તાજેતરના હુમલા સાથે, ડિસેમ્બર ૨૦૨૪ની શરૂઆતમાં પૂર્વ સીરિયન રાષ્ટ્રપતિ બશર અલ-અસદની



સરકારના પતન પછી સીરિયન પ્રદેશ પર ઈઝરાયેલી હવાઈ હુમલાઓની કુલ સંખ્યા વધીને ૪૯૮ થઈ ગઈ છે, ઓબ્ઝર્વેટરીએ જણાવ્યું હતું. એક યુદ્ધ મોનિટરે જણાવ્યું હતું કે અગાઉ ૩૦ ડિસેમ્બરના રોજ, ગ્રામીણ દમાસ્કસના ઔદ્યોગિક નગર આદ્રા નજીક સીરિયન શસ્ત્રોના ડેપોમાં શક્તિશાળી વિસ્ફોટથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૧૧ થઈ ગઈ હતી, જેમાં મોટાભાગના જાનહાનિ નાગરિકો હોવાનું માનવામાં આવે છે. સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ અને સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર, શોધ અને બચાવ ટીમો મૃતદેહો અને કાટમાળ સાફ કરવા માટે ઘટનાસ્થળે છે. વિસ્ફોટના કારણે કાટમાળ ઉડ્યો હતો અને હાલના સત્તાપક્ષ બશર અલ-અસદની સરકાર સાથે જોડાયેલી સુવિધાને વ્યાપક નુકસાન થયું હતું. સિન્હુઆ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલ અને સીરિયાએ ૧૯૭૪ના સૈન્ય પાછા ખેંચવાના કરારનું પાલન કરવું જોઈએ રાખવામાં આવે છે, જે સંપૂર્ણપણે લાગુ પડે છે. "આ એક નિર્ણાયક ક્ષણ છે - આશા અને ઈતિહાસની ક્ષણ, પરંતુ તે એક મહાન અનિશ્ચિતતાની ક્ષણ પણ છે. ઓબ્ઝર્વેટરીએ જણાવ્યું હતું કે શંકાસ્પદ દરોડા જૂના શાસનના શસ્ત્રોના અવશેષોને નષ્ટ કરવાના ઈઝરાયેલના ચાલુ પ્રયાસોનો એક ભાગ હતો. આ ઘટના ભૂતપૂર્વ શાસન સાથે સંકળાયેલી સાઈટ્સ પર અહેવાલ થયેલ ઈઝરાયેલી હુમલાઓની શ્રેણીને અનુસરે છે, કારણ કે ૮ ડિસેમ્બરે અગાઉની સરકારના પતન પછી સીરિયાનું નવું વહીવટી તંત્ર સત્તાને એકીકૃત કરે છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......
ગુજરાત ટુડે

# મોટા સરકારી દાવાઓ છતાં શિક્ષણની હાલત આટલી કફોડી કેમ છે ??

કોઈપણ દેશમાં જો સમાજના સૌથી નબળા વર્ગો સુધી શિક્ષણ નહીં પહોંચે તો તે દેશના વિકાસ પર પ્રશ્નાર્થ ઊભો થશે. આઝાદી પછી ભારતમાં શિક્ષણના પ્રસાર માટે સરકાર દ્વારા જે કંઈપણ પ્રયત્નો કરવામાં આવ્યા છે તેનાથી વંચિત સામાજિક જૂથોમાં સાક્ષરતાના ચિત્રમાં થોડો સુધારો થયો છે. છતાં વાસ્તવિકતા એ છે કે, અર્થવ્યવસ્થાના ચમકતા આંકડાઓ મધ્યે દેશમાં શિક્ષણના મોરચે સ્થિતિ હજુ પણ સંતોષકારક કહી શકાય તેમ નથી.

ઉચ્ચ શિક્ષણના દરવાજા સુધી પહોંચવાની વાત તો દૂર, આજે પણ લાખો બાળકો શાળાકીય શિક્ષણથી વંચિત છે અને દર વર્ષે વિવિધ કારણોસર તેમનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દે છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયની સંકલિત જિલ્લા શિક્ષણ માહિતી પ્રણાલીના અહેવાલમાં જાણવા મળ્યું છે કે, વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨૫.૧૭ કરોડ વિદ્યાર્થીઓ શાળાઓમાં નોંધાયા હતા, જ્યારે ૨૦૨૩-૨૪માં આ સંખ્યા ઘટીને ૨૪.૮૦ કરોડ થઈ ગઈ હતી. અહેવાલ મુજબ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૩૭.૪૫ લાખ વિદ્યાર્થીઓનો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન અધવચ્ચે શાળા છોડનારા બાળકોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જેઓ શિક્ષણ મેળવવાથી વંચિત છે તેમાંના મોટાભાગના લોકો સમાજના નબળા અને હાંસિયામાં રહેલા વર્ગના બાળકો છે. સવાલ એ છે કે, આજના સમયમાં જ્યારે સરકાર શિક્ષણના વ્યાપક પ્રસાર અને તેની પહોંચ સૌ સુધી પહોંચાડવા માટે દરેક સ્તરે પગલાં લેવાનો દાવો કરી રહી છે અને નવી નીતિઓ જાહેર કરવામાં આવી રહી છે, એવા જમાનામાં બાળકોની નોંધણીની સંખ્યામાં આટલો મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે !!! શિક્ષણ મંત્રાલયના અહેવાલ મુજબ દેશની માત્ર ૫૭ ટકા શાળાઓમાં કોમ્પ્યુટર છે, જ્યારે ૫૩ ટકામાં ઈન્ટરનેટ સુવિધા છે. છેલ્લા કેટલાક સમયથી વિવિધ કારણોસર શાળાઓમાં ઓનલાઈન અથવા ડિજિટલ શિક્ષણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. જ્યારે સરકારી શાળાઓમાં એવાં ઘણા બાળકો ભણે છે કે, જેમના પરિવારમાં અલગ કોમ્પ્યુટર કે સ્માર્ટફોનની સુવિધા હજુ પણ સ્વપ્ન સમાન છે. પ્રશ્ન એ છે કે, વંચિત વર્ગો માટે અનુકૂળ નીતિઓ ક્યારે અમલમાં આવશે કે જેથી અનેક સમસ્યાઓનો સામનો કરી રહેલા વંચિત પરિવારો તેમના બાળકોને શાળાએ મોકલી શકે અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે ? શા માટે શાળા શિક્ષણના ચિત્રમાં સુધારો માત્ર સરકારી આશ્વાસનો અને દાવાઓ પૂરતો સીમિત છે જ્યારે જમીની વાસ્તવિકતા શા માટે નિરાશાજનક ચિત્ર દર્શાવે છે ? સાક્ષરતાનું ઔપચારિકકરણ ગુણવત્તાયુક્ત શિક્ષણને સુનિશ્ચિત કરતું નથી. દેશની વસ્તીનો જે વર્ગ આર્થિક ક્ષમતા ધરાવે છે તે પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં મોકલીને તેમનું ભવિષ્ય સુધારી શકે છે. પરંતુ સમાજના તે વર્ગના બાળકોને ગુણવત્તા આધારિત શિક્ષણ આપવા માટે શું કરવામાં આવે છે, જેઓ ગરીબી અને સતત વંચિતતાને કારણે જીવનના સંઘર્ષમાંથી પસાર થતાં રહે છે. ચોક્કસપણે આર્થિક મોરચે મજબૂતી દેશ માટે જરૂરી છે, પરંતુ જો અહીં નબળા સામાજિક સમુદાયના બાળકો કોઈ કારણોસર શિક્ષણથી દૂર રહે છે, તો તેના માટે કોણ જવાબદાર રહેશે ? શિક્ષણનો અધિકાર અને અન્ય સામાજિક કલ્યાણ કાર્યક્રમો હોવા છતાં, જો ગરીબી અથવા સંસાધનોની અછતને કારણે લાખો બાળકો દર વર્ષે શાળાના દરવાજા સુધી પહોંચી શકતા નથી અથવા કોઈ કારણોસર તેઓ શાળાને અધવચ્ચે છોડી દેવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે, તો તે શા માટે છે ?

સરકાર દાવાઓ તો ઘણા મોટાં-મોટાં કરી રહી છે પરંતુ આર્થિક સ્થિતિની જેમ શૈક્ષણિક સ્થિતિ પણ સતત કથળતી જઈ રહી છે. છતાં સરકાર પ્રચારના ચળકાટ દ્વારા પ્રજાની આંખો જ નથી આંજી રહી પણ વાસ્તવિકતા પર ધૂળ પણ નાંખી રહી છે.

# વ્હાઈટ કોલર ક્રાઈમ : SEBIએ કેતન પારેખની અન્ય સ્ટોક માર્કેટ છેતરપિંડી કેવી રીતે શોધી કાઢી હતી

ભારતના શેરબજાર નિયમનકારે ફરીવાર કેતન પારેખની ગેરરીતિ શોધી કાઢી છે, જે એક કુખ્યાત સ્ટોક બ્રોકર છે. દેશના સૌથી મોટા સ્ટોક માર્કેટ કૌભાંડો પૈકી એક માટે તેને અગાઉ જેલમાં નાખવામાં આવ્યો હતો અને બજારમાંથી પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો, તે સ્ટોકમાં ગેરરીતિના વધુ એક કેસનો આરોપી છે.

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ પારેખ સામે વચગાળાનો આદેશ પસાર કર્યો હતો, જેમાં જણાવ્યું હતું કે તેણે બિન-જાહેર માહિતી (NPI) તેના ભાગીદારોને આપી હતી જેથી તેઓ અસામાન્ય નફા માટે ગેરકાયદેસર વેપાર કરી શકે. આ સ્કીમના ભાગ રૂપે, SEBIને જાણવા મળ્યું કે તેના કથિત પાર્ટનર-ઈન-ક્રાઈમે તેની ઓળખને બચાવવા માટે તેનું નામ 'મમતા ભાભી', 'શુભેચ્છા', 'બોસ', 'ભાઈ' અને 'જેક' રાખ્યું હતું. આ કેસમાં ખાસ કરીને નોંધપાત્ર બાબત એ છે કે સેબી આ વ્હાઈટ-કોલર અપરાધને સ્થાપિત કરી શકે તે રીતે, ફોન નંબરો શોધીને, સ્થાનોની ખાતરી કરવા, તેને આધાર સાથે સાંકળવા અને એરલાઈન્સ અને હોટેલ્સ પાસેથી ડેટા મેળવવાની પ્રમાણમાં તકનીકી રીત ઓછી છે. સેબીના વચગાળાના આદેશે ૧ જાન્યુઆરી ૨૦૨૧ અને ૨૦ જૂન ૨૦૨૩ વચ્ચે કથિત ફ્રન્ટ-રનિંગ પ્રવૃત્તિઓ માટે પારેખ અને સિંગાપોર સ્થિત વેપારી રોહિત સાલગાઓકર સહિત ૨૨ કંપનીઓ પાસેથી આશરે રૂા.૬૫.૭૭ કરોડ જપ્ત કર્યા છે.

ફ્રન્ટ-રનિંગ એ સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શનમાં પ્રવેશવાનું ગેરકાયદેસર કૃત્ય છે, પછી તે સ્ટોક્સ, ફ્યુચર્સ, ઓપ્શન્સ અથવા અન્ય કોઈપણ નાણાકીય પ્રવૃત્તિ હોય, ફ્રન્ટ-રનર ટ્રાન્ઝેક્શન મોટા ટ્રાન્ઝેક્શન વિશે બિન-જાહેર માહિતીના આધારે જે સુરક્ષાની કિંમતને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરશે. તેનો ઉદ્દેશ સિક્યોરિટીઝ માર્કેટમાં અસામાન્ય નફો કરવા માટે અત્યાર સુધી જાહેર ન હોય તેવી માહિતીનો ઉપયોગ કરવાનો છે.

સેબીએ શોધી કાઢ્યું હતું કે યુએસ-સ્થિત વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર સાથે સંકળાયેલા કેટલાક સોદા, જેનું કોઈ નામ નથી પરંતુ તેને 'બિગ ક્લાયન્ટ' તરીકે ઓળખવામાં આવે છે, તેમાં ફ્રન્ટ-રનિંગ પ્રવૃત્તિના ચિહ્નો હતા. તેની શંકાઓના આધારે, SEBIએ આ બાબતની તપાસ શરૂ કરી અને ૨૨ જૂન ૨૦૨૩થી ૧૭ સંસ્થાઓના પરિસરમાં ત્રણ દિવસમાં કોર્ટ દ્વારા મંજૂર કરાયેલી શોધ અને જપ્તી કામગીરી હાથ ધરી હતી. જપ્તી દરમિયાન, તેણે નોટિસમાંથી દસ્તાવેજી અને ઈલેક્ટ્રોનિક પુરાવા અને નિવેદનો એકત્રિત કર્યા હતા.

આ શોધ અને જપ્તીની કામગીરી દરમિયાન એકત્ર કરાયેલા પુરાવાના આધારે, પ્રાથમિક દૃષ્ટિએ શંકા હતી કે, પરંપરાગત ફ્રન્ટ-રનિંગ ઉપરાંત, ફ્રન્ટ્રનર્સ (FRs)એ સોદાઓની પૂર્વ જાણકારીનો લાભ લેવા માટે જટિલ ટ્રેડિંગ વ્યૂહરચનાઓનો ઉપયોગ કર્યો હતો.

આ તપાસમાં જાણવા મળ્યું છે કે સાલગાઓકરે 'મોટા ક્લાયન્ટ' દ્વારા આપવામાં આવેલા મોટા ઓર્ડરો નક્કી કર્યા હતા, જેમાં વિગતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમ કે કયા સ્ટોકમાં વેપાર કરવાનો છે, અને ટ્રાન્ઝેક્શનનો સમય, તેનો જથ્થો અને ઓર્ડરની કિંમત. શેરબજારના દરેક વ્યવહાર માટે, એક પક્ષ અને પ્રતિ પક્ષ હોવો જરૂરી છે, જેમ કે પરંપરાગત બજારમાં, દરેક વ્યવહાર માટે ખરીદનાર અને વેચનાર હોય છે. સાલગાંવકર પાસે 'મોટા ગ્રાહક' જે કરવા માગતા હતા તે વિવિધ વેપારો માટે પ્રતિપક્ષો શોધવાનું કામ હતું.

વિદેશી ફંડ, ભારતીય ફંડ, શેરના અન્ય ધારકો અને પારેખ સહિત વિવિધ બજાર સહભાગીઓ દ્વારા તેણે આ સમકક્ષો શોધી કાઢ્યા હતા. સેબીના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, મહત્ત્વપૂર્ણ બાબત એ હતી કે સાલગાંવકરે તેમના નિવેદનમાં સ્વીકાર્યું હતું કે 'બિગ ક્લાયન્ટ'ના ૯૦ ટકા ઓર્ડર માત્ર પારેખના હતા. એવું જોવામાં આવ્યું હતું કે મોટા ક્લાયન્ટના ઓર્ડર્સ સંબંધિત NPI રોહિત સાલગાઓકરથી કેતન પારેખને પસાર કરવામાં આવી રહ્યા હતા જેઓ બદલામાં, છ FRsને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અનુચિત નફો મેળવવા માટે આવા NPI પર આધારિત ટ્રેડિંગ સૂચનાઓનો સંચાર કરતા હતા.

જૂન ૨૦૨૩માં હાથ ધરવામાં આવેલ સર્ચ અને જપ્તી કામગીરી બાદ, સેબીએ કથિત ગેરકાયદેસરતા સાબિત કરવા માટે જરૂરી તમામ સામગ્રી મેળવી લીધી હતી. જપ્ત કરાયેલા ફોનના બેક-અપ પરથી, સેબીએ શોધી કાઢ્યું કે આગળના ભાગના કેટલાક લોકોએ પારેખનું નામ તેમના ફોન પર "જેક", "જહોન", "બોસ", "ભાઈ", "શુભેચ્છા" જેવા વિવિધ ઉપનામોથી સેવ કર્યું હતું અને "મમતા ભાભી" નામ કદાચ પારેખની પત્ની મમતા પારેખનો સંદર્ભ આપે છે. પારેખે પોતે કથિત રીતે આ ફ્રન્ટ રનર્સનો સંપર્ક કરવા માટે ૧૦ જુદા જુદા ફોન નંબરનો ઉપયોગ કર્યો હતો.

મૂડીરોકાણનું પ્રમાણ ભારતમાં ખૂબ જ ધીમું રહ્યું છે જેના કારણે ડોક્ટર સિંઘના કાર્યકાળમાં જીએફસીનું પ્રમાણ જીડીપીના ૩૨% રહ્યું હતું એ સતત ઘટીને હવે ૨૯%થી પણ નીચે જતું રહ્યું છે. ધીમા મૂડીરોકાણ અને ઓછા રોકાણના કારણો દર્શાવતા કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે સામૂહિક વપરાશમાં વધારો થઈ રહ્યો નથી અને ઉપરથી વેરા વધી રહ્યા છે. કરવેરા વિભાગ અને અન્ય સત્તાવાળાઓ વ્યાપારી આલમને ધમકાવી અને ડરાવી રહ્યા છે અને એવો ખ્યાલ ઊભો થયો છે કે મોદીના શાસનમાં ચાર કે પાંચ મોટા ઉદ્યોગ જૂથો સિવાય કોઈનો વિકાસ થશે નહીં. આ તમામ કારણોથી મૂડીરોકાણ આવી રહ્યું નથી. હવે નવો પુરાવો એવો મળી રહ્યો છે કે ખાનગી ક્ષેત્ર ભારતમાં મૂડીરોકાણ કરવામાં અનિચ્છુક છે અને ખાસ કરીને મોદી શાસનમાં તેઓ મૂડીરોકાણ કરવા માંગતા નથી એટલે સીધા વિદેશી રોકાણમાં ૧૨ વર્ષમાં પહેલીવાર સૌથી નીચો આંકડો જોવા મળી રહ્યો છે અને આ ધોધ સુકાઈ ગયો હોય એવું લાગે છે. જયરામ રમેશે દાવો કર્યો હતો કે ભારતીય કંપનીઓ અને વેપારીઓ હવે વધુને વધુ ભારતને બદલે વિદેશમાં મૂડીરોકાણ કરવા જઈ રહ્યા છે એટલે એક રીતે મોદી સરકાર સામે કોર્પોરેટ જગતનો અવિશ્વાસ પ્રસ્તાવ જ છે. સીધું વિદેશી મૂડીરોકાણ એટલે કે એફડીઆઈ ખૂબ જ મહત્વપૂર્ણ છે પણ તેનાથી વધુ પાયાનું મહત્વ ઘર આંગણે સ્વદેશી કંપનીઓ મૂડીરોકાણ કરે તેનું છે એ કેવી રીતે વધે એ વિષયના પગલાં આગામી કેન્દ્રીય બજેટમાં લેવામાં આવે એવી અમારી અપેક્ષા છે.

# ''બલિદાન વ્યર્થ નહીં જાય'' : છત્તીસગઢના હુમલા બાદ અમિત શાહે ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને બિલકુલ ખતમ કરી નાખવાના શપથ લીધા

## કેન્દ્રના ગૃહમંત્રીએ નક્સલવાદીઓ દ્વારા કરાયેલા IED બ્લાસ્ટને સખત રીતે વખોડી કાઢ્યો અને નક્સલવાદને મૂળમાંથી ખતમ કરવાની પ્રતિજ્ઞા જાહેર કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

છત્તીસગઢમાં નવ જેટલા ભારતીય સુરક્ષા કર્મીઓનો જાન લેનાર આઈઈડી બ્લાસ્ટ કરવા બદલ નક્સલવાદીઓની સખત અને આખરી ટીકા કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જવાનોના મૃત્યુ અંગે ઘેરા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે આપણા જવાનોના બલિદાન વ્યર્થ જશે નહીં. ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને બિલકુલ નાબૂદ કરી દેવાની ગૃહમંત્રીએ પ્રતિજ્ઞા લીધી હતી. તેમણે કહ્યું હતું કે માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને હું ખતમ કરી નાખીશ મને ડીઆરજી જવાનોના બલિદાનોથી ખૂબ જ આઘાત લાગ્યો છે અને ઊંડું દુઃખ થયું છે. આપણા બહાદુર અને વીર જવાનોના પરિવારજનોને હું સાંત્વના પાઠવું છું અને મારી દિલશોજી વ્યક્ત કરું છું. મારા દુઃખનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી પણ હું ખાતરી આપું છું



કે આપણા જવાનોના બલિદાન બિલકુલ વ્યર્થ જશે નહીં અને હું ભારતની ભૂમિ પરથી ૨૦૨૬ માર્ચ સુધીમાં નક્સલવદને ખતમ કરાવી નાખીશ. વિજાપુરમાં નક્સલવાદીઓએ આધુનિક વિસ્ફોટક શસ્ત્રોથી કરેલા પ્રચંડ ધડાકાને કારણે આઠ જવાનો અને સલામતી દળોના વાહનના ડ્રાઈવરનું પણ મૃત્યુ થયું હતું. દંતેવાડા જિલ્લામાં આ હુમલો થયો હતો. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈએ પણ આ ઘટના અંગે ઘેરો આઘાત વ્યક્ત કર્યો હતો અને આ કાયર કૃત્ય સખત રીતે વખોડી કાઢ્યો હતો. મુખ્યમંત્રીએ કહ્યું કે નક્સલવાદી હુમલામાં આઠ સૈનિકો સહિત નવ જવાનોએ શહીદી વહોરી છે. હું શહીદોના પરિવારોને ઊંડી દિલશોજી પાઠવું છું અને શહીદ જવાનોના આત્માની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરું છું અને એમના પરિવારજનોને દુઃખ સહન કરવાની ઈશ્વર શક્તિ આપે એવી મારી અભ્યર્થના છે. તેમણે જણાવ્યું હતું કે નક્સલવાદીઓને ખતમ કરવાની જે લશ્કરી કાર્યવાહી ચાલી રહી છે અને આપણા જવાનો વીરતા સાથે નક્સલવાદ વિરુદ્ધ જે ઓપરેશન ચલાવી રહ્યા છે તેનાથી નક્સલવાદી હતાશ થઈ ગયા છે અને બેબાકળા બની ગયા છે એટલે હતાશામાં આ કાયરતાભર્યું કૃત્ય કર્યું છે પરંતુ જવાનોની શહીદી બેકાર નહીં જાય અને નક્સલવાદ સામે આપણી લડત ચાલુ જ રહેશે અને મજબૂતી સાથે ચાલુ રહેશે.

# લિબરલ પાર્ટીના નેતા તરીકે ટ્રુડોનું સ્થાન કોણ લેશે ? રેસમાં ૮ દાવેદારો પૈકી બે ભારતીય મૂળના

## તાજેતરના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ટ્રુડો રાષ્ટ્રીય કોકસની બેઠક પહેલા લિબરલ પાર્ટીના નેતા પદેથી રાજીનામું આપે તેવી ધારણા છે, જે વચગાળાના નેતા માટે માર્ગ મોકળો કરશે



(એજન્સી) તા.૭

એક અહેવાલ અનુસાર, તેમની પોતાની પાર્ટીમાંથી બળવો અને વધતી જતી જાહેર અલોકપ્રિયતા વચ્ચે કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો લિબરલ પાર્ટીના નેતા તરીકે તેમના રાજીનામાની ઘોષણા કરે તેવી શક્યતા છે કારણ કે, આ વર્ષે સામાન્ય ચૂંટણીઓમાં પિયર પોઈલીવરના કન્ઝર્વેટિવ્સ દ્વારા સત્તામાંથી સફાયાની આગાહી કરવામાં આવી છે. સૂત્રોએ મીડિયાને જણાવ્યું હતું કે ટ્રુડો મુખ્ય રાષ્ટ્રીય કોકસની બેઠક પહેલાં તેમના રાજીનામાની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. લિબરલ સાંસદોની વધતી જતી સંખ્યાએ તેમને રાજીનામું આપવા માટે હાકલ કરી છે, ૧૫૩માંથી ૧૩૧ સાંસદો તેમની વિરૂદ્ધ છે. સૂત્રોનું કહેવું છે કે કેનેડાના વડાપ્રધાન કાર્યાલયે તમામ કર્મચારીઓને હાજર રહેવા જણાવ્યું છે. ટ્રુડો જ્યાં સુધી નવું નેતૃત્વ ચૂંટાય નહીં અથવા પાર્ટી નવો નેતા ન આપે ત્યાં સુધી વચગાળાના વડાપ્રધાન તરીકે ચાલુ રહેવાની અપેક્ષા છે.

**ટ્રુડોને બદલવાના દાવેદાર**

ક્રિસ્ટિયા ફ્રીલેન્ડઃ તેમણે ટ્રુડોના ડેપ્યુટી પીએમ અને નાણા પ્રધાન તરીકે સેવા આપી છે, ચૂંટાયેલા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીઓને લઈને ટ્રુડો સાથેના મતભેદો વચ્ચે ફ્રીલેન્ડના આઘાતજનક રાજીનામાએ સરકારને સંકટમાં નાખી દીધી. તમામની નજર ફ્રીલેન્ડ પર હશે કારણ કે તેમને તેના મજબૂત આંતરરાષ્ટ્રીય ઓળખ અને આર્થિક કુશળતા સાથે ટ્રુડોનું સ્થાન લેવા માટે સૌથી ઉચ્ચ-પ્રોફાઈલ દાવેદાર તરીકે માનવામાં આવે છે, જો કે ટ્રુડોની સરકાર સાથેનો તેમનું લાંબા સમય સુધીનું જોડાણ જવાબદારી તરીકે ઊભું થઈ શકે છે. માર્ક કાર્નેઃ બેંક ઓફ કેનેડા અને બેંક ઓફ ઈંગ્લેન્ડના પૂર્વ ગવર્નર એવા કાર્ને નેતૃત્વ પદ માટે મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે. તેમની નાણાકીય કુશળતા અને આર્થિક ઓળખાણ તેમની ભવ્ય રાજકીય સિદ્ધિઓમાં મદદ કરી શકે છે, પરંતુ તેમની પાસે રાજકીય અનુભવનો અભાવ છે અને તેમની બહારની સ્થિતિ તેમના નેતૃત્વની દાવેદારીને નુકસાન પહોંચાડી શકે છે. ડોમિનિક લેબ્લેન્કઃ એક વરિષ્ઠ લિબરલ કેબિનેટ મંત્રી અને ટ્રુડોના નજીકના વિશ્વાસુ, લેબ્લેન્ક પાસે નોંધપાત્ર રાજકીય અનુભવ છે જે તેમને નેતૃત્વ પદ માટે સક્ષમ ઉમેદવાર બનાવે છે. ફ્રીલેન્ડની વિદાય પછી લેબ્લેન્ક હાલમાં નાણાં પ્રધાન તરીકે સેવા આપે છે. એક સ્ત્રોતે મીડિયાને જણાવ્યું હતું કે ટ્રુડોએ ચર્ચા કરી હતી કે શું લેબ્લેન્ક વચગાળાના નેતા તરીકે આગળ વધવા તૈયાર છે કે કેમ, જો કે તેમની પાસે ફ્રીલેન્ડ જેવી લોકપ્રિયતાનો અભાવ છે. મેલાની જોલીઃ ટ્રુડોને બદલવાની અન્ય ટોચની દાવેદાર, જોલી વિદેશ મંત્રી તરીકે સેવા આપે છે અને તેમને પીડિત વડાપ્રધાનની નજીક ગણવામાં આવે છે. ભારત, ચીન અને રશિયા સાથેના કેનેડાના સંઘર્ષોના તેના સંચાલનની ટીકા થઈ છે, પરંતુ તે હજુ પણ મજબૂત હરીફ છે. જો કે, ટ્રુડોની સરકાર સાથેના તેમના મજબૂત જોડાણ અને તેમની વિદેશ નીતિના આઉટરીચને કારણે મતદારોને આકર્ષવાના તેમના પ્રયાસો અવરોધાઈ શકે છે. ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પેઈનઃ મોટી આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં દાયકાઓનો અનુભવ ધરાવતા ઉદ્યોગપતિ, વેપાર અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાત, શેમ્પેઈન પણ પાર્ટીના નેતા તરીકે ટ્રુડોને બદલવાની ટોચની દાવેદાર છે. ક્વિબેકના ઉદારવાદી નેતાઓ તેમની પ્રગતિશીલ નીતિઓને કારણે પક્ષના નેતા માટે યોગ્ય પસંદગી તરીકે તેમની તરફેણ કરે છે, જો કે તેમને મધ્યવાદી મતો આકર્ષવામાં પડકારોનો સામનો કરવો પડે છે ક્રિસ્ટી ક્લાર્કઃ બ્રિટિશ કોલંબિયાના પૂર્વ પ્રીમિયર ક્લાર્કે પણ ટ્રુડો પછી પાર્ટીનું નેતૃત્વ કરવામાં રસ દર્શાવ્યો છે. ૫૮ વર્ષીય રાજકારણી કેનેડિયન રાજકારણમાં અગ્રણી વ્યક્તિ છે અને ટ્રુડોની બહાર નીકળવાની હાકલ કરનારા અસંમત લિબરલ રાજકારણીઓમાંના એક છે. તેમણે પીએમ પર 'વિભાજન પેદા કરવાનો' આરોપ પણ લગાવ્યો છે.

**ભારતીય મૂળના બે સાંસદો દોડમાં**

ટ્રુડોની કેબિનેટમાં પૂર્વ સંરક્ષણ પ્રધાન અને વર્તમાન પરિવહન અને આંતરિક વેપાર પ્રધાન અનિતા આનંદને પણ પક્ષનું નેતૃત્વ કરવા માટે સંભવિત અનુગામી તરીકે જોવામાં આવે છે. તેના માતા અને પિતા બંને તમિલનાડુ અને પંજાબના ભારતીય ચિકિત્સકો હતા. ૨૦૧૯થી૨૦૨૧ દરમિયાન, જાહેર સેવાઓ અને પ્રાપ્તિ મંત્રી તરીકે, COVID-19 રોગચાળાની ઊંચાઈએ તબીબી ઉપકરણોને સુરક્ષિત કરવા માટે અગ્રણી કરારની વાટાઘાટો કર્યા પછી, આનંદ રાજકારણમાં નોંધપાત્ર અનુભવ ધરાવે છે. જો કે, ઘણા સાંસદોએ અન્ય ભારતીય મૂળના વચગાળાના નેતા- આલ્બર્ટાના લિબરલ સાંસદ જ્યોર્જ ચહલ માટે પસંદગી વ્યક્ત કરી છે, જેમણે ગયા અઠવાડિયે તે વિનંતી સાથે તેમના કોકસના સાથીદારોને પત્ર લખ્યો હતો. એક વકીલ અને સમુદાયના નેતા, ચહલે વોર્ડ ૫ માટે કેલગરી સિટી કાઉન્સિલર તરીકે વિવિધ સમિતિઓમાં સેવા આપી હતી અને તે પ્રાકૃતિક સંસાધનોની સ્થાયી સમિતિના અધ્યક્ષ અને શીખ કૉકસના અધ્યક્ષ પણ છે. ચહલ પણ ટ્રુડોની વધુને વધુ ટીકા કરતા થયા છે અને તેમને પદ છોડવા અને પાર્ટી માટે નેતૃત્વની હરીફાઈ શરૂ કરવા હાકલ કરી છે. જો કે, જો ચહલ વચગાળાના નેતા તરીકે ચૂંટાય છે, તો તે પીએમ રેસમાંથી બહાર થઈ જશે કારણ કે પરંપરા સૂચવે છે કે વચગાળાના નેતા ઉમેદવાર તરીકે ભાગ લેતા નથી.

**જો ટ્રુડોના રાજીનામા પછી શું ?**

જગમીત સિંઘની આગેવાની હેઠળના પૂર્વ સાથી ન્યુ ડેમોક્રેટિક પાર્ટી (NDP)એ કહ્યું કે તે લિબરલ સરકાર સામે વિશ્વાસ મત મેળવવામાં મદદ કરશે એટલાન્ટિક, ઓન્ટારિયો અને ક્વિબેક કોકસએ સંકેત આપ્યો છે કે તેમની મોટાભાગની સદસ્યતા હવે સુકાન પર ટ્રુડોને સમર્થન આપતી નથી. હાઉસ ઓફ કોમન્સમાં લિબરલ્સ પાસે જે ૧૫૩ બેઠકો છે, તેમાંથી તે ત્રણ પ્રદેશોમાં ૧૩૧ બેઠકો છે. ટ્રુડોએ રાજીનામું આપ્યા બાદ પક્ષ પાસે બે વિકલ્પો છેઃ તેઓ કાં તો રાષ્ટ્રીય કોકસની ભલામણ પર વચગાળાના નેતાની નિમણૂક કરે અથવા ટૂંકી નેતૃત્વ સ્પર્ધા યોજે. નેતૃત્વની હરીફાઈ માટે વડા પ્રધાને ગવર્નર-જનરલ મેરી સિમોનને વિનંતી કરવી પડશે કે સંસદને સ્થગિત કરે, જે બંધારણીય નિષ્ણાતો કહે છે કે આમ કરવામાં આવશે તેની બાંયધરી નથી. જો કે, પક્ષનું એક વિશેષ નેતૃત્વ સંમેલન કરી લિબરલ્સ ટ્રુડોને બદલવા માટે વચગાળાના નેતાની નિમણૂક કરે તેવી શક્યતા છે. પાર્ટીનું બંધારણ સૂચવે છે કે નેતૃત્વની હરીફાઈના કિસ્સામાં નિયમો ઘડવા માટે પાર્ટી કારોબારીએ રાજીનામાના ૨૭ દિવસની અંદર બેઠક બોલાવવી પડશે. ત્રણેય સૂત્રોએ જણાવ્યું હતું કે તેઓ લિબરલ પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની ટ્રુડોને નેતા તરીકે બદલવાની યોજના અંગે અનિશ્ચિત છે. લિબરલ પાર્ટીને ભયંકર પડકારનો સામનો કરી રહી છે. જો વિશેષ નેતૃત્વ સંમેલનને ગોઠવવામાં મહિનાઓ લાગી શકે અને જો તે પહેલાં ચૂંટણી થાય, તો લિબરલ્સ એવા વચગાળાના વડાપ્રધાનના હાથમાં હશે જેને સભ્યો દ્વારા પસંદ કરવામાં ન આવે, જે કેનેડામાં અગાઉ ક્યારેય બન્યું નથી. એવી પણ સંભાવના છે કે ટૂંકી સમય મર્યાદામાં આમ કરવાનું દબાણ ખોટી પસંદગીઓ કરવા તરફ દોરી જશે, જેની રાષ્ટ્રીય કાર્યકારીને પણ જાણ છે.

# કેરળમાં ૨૦૦૫માં CPI(M)ના કાર્યકરની હત્યા બદલ આરએસએસના નવ કાર્યકરોને આજીવન કેદની સજા

(એજન્સી) તા.૭

૧૯ વર્ષ પહેલાં આ ઉત્તર કેરળ જિલ્લામાં CPI(M)ના કાર્યકરની હત્યા બદલ થાલાસેરી કોર્ટે મંગળવારે RSSના નવ કાર્યકરોને આજીવન કેદની સજા ફટકારી છે. ૩ ઓકટોબર, ૨૦૦૫ના રોજ, કન્નાપુરમ ચુંડાના ૨૫ વર્ષીય સીપીઆઈ(એમ) સભ્ય રિજિત શંકરનને આ વિસ્તારમાં બે પક્ષો વચ્ચેના રાજકીય તણાવ દરમિયાન RSS કાર્યકરો દ્વારા ચુંડામાં એક મંદિર પાસે કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી. રિજિત ઘરે જઈ રહ્યો હતો ત્યારે સશસ્ત્ર આરોપીઓએ કૂવા પાસે તેને અને તેના મિત્રો પર હુમલો



કર્યો. હુમલામાં તેના ત્રણ મિત્રો ઘાયલ થયા હતા. ૪ જાન્યુઆરીએ થાલાસેરી એડિશનલ ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટે આરોપીને દોષિત જાહેર કર્યો હતો. આ કેસમાં કુલ ૧૦ આરોપી હતા, જેમાંથી એકનું રોડ અકસ્માતમાં મોત થયું હતું. દોષિતોમાં સુધાકરન (૫૭), જયેશ (૪૧), રણજિત (૪૪), અજિન્દ્રન (૫૧), અનિલકુમાર (૫૨), રાજેશ (૪૬), શ્રીકાંત (૪૭), તેનો ભાઈ શ્રીજીત (૪૩) અને ભાસ્કરન (૬૭)નો સમાવેશ થાય છે. અદાલતે તેમને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવ્યા, જેમાં હત્યા (કલમ ૩૦૨), હત્યાનો પ્રયાસ (કલમ ૩૦૭), ગેરકાયદેસર એસેમ્બલી (કલમ ૧૪૩), રમખાણ (કલમ ૧૪૭), ખોટી રીતે પ્રતિબંધ (કલમ ૩૪૧) અને સ્વૈચ્છિક રીતે શસ્ત્રો વડે ઈજા પહોંચાડવી (કલમ ૩૨૪) સામેલ છે.

### ફલાવર-શોએ ગિનીઝ બુકનો એક રેકોર્ડ પોતાના નામે કર્યો

# અમદાવાદના ફલાવર-શોએ બનાવ્યો વિશ્વ રેકોર્ડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૭

અમદાવાદના ફલાવર-શોએ એક રેકોર્ડ પોતાના નામે કર્યો છે. વિશ્વનું સૌથી મોટું ફલાવર બુકે બનાવવા બદલ ફલાવર-શોનો ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. ૧૦.૨૪ મીટર હાઈટ (૩૪ ફુટ ઉંચો) અને ૧૦.૮૪ મીટર ત્રિજયા ધરાવતો બુકે અહીં બનાવાયો છે. જેને વિશ્વના સૌથી મોટા ફલાવર બુકે તરીકેનું સન્માન મળ્યું છે. આની પહેલા આ રેકોર્ડ યુનાઈટેડ આરબ એમિરેટસની અલ-એઈન મ્યુનિસિપલિટી પાસે હતો. તેણે આ એવોર્ડ ૭ બાય ૭ મીટરના ફલાવર સ્ટ્રકચર માટે (૨૩ ફુટ ઉંચો) ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ એનાયત કરવામાં આવ્યો હતો. આજે તારીખ ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગિનિસ બુકની ટીમ દ્વારા કોર્પોરેશન દ્વારા આવેલ ૧૦.૨૪ મીટર હાઈટ અને ૧૦.૮૪ મીટર ત્રિજયા વાળા ફલાવર બુકેને વિશ્વના સૌથી મોટા ફલાવર બુકે તરીકે સ્થાન પ્રાપ્ત થયું છે. જો તમે પણ આ ફલાવર શોની મુલાકાત લેવા માગતા હોવ તો આ શો આગામી ૨૨ જાન્યુઆરી સુધી ચાલવાનો છે. આ ફલાવર શોમાં વીઝિટ કરવા માટે એએમસી દ્વારા ટિકિટ દર નક્કી કરવામાં આવ્યા છે. ૧૨ વર્ષથી નાની વયના બાળકોને વિના મુલ્યે પ્રવેશ અપાશે. તો સોમવારથી શુક્રવાર ૧૨ વર્ષથી મોટી ઉંમરના વ્યકિત માટે ૭૫ રૂપિયા અને શનિવાર તથા રવિવારે ૧૦૦ રૂપિયા ટિકિટનો દર રહેશે. ઉપરાંત જો તમે સવારે ૯થી ૧૦ કલાક તથા રાત્રે ૧૦થી ૧૧ કલાક પ્રાઈમ ટાઈમમાં ફલાવર શો જોવા માગતા હોવ તો વ્યકિત દીઠ રૂપિયા ૫૦૦ ટિકિટના દર વસુલ કરાશે. બીજી તરફ મ્યુનિસિપલ શાળાના બાળકોનો વિનામૂલ્યે ફલાવરશોમાં પ્રવેશ આપવામાં આવશે.



વિશ્વનો સૌથી મોટો ફ્લાવર બુકે બનાવ્યો

### ભાજપ સંગઠન નવ રચના વચ્ચે અમિત શાહનો ગુજરાત પ્રવાસ મહત્ત્વનો સાબિત થઈ શકે

# કેન્દ્રીય ગૃહમંત્રી પરિવાર અને કાર્યકરો સાથે ઉત્તરાયણ મનાવવા ગુજરાત આવશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ફરી એકવાર ગુજરાત આવી રહ્યા છે. આગામી તા. ૧૪,૧૫,૧૬ જાન્યુઆરી એમ ૩ દિવસ અમિત શાહ ગુજરાતમાં રહેશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અમિત શાહ મકરસંક્રાંતિના દિવસે પતંગ ચગાવશે. ગાંધીનગર સંસદીય વિસ્તારમાં ૨-૩ જગ્યાએ અમિત શાહ પતંગોત્સવમાં હાજરી આપશે.



ગાંધીનગર સંસદીય વિસ્તારમાં બે-ત્રણ જગ્યાએ પતંગોત્સવમાં અમિત શાહ હાજરી આપશે

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપ સંગઠન નવ રચના વચ્ચે અમિત શાહનો ગુજરાત પ્રવાસ ખૂબ જ મહત્ત્વનો ગણાઈ રહ્યો છે. દરમિયાન ભાજપ સંગઠનની રચના સંદર્ભે રાજકીય બેઠકો પણ સંભવ માનવામાં આવી રહી છે. સાથે જ ગુજરાત ભાજપના નવા અધ્યક્ષની પસંદગી વિશે પણ બેઠકમાં ચર્ચા સંભવ માનવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, ભાજપ દ્વારા અલગ અલગ રાજ્યોના પ્રદેશ પ્રમુખોની પસંદગી માટે ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામા આવી છે. જેના અનુસંધાને કેન્દ્રીય ભાજપ દ્વારા ગુજરાત પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી માટે ભૂપેન્દ્ર યાદવને ચૂંટણી અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે. જયારે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને રાજસ્થાન ભાજપના ચૂંટણી અધિકારી બનાવાયા છે.

અમિત શાહ દર વર્ષે મકરસંક્રાંતિમાં કાર્યકરોના ઘરે જઈને પતંગ ચગાવતા હોય છે. આ વર્ષે પણ તેઓ કાર્યકરો સાથે પતંગોત્સવની મજા માણશે. આ વખતે તેઓ ૩ દિવસ ગુજરાતમાં અમદાવાદ અને ગાંધીનગરમાં મકરસંક્રાંતિની ઉજવણી કરી શકે છે. મકરસંક્રાંતિના દિવસે તેઓ પરિવાર સાથે અને ત્યારબાદ તેઓ સંસદીય વિસ્તારની મુલાકાતે જતા હોય છે.

# અહો આશ્ચર્યમ ભાવનગરની કોર્ટે ૩૦ વર્ષનું વ્યાજ ના આપતા પરિવારે હાઈકોર્ટમાં કર્યો કેસ : કોર્ટ સામે નોટિસ કાઢવા આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ભાવનગરની સિવિલ કોર્ટે વર્ષ ૧૯૯૩માં જમા કરાવેલી રૂા.૫.૮૫ લાખની રકમ પર ૩૦ વર્ષનું વ્યાજ ચૂકવવાનો ઈનકાર કરતાં પરિવારના છ સભ્યોએ ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. મિલકત વિવાદ અંગે ભાવનગર કોર્ટમાં દાખલ સિવિલ કેસ દરમિયાન પરિવારના સભ્યોએ આ રકમ જમા કરાવી દીધી છે જો કે, જ્યારે વર્ષ ૨૦૨૩માં ગુજરાત હાઈકોર્ટ દ્વારા કેસનો નિકાલ કરવામાં આવ્યો અને પરિવારે રકમ પરત માંગી, ત્યારે કોર્ટે માત્ર પાંચ વર્ષનું વ્યાજ ઓફર કર્યું. તેથી તેઓએ ૩૦ વર્ષના સમગ્ર સમયગાળા માટે વ્યાજ આપવા માટે હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો.

કેસની વિગતો મુજબ, ત્રિલોક ભટ્ટ અને અન્ય લોકોએ HC સમક્ષ રજૂઆત કરી હતી કે તેઓ મિલકતના હક અંગે પરિવારના અન્ય સભ્યો સાથે સિવિલ કેસ લડી રહ્યા હતા. સિવિલ સુટની સુનાવણી દરમિયાન, ૧૯૯૩માં પક્ષકારોએ મુદ્દાનું સમાધાન કર્યું અને કોર્ટના આદેશ મુજબ, પરિવારના એક વડીલ દ્વારા રૂા.૫.૮૫ લાખની રકમ જમા કરવામાં આવી. જો કે, તેઓ વચ્ચે વિવાદ થતા ફરીથી ગુજરાત હાઈકોર્ટ સુધી મુકદમામાં સામેલ થયા હતા. અંતે, હાઈકોર્ટે વર્ષ ૨૦૨૩માં આદેશ જારી કર્યો અને નીચલી કોર્ટને વર્ષ ૧૯૯૩માં જમા થયેલી રકમ પરત આપવા જણાવ્યું. જ્યારે ભટ્ટે ભાવનગર કોર્ટની એકાઉન્ટ શાખાનો સંપર્ક કર્યો ત્યારે કોર્ટ અધિકારીએ જણાવ્યું હતું કે તેઓ દ્વારા ફિક્સ ડિપોઝીટ ન કરાવી હોવાથી તેમને મૂળ રકમ પર માત્ર પાંચ વર્ષનું વ્યાજ આપવામાં આવશે. ભટ્ટ પરિવારના વકીલે રજૂઆત કરી હતી કે કોર્ટના આદેશથી તેઓ દ્વારા રકમ જમા કરવામાં આવી હતી. નિયમો અનુસાર, કોર્ટમાં જમા કરવામાં આવેલી કોઈપણ રકમ ફિક્સ ડિપોઝિટ દ્વારા બેંકમાં જમા કરાવવી જોઈએ. જો કે, સિવિલ કોર્ટની રજિસ્ટ્રીએ તેમ કર્યું ન હતું. તેથી, તેમને માત્ર પાંચ વર્ષ માટે વ્યાજ મળશે. વકીલે વધુમાં રજૂઆત કરી હતી કે તેમને ૨૪ જૂન, ૧૯૯૩થી વ્યાજ મળવું જોઈએ કારણ કે કોર્ટના વહીવટીતંત્ર દ્વારા ફિક્સ ડિપોઝિટ હોવી જોઈએ. જો પક્ષકારે સ્વેચ્છાએ કોર્ટના ખાતામાં રકમ જમા કરાવી હોત તો એફડીની જરૂર ન હતી. પરંતુ સિવિલ કોર્ટના આદેશ મુજબ રકમ આપવામાં આવી હતી. ત્યારબાદ હાઈકોર્ટે ભાવનગર કોર્ટના પ્રિન્સિપલ સિવિલ જજ અને રજિસ્ટ્રાર જનરલને નોટિસ પાઠવી હતી અને આ મામલો ૧૦ ફેબ્રુઆરીના રોજ સુનાવણી માટે રાખ્યો હતો. હાઈકોર્ટે ભટ્ટને રકમ જમા કરાવવા માટે કોર્ટ દ્વારા જારી કરાયેલ આદેશ રજૂ કરવા પણ કહ્યું હતું.

# અમદાવાદ એરપોર્ટ પર સિક્યુરિટી અને ટેક્સી ડ્રાઈવર વચ્ચે મારામારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરમાં આવેલા સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અવારનવાર સિક્યુરિટી ગાર્ડ, ઓટોરિક્ષા તથા ટેક્સી ડ્રાઈવર વચ્ચે વિવાદ સર્જાતો હોય છે. કેટલીક વખત વાત ઉગ્ર બનતા એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ પણ નોંધાય છે. ત્યારે ગત રાત્રે ફરી એક વખત અમદાવાદ એરપોર્ટ ઉપર ડોમેસ્ટિક ટર્મિનલના બહારના ભાગે સિક્યુરિટી અને ડ્રાઈવર વચ્ચે બોલાચાલી બાદ વિવાદ વકર્યો હતો.

મામલો વધુ ઉશ્કેરાતા મારામારી સુધી સમગ્ર મામલો પહોંચ્યો હતો. જેમાં ઉબેરના ટેક્સી ડ્રાઈવરને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જે સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ગત રાત્રે લગભગ ૧૧:૩૦ની આસપાસ એરપોર્ટ વિસ્તારની બાજુમાં આવેલા ટેક્સી અને રિક્ષાના પાર્કિંગમાંથી ઓલા અને ઉબેર જેવી એપ્લિકેશન સાથે પેસેન્જર લેતા ડ્રાઈવર પોતાની માલિકીની ગાડી લઈને અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના ડોમેસ્ટિક ટર્મિનલ એટલે કે-૧ના રેવલ વિસ્તારમાં પહોંચ્યા હતા. જ્યાં પહેલાથી જ રીક્ષાચાલકો અને એરપોર્ટ બહાર ખાનગી સિક્યુરિટી કંપનીના ગાર્ડ વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો. ટ્રાફિકજામ હોવાથી અને પેસેન્જરનો કોન્ટેક્ટ ન થતા ટેક્સી ડ્રાઈવર પોતે બહાર નીકળીને અરાઈવલ એરિયામાં ફરી રહ્યા હતા. ત્યારે એરપોર્ટ સિક્યુરિટી તથા ભવાની જે.ડી.એક્સ કંપનીના સિક્યુરિટી રીક્ષા ડ્રાઈવર અને ટેક્સી ડ્રાઈવરને મારીને ત્યાંથી હટાવવાની વાત કરી રહ્યા હતા. ઉપરાંત રીક્ષાચાલકો અને સિક્યુરિટી વચ્ચે જીભાજોડી થઈ રહી હતી. તેવામાં એરપોર્ટ પરના ખાનગી સિક્યુરિટી કંપનીના ગાર્ડે ૩૧ વર્ષીય ટેક્સી ચાલકને માથાના ભાગે પાછળથી ફટકો મારતા ઈજાઓ પહોંચી હતી. ઉપરાંત અન્ય છથી સાત લોકોને ઈજાઓ પહોંચી હતી. જેથી ૧૦૮ બોલાવીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમણે પોતાની ફરિયાદ નોંધાવી હતી.

### કોમી એકતાની સુવાસ પ્રસરાવતો પરિવાર

# ભડિયાદ પીરના નિશાનદારો માટે વર્ષોથી ભોજનની વ્યવસ્થા કરતો ધોળકાનો રહેવર પરિવાર

### આ નેક કામ કરવાથી મારા મનને શાંતિ મળે છે અને અમારા પરિવાર ઉપર બુખારી દાદાની ઘણી કૃપા થઈ હોવાથી મારો પરિવાર ઘણો સુખી છે : ઉદેસિંહ રહેવર



(તસવીર : મોહમ્મદી કાંટાવાલા, ધોળકા)

ધોળકા, તા. ૭

ભાલ પંથકનાં શહેંનશાહ અને કોમી એકતાના પ્રતીક એવા ભડીયાદ સ્થિત પીર શહીદ હજરત મહેમુદશાહ બુખારી દાદાની પગપાળા મેદની દરમિયાન અમદાવાદથી ભડીયાદનાં સમગ્ર રૂટ ઉપર ઠેર ઠેર હિન્દુ-મુસ્લિમ કોમી એકતા અને ભાઈચારાનાં અનુપમ દશ્યો જોવા મળે છે. મંગળવારે બુખારી દાદાના નિશાનો સાથેની પગપાળા મેદની ધોળકા આવી પહોંચી હતી. ત્યારે વર્ષોની પરંપરા મુજબ ધોળકાનાં હિન્દુ દરબાર પરિવારનાં નિવૃત્ત આચાર્ય ઉદેસિંહ શિવસિંહ રહેવર અને તેમના પરિવાર દ્વારા બુખારી દાદાના નિશાનો લઈને આવનારા નિશાનદારો અને ભડીયાદ પીરનાં ખાદીમો માટે ધોળકાના ઐતિહાસિક મલાવ તળાવનાં કાંઠે આવેલ પીર છબનશાહ દાદાની દરગાહ ખાતે જમણવારની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ જમણવારમાં ભડિયાદ પીરની દરગાહનાં ખાદીમ સલીમ બાપુ સહિતના ખાદીમો અને નિશાનદારો તથા અબ્દાલો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ જમણવાર દ્વારા ઉદેસિંહ રહેવર પરિવાર કોમી એકતડ, સદ્ભાવના અને ભાઈચારોનો સંદેશ આપે છે. ઉદશિંહ રહેવરે મીડિયા સમક્ષ જણાવ્યા મુજબ ૧૯૫૫ની સાલથી તેમના પિતાએ ભડિયાદનાં નિશાનદારો અને ખાદીમો માટે જમણવારનું કાર્ય શરૂ કર્યું હતું. જેને વર્ષોથીએ ચાલુ રાખ્યું છે અને ભવિષ્યમાં મારા પરિવારજનો ચાલુ રાખશે. આ નેક કામ કરવાથી મારા મનને શાંતિ મળે છે અને અમારા પરિવાર ઉપર બુખારી દાદાની ઘણી કૃપા થઈ હોવાથી મારો પરિવાર ઘણો સુખી છે.

# IIID અમદાવાદ ડિઝાઈન ફેસ્ટિવલ 'De.pulse' ૨૦૨૫નું આયોજન કરશે

### ૯થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન શહેરમાં પ્રિમિયર ડિઝાઈન ફેસ્ટિવલ યોજાશે



અમદાવાદ,તા.૭

ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયન ઈન્ટિરિયર ડિઝાઈનર્સ (આઈઆઈઆઈડી) અમદાવાદ રિજનલ ચેપ્ટર De.pulseને હોસ્ટ કરવા માટે તૈયાર છે. ૯થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન વિજ્ઞાન ભવન સાયન્સ સિટી ખાતે સાંજે ૫ વાગ્યાથી આ પ્રિમિયર ડિઝાઈન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટ, ડિઝાઈનના ભવિષ્યના વ્યાપક સંશોધન માટે સમગ્ર પ્રદેશમાંથી ડિઝાઈન વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને ઉત્સાહીઓને એક સાથે લાવશે. આ ફેસ્ટિવલમાં ટ્રેડ એકસ્પો, નોલેજ સેમીનાર, વર્કશોપ અને ઈન્સ્ટોલેશનની સિરીઝ પણ છે. જે સહકાર અને શીખવા માટે એક અજોડ પ્લેટ ફોર્મ પ્રદાન કરશે. IIID De.pulseની ઉદઘાટન આવૃતિથી થીમ ધ ફયુચર ઓફ ડિઝાઈન ઈન ધ કસ્પ ઓફ અ રિવોલ્યુશન છે જે આજે ક્ષેત્રને આકાર આપી રહેલા સૌથી વધુ મહત્વના મુદ્દાઓ અને નવીનતાઓને સંબોધિત કરે છે. ચાર દિવસીય ઈવેન્ટમાં ડિઝાઈનર્સ પેવેલિયન, ક્રાફટસ પેવેલિયન, અવકાશી અને કલા સ્થાપનો અને ડિપલ્સ ઓનર્સ એવોર્ડ શો જેવા વિવિધ ઘટકોનો સમાવેશ કરાયો છે. જે સમગ્ર પ્રદેશમાં ડિઝાઈનમાં અસાધારણ કાર્યની ઉજવણી કરે છે. આઈઆઈઆઈડી અમદાવાદના ચેરપર્સન દેવદત્ત પંડયાએ જણાવ્યું હતું કે IIID De.pulse અમદાવાદમાં ડિઝાઈન સમુદાય માટે એક આકર્ષક પગલું છે. આ ઈવેન્ટ ડિઝાઈનરો માટે તેમના કાર્યને પ્રદર્શિત કરવાની માત્ર એક તક નથી. પરંતુ આગામી વર્ષોમાં ડિઝાઈનની દિશા પ્રતિબિંબિત કરવાની એક નિર્ણાયક ક્ષણ પણ છે.

### હોસ્પિટલ સામે ધ્વનિ પ્રદૂષણ કરશો તો હવે ખૈર નહીં !

# હોસ્પિટલ પાસે જોરજોરથી ગીતો વગાડતા બે રિક્ષાચાલકની અટકાયત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

હોસ્પિટલ, સ્કૂલ સહિતની કેટલીક એવી જગ્યાઓ છે કે જેને સાઈલેન્ટ ઝોન નક્કી કરવામાં આવ્યો છે, ત્યારે અમદાવાદની સિવિલ હોસ્પિટલની આસપાસ રિક્ષાચાલકોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. જેને લઈને હવે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. સિવિલ હોસ્પિટલની આસપાસ ધ્વનિ પ્રદૂષણ કરતા રિક્ષાચાલકો તેમજ અન્ય વાહનચાલકો વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધવાનું શરૂ કર્યું છે. ગઈકાલે શાહીબાગ પોલીસે ધ્વનિ પ્રદૂષણ કરતા બે રિક્ષાચાલકોની અટકાયત કરીને તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરી હતી. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે પોલીસ વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરતી હોય છે. ગઈકાલે શાહીબાગ પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે સિવિલ હોસ્પિટલ ગેટ નં-૩ની પાસે એક રિક્ષાચાલક જોરજોરથી રિક્ષામાં મ્યૂઝિક વગાડી રહ્યો હતો. સિવિલ હોસ્પિટલ પાસે સાઉન્ડ સિસ્ટમ વગાડવાના કારણે દર્દીઓને હેરાનગતી થતી હોવાથી પોલીસે કાર્યવાહી કરવાનું નક્કી કર્યું છે. પોલીસે પંચો તેમજ સાક્ષીઓને બોલાવીને રિક્ષાચાલકની અટકાયત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રિક્ષાચાલકનું નામ રોહિત પટણી છે અને તે શહેરકોટડા વિસ્તારમાં રહે છે. પોલીસે રોહિતની અટકાયત કરીને તેના વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે, જ્યારે રિક્ષા પણ કબજે લીધી છે. આ સિવાય સિવિલ હોસ્પિટલના કોર્નર પાસે પણ એક રિક્ષાચાલક જોરજોરતી મ્યૂઝિક સિસ્ટમ વગાડી રહ્યો હતો. પોલીસે તેની અટકાયત કરીને પૂછપરછ કરી હતી. રિક્ષાચાલકનું નામ સુરજ પ્રજાપતિ છે અને તે શહેરકોટડા વિસ્તારમાં આવેલી લક્ષ્મીપુરાની ચાલીમાં રહે છે. પોલીસે સુરજની પણ રિક્ષા કબજે લઈને તેના વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે. જોરજોરથી સાઉન્ડ સિસ્ટમ વગાડવાના કારણે દર્દીઓને હેરાનગતિ થઈ રહી હતી. પોલીસે બંને રિક્ષાચાલકો સામે ગુનો દાખલ કર્યો છે.

સિવિલ હોસ્પિટલ સિવાય નરોડા, કૃષ્ણનગર સહિતની જગ્યાઓ પર ધ્વનિ પ્રદૂષણ કરતા તત્વો વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. હાઈકોર્ટે પણ ધ્વનિ પ્રદૂષણ કરતા તત્વો વિરૂદ્ધ કાર્યવાહી કરવાની સૂચના આપી છે. જેના પગલે પોલીસ કેસ કરી રહી છે. જો સિવિલ હોસ્પિટલની આસપાસ ધ્વનિ પ્રદૂષણ કરશો તો તરત જ કાર્યવાહી કરવામાં આવશે.

# આણંદમાં બોરસદ ખાતે જાહેર રસ્તા પર ગેરકાયદે બાંધકામ કરવાના કેસમાં હાઈકોર્ટે જારી કરી નોટિસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

આણંદમાં બોરસદ ખાતે સ્થાનિક શખ્સ દ્વારા જાહેર રસ્તા પર ગેરકાયદે બાંધકામ કરવાના કેસમાં ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી કરવામાં આવતા તેની પ્રાથમિક સુનાવણી બાદ જસ્ટિસ મૌના ભટ્ટે આણંદ જિલ્લા કલેકટર, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને નોટિસ જારી કરી સમગ્ર મામલે જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે પબ્લીક રોડ પર ગેરકાયદે બાંધકામ કરનારને પ્રતિવાદી પક્ષકાર તરીકે જોડવા પણ અરજદારને પરવાનગી આપી હતી. આ બાબતે સ્થાનિક નાગરિકે સરપંચ, તલાટીથી લઈ મામલદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, કલેકટર સહિતના તમામ સત્તાવાળાઓ સમક્ષ છેલ્લા આઠ વર્ષોથી રજૂઆત કરવા છતાં કોઈ જ પગલાં નહી લેવાતાં આખરે તેને હાઈકોર્ટમાં પિટિશન કરવાની ફરજ પડી હતી.

કેસની વિગતો મુજબ અરજદાર બોરસદના રાવળપુરા ગામે વર્ષોથી રહે છે ત્યાં ગ્રામ પંચાયતના જાહેર રસ્તા પર તેમની સામે જ રહેતા સ્થાનિક શખ્સ મગન નાનાભાઈ પરમાર દ્વારા કથિત રીતે ગેરકાયદેસર રીતે બાંધકામ કરી દેવાયું છે. જેને લઈને આ જાહેર રસ્તો સાંકડો થઈ ગયો છે અને વાહન સાથે ત્યાંથી જવુ ખૂબ મુશ્કેલ અને અગવડભર્યુ બની રહ્યું છે. સ્થાનિક લોકોથી લઈ ત્યાંથી અવરજવર કરતાં નાગિરકો ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે. અરજદારે આ સમગ્ર મામલે સ્થાનિક ગ્રામ પંચાયત, નગરપાલિકા, મામલતદાર, ટીડીઓ, ડીડીઓથી લઈ આણંદ જિલ્લા કલેકટર સુધી વર્ષોથી વારંવાર અનેક રજૂઆતો કરી હોવાછતાં આજે આઠ-નવ વર્ષો વીત્યા બાદ પણ હજુ સુધી આ ગેરકાયદે બાંધકામ દૂર કરાયુ નથી.

અરજદારને અદાલત સમક્ષ એ પણ સ્પષ્ટ કર્યું કે, આ કોઈ વ્યકિતગત વિવાદ કે તકરારનો વિષય નથી પરંતુ ગ્રામ પંચાયતાન જાહેર રસ્તા પર નડતરરૂપ બાંધકામનો સંવેદનશીલ મુદ્દો છે. કાયદામાં જાહેર રસ્તા અને પબ્લીક રોડ પર આ પ્રકારે ગેરકાયદે બાંધકામની કોઈ મંજૂરી નથી અને તેથી તેને તાત્કાલિક દૂર કરવું જોઈએ. એટલું જ નહી, આટલા વર્ષોથી જાહેર રસ્તા પરથી ગેરકાયદે બાંધકામ દૂર નહી કરનાર તમામ જવાબદાર કસૂરવાર સરકારી અધિકારીઓ વિરૃધ્ધ કાયદેસર પગલાં લેવા પણ અરજીમાં માંગણી કરવામાં આવી હતી.

### કરોડોનો વીમો પાસ કરાવવા રચેલ ષડયંત્રનો પર્દાફાશ

# પાલનપુર-અંબાજી હાઈવે પર ધનપુરા પાસે ધ બર્નિંગ કારના ચકચારી કેસનો મુખ્ય આરોપી ઝડપાયો

### વીમો મંજૂર કરાવવા પોતાના મોતનું તરકટ રચી મજૂરની હત્યા કરી કાર સાથે સળગાવનાર ફરાર આરોપી મુમનવાસથી ઝડપાયો

પાલનપુર, તા.૭

પાલનપુર-અંબાજી હાઈવે પર ધનપુરા પાસે ધ બર્નિંગ કારના ચકચારી કેસનો મુખ્ય આરોપી આખરે પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. રૂા.૧.૨૬ કરોડનો વીમો પાસ કરાવવા પોતાના જ મોતનું તરકટ રચવાના કેસમાં પોતાની હોટલ પર કામ કરતા શ્રમિકની હત્યા કરી કાર સાથે સળગાવી મુકનાર ફરાર આરોપીને ઝડપી લઈ પોલીસે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. પાલનપુર તાલુકાના ઢેલાણા ગામના દલપતસિંહ ઉર્ફે ભગવાનસિંહ પરમાર (રાજપૂત) નામના વ્યક્તિએ હોટલ બનાવવા લોન લીધી હતી. જોકે, માથે દેવું થઈ જતા તેને ક્રાઈમ પેટ્રોલ જેવી ટીવી સિરિયલો જોઈને નવો તુક્કો સુજયો હતો. જે મુજબ તેણે રૂા.૧.૨૬ કરોડનો વીમો પાસ કરાવવા માટે પોતાના જ મોતનું ષડયંત્ર રચ્યું હતું. જેમાં તેણે તેના સાગરીતોની મદદથી કારમાં એક મૃતક વ્યક્તિના મૃતદેહને મૂકી કાર બાળી નાખી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. જેમાં ઢેલાણાના સ્મશાનમાંથી રમેશ સોલંકી નામના વ્યક્તિ સહિતના ૨ કંકાલ બહાર કાઢવામાં આવ્યા હતા. પરંતુ કંકાલ ક્ષત વિક્ષિત હોઈ તેનો નિકાલ કરી દેવામાં આવ્યો હતો. બાદમાં પોતાની હોટલમાં કામ કરતા અમીરગઢના વિરમપુરના રેવાજી મોહનજી ગામેતી(ઠાકોર) નામના શ્રમિકની હત્યા કરી તેના મૃતદેહને સળગાવી દેવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. જે કેસમાં મુખ્ય આરોપી દલપતસિંહ રાજપૂત ફરાર હતો. જેને પોલીસે હ્યુમન અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે મુમનવાસ પાસેથી દબોચી લીધો હતો. પોલીસે આ ગુનાના મુખ્ય આરોપી સહિત ૯ આરોપીઓને ઝડપી લઈ સમગ્ર ગુનાનો ભેદ ઉકેલી લીધો છે.

# દાણીલીમડા વિસ્તારમાં હોર્ન વગાડવા મામલે થઈ બબાલ

### ભાજપ-કોંગ્રેસના ટોળા પોલીસ સ્ટેશને પહોંચ્યાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

શહેરના દાણીલીમડા વિસ્તારમાં હોર્ન વગાડવા અને વાહન અથડાવા બાબતે મારામારીની ઘટના બની હતી. જેમાં ભાજપના પૂર્વ પ્રમુખ રાજુ વાઘેલાનો પુત્ર અર્થ અને સુફિયાન વચ્ચે મારામારી થઈ હતી. હોર્ન વગાડવા અને વાહન અથડાવા જેવી બાબતમાં વાહનની તોડફોડ કરી. દાણીલીમડા વિસ્તારમાં મંગલાવિકાસ રોડ પાસે આ બનાવ બન્યો હતો. જેમાં કોંગ્રેસ અને ભાજપના લોકોના ટોળા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા તેમજ પોલીસ સ્ટેશનની બહાર સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. પોલીસ દ્વારા ક્રોસ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી હતી.

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિ. દ્વારા ફેસ્ટિવલ સ્વર્ણિમ વાઈબ્રન્સ ૨૦૨૫ની જાહેરાત

અમદાવાદ,તા.૭

ગાંધીનગરમાં આવેલી સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓમાં રહેલી ખેલદિલી, સર્જનાત્મકતા અને નવીનીકરણને બિરદાવવા માટે એક અઠવાડિયા સુધી ફેસ્ટિવલ સ્વર્ણિમ વાઈબ્રન્સ ૨૦૨૫નું આયોજન કર્યું છે. ૭થી ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ દરમ્યાન યોજાનારા આ કાર્યક્રમમાં અભ્યાસેત્તર પ્રવૃતિઓ ઉપરાંત રમતગમતના સ્પર્ધાત્મક કાર્યક્રમોનું રોમાંચક મીશ્રણ જોવા મળશે, જેમાં સમગ્ર કેમ્પસમાંથી વિદ્યાર્થીઓ ભાગ લઈ શિક્ષણ ઉપરાંતની તેમની પ્રતિભાઓને પ્રદર્શિત કરશે.

રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળ:

શનિવાર, 11 જાન્યુઆરી 2025; સાંજે 7:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.

રાજપૂત છાત્રાલય ગ્રાઉન્ડ, હોસ્ટેલ ગ્રાઉન્ડ સામે, મોહીસર જિન કમ્પાઉન્ડ, ભરૂચ – 392 001, ગુજરાત.

નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: દીપક ચૌહાણ, મોબાઈલ : 94089 75787.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે.

વોક-ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

ઓન લાઈન ટેન્ડર ટૂંકી મુદ્દતની જાહેર નિવિદા નં.૧૮ સને.૨૦૨૪-૨૦૨૫ (બીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,(સ્ટેટ), મુખ્ય પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન નં. ૨૨૩૧૦૦, દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના રોડ વર્ક તથા બિલ્ડીંગ વર્કના કામ માટે ઈ-ટેન્ડર પધ્ધતિથી ટેન્ડરો માંગવામાં આવે છે.આ કામની વિગતવાર નોટીસ માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in & eprocure.gov.in ઉપર જોવા મળશે.

| ક્રમ | વિગત | તારીખ / સમય |
|---|---|---|
| ૧ | કોરા ભાવપત્રકો ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૧૫/૦૧/૨૦૨૫ ૧૬:૦૦ કલાકે |
| ૨ | ભરેલ ભાવપત્રકો ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ | ૧૫/૦૧/૨૦૨૫ ૧૮:૦૦ કલાકે |
| ૩ | ભાવપત્રક ખોલવાની સંભવિત તારીખ | ૧૬/૦૧/૨૦૨૫ ૧૦.૩૦ કલાકે |
| ૪ | ટેન્ડર ડોકયુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી થી સબ મીટ કરવાની તારીખ | ૧૭/૦૧/૨૦૨૫ થી ૨૨/૦૧/૨૦૨૫ |
| ૫ | પ્રિ-બીડ મીટીંગ ક્રમ નં.(૧) ના કામ માટે અ.ઈ.શ્રી મા.મ.વર્તુળ-૨ બહુમાળી ભવન, બ્લોક નં.૧/૭ રાજકોટ ખાતે. | ૧૩/૦૧/૨૦૨૫ ૧૨.૦૦ કલાકે |

જિમાક/અમરે/જાહેરાત/

# પશ્ચિમ બંગાળ : સીએમ મમતા બેનરજીએ ૧૪ જાન્યુઆરી પહેલા જ ગંગાસાગર મેળાની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું

## આ પ્રસંગે જનસમૂહને સંબોધન કરતા મમતાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર મુરી ગંગા ઉપર રૂપિયા ૧૫૦૦ કરોડના ખર્ચે પુલનું નિર્માણ કરશે જેથી કરીને લોકો આરામથી સાગર ટાપુની મુલાકાત લઈ શકે



(એજન્સી) કોલકાતા,તા.૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ૧૪ જાન્યુઆરીથી શરૂ થતા ગંગાસાગર મેળા પહેલા જ આજે મેળાની તૈયારીઓનું નિરીક્ષણ કરવા માટે સાગર ટાપુની મુલાકાત લીધી હતી. તેમણે આ પ્રસંગે જન સમૂહને સંબોધન કરતા જણાવ્યું હતું કે મુરી અને ગંગા પર રાજ્ય સરકાર રૂપિયા ૧૫૦૦ કરોડના ખર્ચે એક પુલનું નિર્માણ કરનાર છે જેથી કરીને લોકો આસાનીથી સાગર ટાપુની મુલાકાત લઈ શકે. મેં કેન્દ્ર સરકાર અને કેન્દ્રના મંત્રી સાથે પણ આ અંગે વાતચીત કરી હતી અને મને ખાતરી અપાયા છતાં પુલનું નિર્માણ કરવામાં આવ્યું નથી એટલે હવે અમારી સરકાર આવો જ પુલ બનાવવા જઈ રહી છે. બેથી ત્રણ વર્ષની અંદર આ પુલ તૈયાર થઈ જશે. તેમણે જાહેર કર્યું હતું કે ગંગાસાગર મેળા મહોત્સવ દરમિયાન કોઈ જાનહાની થાય તો એ માટે વીમા કવચ પણ પ્રદાન કરવામાં આવી રહ્યું છે કેમ કે ગંગાસાગર મેળાથી અર્થતંત્રને ખૂબ જ મદદ મળે છે અને વિકાસ થાય છે. કેન્દ્ર સરકારને આડેહાથ લેતા મમતાએ ફરી એકવાર ગંગા સાગર મેળાને રાષ્ટ્રીય મહોત્સવનો દરજ્જો આપવા માટે કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે મહાકુંભ મેળા માટે કેન્દ્ર સરકાર હજારો કરોડ રૂપિયા આપે છે પણ અમે વારંવાર વિનંતીઓ કર્યા છતાં આ મેળાને એટલે કે ગંગાસાગર ઉત્સવને રાષ્ટ્રીય ઉત્સવનો દરજ્જો આપવામાં આવ્યો નથી. ઓરિસ્સા સરકારની ટીકા કરતા મમતાએ કહ્યું હતું કે બંગાળમાં રવિવારે પ્રવેશી ગયેલા વાઘના રેસ્ક્યુ માટે ઓરિસ્સા સરકારે તેમના વન વિભાગની એક ટીમ મોકલવી જોઈએ. તેમણે કહ્યું હતું કે થોડા દિવસ પહેલા અમારી સરકારના વન વિભાગના અધિકારીઓએ બંગાળમાં પ્રવેશી ગયેલા વાઘને પાંજરે પુરવા માટે પાંચ દિવસ અને રાત સુધી ખૂબ જ મહેનત કરી હતી અને જેવો વાઘ પકડાઈ ગયો કે તુરંત જ તેને પાછો મોકલી દેવા માટે ઓરિસ્સા સરકાર તરફથી સંદેશા શરૂ થઈ ગયા હતા પણ જો તમે તમારા રાજ્યમાં વાઘને સાચવી શકતા ન હો તો અમારે ત્યાં પણ ટાઇગર રિઝર્વ પાર્ક છે ત્યાં તમારા વાઘને મોકલી આપો. હવે જો વાઘ બંગાળમાં પ્રવેશ કરશે તો ઓરિસ્સાએ એમની ટીમ જ રેસ્ક્યુ માટે મોકલવાની રહેશે.

# બાંગ્લાદેશમાં આપણા કેટલાક માછીમારોને માર મારવામાં આવ્યો : મમતા બેનરજી

## માછીમારોને સમુદ્રમાં ઊંડે સુધી ન જવાની તાકીદ કરતા મુખ્યમંત્રી મમતા બેનરજીએ ઉલ્લેખ પણ કર્યો કે રાજ્ય સરકારે માછીમારોના કલ્યાણ માટે સંખ્યાબંધ યોજનાઓ શરૂ કરી છે

(એજન્સી) કોલકાતા, તા.૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ બાંગ્લાદેશની જેલમાંથી મુક્ત થઈને આવેલા ૯૫ જેટલા માછીમારોનું બહુમાન કર્યું હતું. સાગર ટાપુ પર યોજાયેલા માછીમારોના સન્માનના કાર્યક્રમમાં બોલતા મમતા બેનરજીએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં આપણા ઘણા બધા માછીમારોને સખત માર મારવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે એક એક માછીમારને તો મેં લંગડાતી હાલતમાં ચાલતા જોયા હતા. મેં એમને કારણ પૂછ્યું ત્યારે શરૂઆતમાં તો તેમણે મને કશું કહ્યું નહોતું પણ એ પછી મને કહેવામાં આવ્યું હતું કે એમના હાથ બાંધીને બાંગ્લાદેશમાં એમને પગમાં માર મારવામાં આવ્યો હતો એટલે આવી રીતે લંગડાતી જ ચાલથી ચાલી રહ્યા હતા. મુખ્યમંત્રીએ જાહેર કર્યું હતું કે મૃતક માછીમારના પરિવારજનોને રૂા.૨,૦૦,૦૦૦ની સબસિડી આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે આપણી સરકારે તમામ માછીમારોને ઓળખ કાર્ડ આપ્યા છે એટલે આ કાર્ડ મારફત આપણે એમનો પત્તો મેળવી શકીએ છીએ. અમે સાંભળ્યું છે કે તેઓ બધા આંતરરાષ્ટ્રીય



સમુદ્રમાં માછીમારી કરી રહ્યા હતા અને અમે જ્યારે સંપર્ક કર્યો ત્યારે ખબર પડી કે એમની અટકાયત કરી લેવામાં આવી છે. બંને દેશો એક સાથે સંપર્કમાં છે. કાયદા મુજબ અમે ગોઠવ્યું કે માછીમારો પરત આવે નહીં ત્યાં સુધી તેઓ જેલમાં રહેશે અને અમે કેન્દ્ર સરકારને પણ આ અંગે માહિતગાર કરી હતી. જે લોકોને ઈજા થઈ છે તેમને રાજ્ય સરકાર તરફથી સારવાર આપવામાં આવશે. તેમણે બહુ ઊંડા સમુદ્રમાં ન જવા માછીમારોને તાકિદ કરી હતી અને એવો ઉલ્લેખ પણ કર્યો હતો કે અમારી સરકારે માછીમારોના કલ્યાણ માટે સંખ્યાબંધ યોજનાઓ શરૂ કરી છે.

અસીત વિશ્વાસ નામના એક માછીમારે જણાવ્યું હતું કે મારો તમામ માલસામાન બાંગ્લાદેશમાં લઈ લેવામાં આવ્યો હતો અને મને બાગેરહાટ જેલ લઈ જવામાં આવ્યો હતો ત્યાં મને ખૂબ જ નિર્દયતા સાથે માર મારવામાં આવ્યો હતો એટલે હું સીધો ઉભો રહી શકતો નથી અને બરાબર ચાલી શકતો પણ નથી. બીજા એક માછીમાર ગુરંગ વિશ્વાસે પણ પોતાને લાકડીઓથી અને ધોકાથી માથામાં અને શરીર પર માર મારવામાં આવ્યો હોવાની ફરિયાદ કરી હતી. આજે ભારતમાં અટકાયતમાં રહેલા સંખ્યાબંધ બાંગ્લાદેશી માછીમારોને પણ સરકારે મુક્ત કર્યા છે એ નોંધપાત્ર છે. રવિવારે માછીમારો વતન પરત આવ્યા હતા તેમ કોસ્ટ ગાર્ડની એક યાદીમાં જણાવ્યું હતું. ભારત અને બાંગ્લાદેશના બંનેના કોસ્ટ ગાર્ડ વચ્ચે સંકલન અને સમજૂતી મુજબ બંને દેશના માછીમારોની આપ લે કરવામાં આવી હતી. ભારતીય પોસ્ટ ગાર્ડના બે જહાજ ICG વરાળ અને અમૃત કોર મારફત ૯૫ ભારતીય માછીમારોને અને ચાર ફિશિંગ બોટને ભારત પાછા લાવવામાં આવ્યા હતા અને ૯૦ જેટલા બાંગ્લાદેશી માછીમારોને બાંગ્લાદેશને સોંપવામાં આવ્યા હતા. જેમાં ભારતીય દરિયામાં ડૂબી રહેલી કૌશિક નામની બોટમાંથી બચાવી લેવાયેલા બાર બાંગ્લાદેશી માછીમારોનો પણ સમાવેશ થાય છે.

# ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકી વચ્ચે સલમાન ખાને ગેલેક્સી એપાર્ટમેન્ટની બાલ્કનીમાં બુલેટપ્રૂફ ગ્લાસ લગાવ્યો

(એજન્સી) તા.૭

સલમાન ખાનને લઈ મોટી અપડેટ સામે આવી છે. વાસ્તવમાં બોલિવૂડ એક્ટર સલમાન ખાન માટે વર્ષ ૨૦૨૪ ઘણું ડરામણું હતું. એપ્રિલમાં ગેલેક્સી પર ગોળીબાર અને પછી બાબા સિદ્દીકીની હત્યા પછી તેને પાછળ-પાછળની ધમકીઓ મળી રહી હતી તેણે માત્ર ભાઈજાનને જ નહીં પરંતુ તેના પરિવાર અને ચાહકોને પણ આંચકો આપ્યો હતો. અભિનેતા તેના ઘરની બાલ્કનીમાં પણ આવતો ન હતો. પરંતુ હવે કદાચ અમે તેમને ઈદના અવસર પર જોઈ શકીશું કારણ કે તેમના ઘરને બુલેટપ્રુફ બનાવી દેવામાં આવ્યું છે. સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર રિનોવેશનનું કામ ચાલી રહ્યું હતું. હવે તે કામ એક રીતે પૂર્ણ થાય તેવું લાગી રહ્યું છે. અભિનેતાની બાલ્કનીમાં બુલેટપ્રુફ ગ્લાસ લગાવવામાં આવ્યો છે. તેની બાલ્કનીને ઢાંકી દેવામાં આવી છે. જેના કારણે બુલેટ તેમાંથી પસાર થઈ શકશે નહીં. અને તે ખાસ પ્રસંગોએ રિલેક્સ





મોડમાં ચાહકોને મળી શકશે. આ દિવસોમાં સલમાન ખાન તેની આગામી ફિલ્મ 'સિકંદર'ના શૂટિંગમાં વ્યસ્ત છે. જે ઈદના અવસર પર રિલીઝ થશે. આમાં તે રશ્મિકા મંદન્ના સાથે જોવા મળશે. તેની પાસે 'બિગ બોસ ૧૮' હોસ્ટ કરવાનું કામ પણ છે. તેને મહારાષ્ટ્ર સરકાર તરફથી Y+ સુરક્ષા મળી છે. તેમજ બાબા સિદ્દીકીની હત્યા કરવામાં આવી ત્યારે અન્ય એક વર્તુળમાં વધારો થયો હતો. નોંધનિય છે કે, સલીમ ખાને ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, એપ્રિલ ૨૦૨૪માં ફાયરિંગની ઘટના અને ધમકીઓ બાદ મુંબઈ પોલીસે સાવચેતીના ભાગરૂપે અભિનેતાને બાલ્કની અને રસ્તાની સામેની બારીઓ તરફ જવાની મનાઈ ફરમાવી હતી. પરિવારના સભ્યોને પણ આવું કરવા માટે કહેવામાં આવ્યું હતું. પરંતુ તેણે તેનો ઉકેલ લાવી ઘરને બુલેટપ્રુફ બનાવી દીધું.

# મોદી ચીન મુદ્દે શા માટે "કાયરતા" બતાવી રહ્યા છે : કોંગ્રેસે વડાપ્રધાન પર પ્રહાર કર્યો

(એજન્સી) તા.૭

ચીને ભારતનો વિસ્તાર બે કાઉન્ટીમાં દર્શાવ્યો છે. ચીને તેમના નામ પણ નક્કી કર્યા છે. મોદી સરકાર પણ યોગ્ય જવાબ આપી શકતી નથી. જો કે, ભારતે રાજદ્વારી માધ્યમો દ્વારા આ મુદ્દે પોતાનો વાંધો અને વિરોધ વ્યક્ત કર્યો છે. ભારતની મુખ્ય વિપક્ષી પાર્ટીએ આ મુદ્દે મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. લદ્દાખ ક્ષેત્રમાં ચીને ભારતીય જમીન પર કબજો જમાવ્યો હોવાના આરોપો પર મોદીએ એકવાર કહ્યું હતું કે, અમારી સરહદમાં કોઈ ઘૂસ્યું નથી અને પ્રવેશ કરશે પણ નહીં. પરંતુ મોદીના આ નારાની વાસ્તવિક સ્થિતિ આજે સામે આવી ગઈ છે. આ પહેલીવાર નથી કે જ્યારે બેઈજિંગે તેના નકશા પર ભારતીય પ્રદેશો પર દાવો કર્યો હોય. ૨૦૧૭માં, ચીને અરૂણાચલ પ્રદેશમાં છ સ્થળો માટે 'પ્રમાણભૂત' નામોની પ્રાથમિક યાદી બહાર પાડી હતી. ૨૦૨૧માં, તેણે ૧૫ સ્થાનોની બીજી સૂચિ બહાર પાડી, જેમાં ૨૦૨૩માં વધારાના ૧૧ સ્થાનોનાં નામ આપવામાં આવ્યાં હતા. કોંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ લદ્દાખમાં બે કાઉન્ટીઓ સ્થાપવા માટે ચીનને ક્લીનચીટ આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરી હતી અને વડા પ્રધાનને પ્રશ્ન કર્યો હતો કે તેઓ તેમનાથી કેમ ડરે છે. મીડિયા સાથે વાત કરતા તિવારીએ કહ્યું કે, તેઓ ભારતની જમીન પર એક કાઉન્ટી બનાવી રહ્યા છે. અમારા પીએમ પહેલા જ તેને ક્લીનચીટ આપી ચૂક્યા છે, પછી ભલેને કોઈ આવ્યું હોય કે મુસાફરી કરી હોય. પરંતુ મોદી શા માટે ડરે છે ? ચીન મુદ્દે તેઓ સંસદમાં તેના પ્રશ્નોના જવાબ પણ નથી આપતા અને જો જવાબ આપે છે તો પણ તે અધૂરો હોય છે. કોંગ્રેસ નેતા તિવારીએ કહ્યું કે, આ દેશનો દરેક ભાગ અમારો છે. આ મોદીની નબળાઈ દર્શાવે છે અને હું સરકારની આ નીતિની નિંદા કરૂં છું. તમે ચીન સામે તમારો અવાજ કેમ ઉઠાવી શકતા નથી ? તિવારીએ બ્રહ્મપુત્રા નદી પર બંધના નિર્માણની પણ ટીકા કરતા કહ્યું કે તેનાથી ભારતમાંથી આવતા પાણીના પ્રવાહને અસર થશે. બ્રહ્મપુત્રા પર બની રહેલા બંધથી ભારતમાં પાણીનો પ્રવાહ ઘટશે. તેની અસર અરૂણાચલ પ્રદેશ અને આસામ પર પણ પડશે. આ પહેલા કોંગ્રેસના નેતા પવન ખેરાએ પણ મોદી સરકારની ટીકા કરી હતી અને કેન્દ્રને આ મુદ્દાને ગંભીરતાથી લેવા વિનંતી કરી હતી. ખેડાએ જણાવ્યું હતું કે શુક્રવારની પ્રેસ કોન્ફરન્સમાં વિદેશ મંત્રાલય દ્વારા જરૂરી વાંધો ઉઠાવવામાં આવ્યો હોવા છતાં સરકાર આ મુદ્દે ગંભીર નથી. કોંગ્રેસના નેતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ મુદ્દે આત્મમંથન કરવા વિનંતી કરી અને કહ્યું કે, વિદેશ મંત્રીનો વાંધો પર્યાપ્ત નથી. આવા પગલાં લેવાનો ચીનનો વિશ્વાસ પીએમ મોદી દ્વારા તેઓને આપવામાં આવેલી 'ક્લીન ચિટ' થી છે. ચીનને ૨૦ જૂન ૨૦૨૦ના રોજ આપણા ક્ષેત્રમાં ઘૂસણખોરી બાદ મોદી દ્વારા આપવામાં આવેલી ક્લીનચીટ પર વિશ્વાસ છે. હવે જ્યારે ચીને હોટન પ્રીફેક્ચરમાં બે કાઉન્ટીઓ બનાવી છે, આ એક એવો વિસ્તાર છે જે પરંપરાગત રીતે, અને ઐતિહાસિક રીતે અમારો રહ્યો છે અને અમે આ વિસ્તાર પરના અમારા દાવા વિશે ખૂબ જ સ્પષ્ટ છીએ. વિદેશ મંત્રાલયે આ મુદ્દે કહ્યું હતું કે ભારતે આ ક્ષેત્રમાં બે નવા 'કાઉન્ટીઓ'ની સ્થાપનાને લઈને ચીન સામે જોરદાર વિરોધ નોંધાવ્યો છે, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ હેઠળનો વિસ્તાર પણ સામેલ છે અને આ જણાવ્યું હતું કે નવી દિલ્હીએ ક્યારેય બેઈજિંગના ગેરકાયદે કબ્જાને સ્વીકાર્યું



નથી. ભારત અને ચીન વચ્ચે ૨૦૨૦માં જ્યારે પૂર્વી લદ્દાખમાં સૈનિકો વચ્ચે અથડામણ થઈ ત્યારે ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. જેમાં ભારતીય જમીન પર કબજો કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો, જેના પર મોદીએ કહ્યું હતું કે ન તો કોઈ અમારી સરહદમાં ઘૂસ્યું છે અને ન તો અમારી કોઈ પોસ્ટ બીજા કોઈના કબજામાં છે. ૨૦૧૭માં ચીનના સૈનિકો ભૂટાનના ડોકલામ વિસ્તારમાં ઘૂસી ગયા હતા અને ભારતીય સૈન્ય ચોકીઓ માટે ખતરો ઉભો કરી રહ્યા હતા. ત્યારપછી ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે બે મહિનાથી વધુ સમય સુધી ઝપાઝપીના અહેવાલો આવ્યા. પરંતુ તે પછી પણ ભારત ચીનને એવો પાઠ ભણાવી શક્યું ન હતું કે તે ગલવાન ઘાટીમાં ઘૂસવાની હિંમત ન કરે. બેઈજિંગે તિબેટમાં બ્રહ્મપુત્રા નદી પર વિશ્વના સૌથી મોટા બંધના નિર્માણને મંજૂરી આપ્યાના દિવસો બાદ ભારતે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ભારતે આ મેગા હાઈડલ પ્રોજેક્ટ અંગે ચીનના પક્ષને તેની ચિંતાઓ જણાવી છે. આ પ્રોજેક્ટે ભારત અને બાંગ્લાદેશના નીચાણવાળા રાજ્યોમાં ચિંતાઓ ઉભી કરી છે. બ્રહ્મપુત્ર ડેમ પ્રોજેક્ટના નિર્માણ અંગે ચીન દ્વારા ભારતને જાણ કરવામાં આવી ન હતી, જે બંને દેશો વચ્ચેની પરંપરા રહી છે અને મીડિયા અહેવાલોમાંથી જાણવા મળ્યું છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ US$૧૩૭૦૦ કરોડ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું છે કે, 'અમે ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ચીનના તિબેટ સ્વાયત્ત ક્ષેત્રમાં યાર્લુંગ ત્સાંગપો નદી પરના હાઈડ્રોપાવર પ્રોજેક્ટ વિશે સિન્હુઆ દ્વારા જાહેર કરેલી માહિતી જોઈ છે. અમે નિષ્ણાંત સ્તરે તેમજ રાજદ્વારી માધ્યમો દ્વારા તેમના પ્રદેશમાં નદીઓ પરના મેગા પ્રોજેક્ટ્સ અંગે ચીનના પક્ષ સમક્ષ સતત અમારા મંતવ્યો અને ચિંતાઓ વ્યક્ત કરી છે. ડાઉનસ્ટ્રીમ દેશો સાથે પારદર્શિતા અને પરામર્શની જરૂરિયાત સાથે તાજેતરના અહેવાલને પગલે આનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, ચીનને એ સુનિશ્ચિત કરવા વિનંતી કરવામાં આવી છે કે બ્રહ્મપુત્રાના નીચલા ભાગોમાંના રાજ્યોના હિતોને ઉપરના વિસ્તારોમાં થઈ રહેલી ગતિવિધિઓથી નુકસાન ન થાય. અમે નિરીક્ષણ કરવાનું ચાલુ રાખીશું અને અમારા હિતોના રક્ષણ માટે જરૂરી પગલાં લઈશું.

# મીના કુમારીના મહાન પ્રેમપ્રકરણને નવા નાટકમાં દર્શાવવામાં આવ્યું, આ કમાલ અમરોહી ન હતા



(એજન્સી) નવી દિલ્હી, તા.૭

તેની અંતિમ ક્ષણોમાં મીના કુમારીએ સ્વીકાર્યું કે, તેને ફિલ્મો પસંદ નથી. તેણી તેની કવિતા ડાયરી વાંચે છે અને તેણીના વ્યસનને કારણે ગુમાવેલા મિત્રોને યાદ કરે છે. જે નાટકમાં આવું બને છે તેમાં, ગુલઝાર ફિલ્મના શૂટિંગ માટે બહાર ગયા છે અને ધર્મેન્દ્રને વારંવાર બોલાવવા છતાં થોડા સમય માટે તેમને મળવા આવ્યા નથી. તે સંપૂર્ણપણે એકલી છે અને સામાન્ય રોગથી મૃત્યુને ધિક્કારે છે. લિવર સિરોસિસ, શું વિચિત્ર નામ છે. ઉર્દૂના દર્દ-એ-જિગરને જુઓ.એય હાય, તમે તેને સાંભળો અને વિચારો, જો મૃત્યુ આવવું જ છે, તો આના કરતાં તે સારૂં રહેશે. નવી દિલ્હીનું LTG ઓડિટોરિયમ ૫ જાન્યુઆરીએ ભરચક હતું, જેમાં મોટાભાગના શ્રોતાઓ આધેડ અને વૃદ્ધ લોકો હતા. તેમાંથી ઘણા મીના કુમારીના લાંબા સમયથી ચાહકો હતા, જ્યારે કેટલાક તેમને ફક્ત પાકીઝા (૧૯૭૨)થી જ ઓળખતા હતા. થિયેટર ગ્રુપ પિયરોટ્સ ટ્રુપ દ્વારા નિર્મિત ડાન્સ-ડ્રામા ચલતે ચલતે પાસેથી દરેકને ઘણી અપેક્ષાઓ હતી. એમ સઈદ આલમ દ્વારા નિર્દેશિત, શોનું નિર્માણ દુબઈ સ્થિત સંસ્થા બઝમ-એ-ઉર્દૂ દ્વારા કરવામાં આવ્યું હતું જે સમગ્ર વિશ્વમાં જીવંત પ્રદર્શન દ્વારા ભાષાને પ્રોત્સાહન આપી રહી છે. એક્ટિવિસ્ટ અને વિદ્વાન રેહાન ખાને જણાવ્યું હતું,મીના કુમારીનું એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પાસું તેમની કવિતા છે, જેના દ્વારા તે પોતાની જાતને વ્યક્ત કરી શકતી હતી. તેથી, અમે બઝમ-એ-ઉર્દૂમાં તેમની આ બાજુને પ્રકાશિત કરવા માગીએ છીએ જે ઘણા લોકો જાણતા નથી. તે તેમના હૃદયને ખૂબ જ વહાલું હતું અને અમને પણ ખૂબ પ્રિય હતું. જેમણે નાટકની કલ્પના કરી હતી. ખાન ઈચ્છતા હતા કે શો નાટક, ગાયન અને નૃત્યનું સંયોજન બને, જે કવિ અભિનેતાના જીવનની યોગ્ય ઉજવણી હોય. અભિનેત્રી તરન્નુમ અહેમદે સ્ટેજની ડાબી બાજુએ મીના કુમારી તરીકે એકલ અભિનય કર્યો હતો. જમણી બાજુએ, ગાયક મેહરાન શાહની આગેવાની હેઠળના પાંચ સભ્યોના બેન્ડે અભિનેતા દ્વારા લખેલી ગઝલોની અર્ધ-શાસ્ત્રીય પ્રસ્તુતિ આપી, જેમાંથી મોટાભાગની ગઝલ અગાઉ ક્યારેય ગવાઈ ન હતી. મધ્યમ સ્ટેજ કથક નૃત્યાંગના આસ્થા ગુપ્તા માટે આરક્ષિત હતો, જેમણે ટ્રેજેડી ક્વીનના હિટ ડાન્સ નંબર્સ પર સેમી ક્લાસિકલ સ્પિન કર્યું હતું. પરિણામ એ એકલી મીના કુમારી હતી, જે ફક્ત તેણીની કવિતાઓ સાથે હતી, તેણીના ફિલ્મી વ્યક્તિત્વથી વારંવાર ત્રસ્ત હતી. મેહરાન શાહ અને આસ્થા ગુપ્તાને મીના કુમારીના કામમાં પોતાનો વળાંક આપવાની મંજૂરી આપવામાં આવી હતી, તેને અનોખી રીતે રજૂ કરવા અને માત્ર અનુકરણમાં વ્યસ્ત રહેવા માટે નહીં. શાહની ગઝલો માટે આ પ્રસંગ મહાન હતો, પરંતુ ગુપ્તાના નૃત્યો માટે તે એક સમસ્યા બની ગયો, ખાસ કરીને કારણ કે તેઓ મીના કુમારીના ઓન-સ્ક્રીન વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરતા હતા. મહાન અભિનેત્રીનું નૃત્ય એ શાંતતાનો અભ્યાસ છે, ગુપ્તાની અમર્યાદ ઊર્જાથી તદ્દન વિપરીત. તરન્નુમ અહેમદે પણ મીના કુમારીને તેના અભિનયમાં શોધવા માટે સંઘર્ષ કર્યો. અહેમદે કહ્યું, મહજબીન તરીકે મીના કુમારીનો દુર્લભ વિઝ્યુઅલ સંદર્ભો છે, માત્ર એક અભિનેત્રી તરીકે, તેણીના દુઃખદ પાત્રોને રજૂ કરે છે. તેના એક ભાગને કેવી રીતે રજૂ કરવો જે કોઈએ જોયું નથી તે એક પડકાર હતો. એક રીતે, તે સરળ પણ હતું કારણ કે સંદર્ભની ગેરહાજરીમાં, હું તેને મારી પોતાની બનાવી શકતો હતો. હાલના વકીલ પીવી કપૂરને આવી કોઈ સમસ્યા દેખાઈ ન હતી. તેણે કહ્યું, મીના કુમારીની ભૂમિકા ભજવનાર અભિનેત્રી તેજસ્વી હતી. નાટકમાં કેટલીક શાનદાર ક્ષણો હતી. અહેમદે તેના ડાબા હાથની નાની આંગળી વાળી રાખી. તેણી ઘણીવાર તેના દુપટ્ટા સાથે રમત કરતી હતી અથવા તેને છુપાવવા માટે તેના જમણા હાથનો ઉપયોગ કરતી હતી, જેમ મીના કુમારીએ ૧૯૫૧ પછી તેની બધી ફિલ્મોમાં અકસ્માતમાં તૂટી ગયેલી આંગળીને છુપાવવા માટે કર્યું હતું. જ્યારે ગુપ્તાએ થારે રહિયો ઓ બંકે યાર રજૂ કરીને કેન્દ્રના સ્ટેજ પર, કોહલની અરજીનો અમલ કર્યો, ત્યારે અહેમદ તેની પાછળ તેની પોતાની કાજલને ઠીક કરવામાં વ્યસ્ત હતો. અને શાહની અબ્દુલ ગફૂર નસાખની ગઝલ, ઝાહિરા મૌત હૈ, ચાંદ તન્હાની બાજુમાં સ્થાન મેળવી શક્યું, જેને મીના કુમારીએ તેના ૧૯૭૧ના આલ્બમ, આઈ રાઈટ, આઈ રીસાઈટમાં અમર બનાવ્યું. બધા પથ્થરો મારા ભાગમાં પડ્યા, આ નાટકમાં મીના કુમારીનો પ્રેમ કમાલ અમરોહી સાથે નહીં, પરંતુ ઉર્દૂ અને શાયરી સાથે હતો. લોકોને લાગે છે કે મારા પતિ સાથેના સંઘર્ષને કારણે હું શાયરી અને શરાબ [દારૂ]થી પીડિત થઈ ગઈ છું. તે એક દ્રશ્યમાં અદૃશ્ય શ્રોતા ચંદનને કહે છે. આનો માત્ર બીજો ભાગ જ સાચો છે. શાયરી મેં મારી યુવાવસ્થામાં લખવાનું શરૂ કર્યું હતું. પોતાના પરિવારને ટેકો આપવા માટે ફિલ્મોમાં બાળ કલાકાર તરીકે કામ કરવાની ફરજ પડી, મીના કુમારીને અભ્યાસ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. તેમ છતાં, તેણીને વાંચવાનું અને લખવાનું શીખવવામાં આવ્યું હતું, અને તેણીએ કવિતા તરફનો માર્ગ શોધી કાઢ્યો હતો, જ્યાં તેણીને તેના પિતાના નિયંત્રણમાંથી રોમાંસ અને મુક્તિના સપના મળ્યા હતા. તેણીએ કમાલ અમરોહી સાથે લગ્ન કરીને બંનેને હાંસલ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પ્રેમી તેની હાજરીમાં ગૂંગળાવી નાખે તેવો બની ગયો. નિર્માતાએ તેણીના સમયપત્રક, તેણીની મિત્રતા અને તેના મેકઅપ રૂમમાં પ્રવેશી શકે તેવા લોકોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો. સ્વપ્ન તૂટી ગયું. ટુકડે ટુકડે દિન બીટા, ધજ્જી ધજ્જી રાત મિલી, અહેમદે કુમારીના જીવનની દુર્ઘટનાને પકડીને સ્ટેજ પર સંભળાવ્યું. સફળતાના શિખરો પર પહોંચેલી એક વખાણાયેલી અભિનેત્રી, મીના કુમારીએ પોતાના જીવન પર પિતૃસત્તાની પકડને અંજામ આપ્યો. તેણીના આરામનો એકમાત્ર સ્ત્રોત તેણીએ ગુલઝાર અને ધર્મેન્દ્રની પસંદ સાથે બાંધેલી મિત્રતા હતી. દિગ્દર્શક એમ સઈદ આલમે કહ્યું, જો આપણે ગપસપને અવગણીએ, તો મીના કુમારીને પુરૂષો ગમે છે. તે તેમની સાથે રહેવા માંગતી હતી, તેમની સાથે વાત કરવા માંગતી હતી. તેને ગુલઝાર અને ધર્મેન્દ્ર તરફથી તેણીની શાયરી માટે પ્રશંસા મળી, અને એક પ્રકારનો ટેકો જે તેના પિતા કે પતિએ આપ્યો ન હતો. આ નાટકનો અંત અભિનેતાએ તેની કવિતાઓ ગુલઝારને અમરોહીને નહીં-વિરાંતે આપ્યો. જોકે તેના છેલ્લા શબ્દો તેના પતિ માટે છે. તેણી પૂછે છે કે તેની કબર મુમતાઝ મહેલની જેમ આરસની બનેલી ન હોય, પરંતુ ફક્ત નાના, ગોળાકાર પથ્થરોથી ઢંકાયેલી હોય. દુનિયાના બધા પથ્થરો મારા પર પડ્યા અને મેં તે બધા ભેગા કર્યા. તેઓ મારા જીવનનો સરવાળો છે.

# 'આ આગામી યુગની શરૂઆત છે' : અમિત શાહે 'ભારતપોલ' પોર્ટલ લોન્ચ કર્યું

## એજન્સીઓ અને રાજ્ય પોલીસ હવે INTERPOL સાથે સરળતાથી કનેક્ટ થઈ શકશે



**કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે મંગળવારે ભારતપોલ પોર્ટલ લોન્ચ કર્યું છે, જે સરહદની અંદર કે બહારના ગુનાઓને કાબૂમાં લેવા માટે એક વૈશ્વિક ઈન્ટરફેસ છે. આ પોર્ટલ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. ભારતપોલ પોર્ટલના લોન્ચિંગ પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે આ પોર્ટલ દ્વારા દેશની તમામ એજન્સીઓ અને રાજ્યની પોલીસ ઈન્ટરપોલ સાથે ખૂબ જ સરળતાથી જોડાઈ શકશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે ભારતપોલ પોર્ટલના લોન્ચિંગ પ્રસંગે જણાવ્યું હતું કે આ પોર્ટલ દ્વારા દેશની તમામ એજન્સીઓ અને રાજ્યની પોલીસ ઈન્ટરપોલ સાથે ખૂબ જ સરળતાથી જોડાઈ શકશે. આજે, અમે ભારતપોલ શરૂ કર્યું છે. તે આપણા દેશની આંતરરાષ્ટ્રીય તપાસ પ્રક્રિયાઓના આગલા યુગની શરૂઆત છે. અત્યાર સુધી, માત્ર સીબીઆઈને ઈન્ટરપોલ સાથે કામ કરવા માટે નિયુક્ત કરવામાં આવી હતી. જો કે, ભારતપોલની રચના સાથે, દેશની તમામ એજન્સીઓ અને રાજ્ય પોલીસ ઈન્ટરપોલ સાથે ખૂબ જ સરળતાથી જોડાઈ શકશે. શાહે જણાવ્યું કે, ભારતપોલમાં વપરાતી ટેક્નોલોજીની મદદથી અમે અંતરને પાર કરી શકીશું. અમે એવી માહિતી પ્રાપ્ત કરી શકીશું જે આંતરરાષ્ટ્રીય ગુનાઓનું વિશ્લેષણ કરવામાં મદદ કરશે જે બદલામાં અમને ગુનાઓ આચરતા પહેલા રોકવા માટેનું માળખું સ્થાપિત કરવામાં મદદ કરશે. BHARATPOL પોર્ટલ આંતરરાષ્ટ્રીય પોલીસ સહાયની ઝડપી ઍક્સેસ માટે વાસ્તવિક સમયની માહિતીની વહેંચણીને સક્ષમ કરીને ભારતીય LEAsને નોંધપાત્ર રીતે સુવિધા આપશે. ઉલ્લેખનીય છે કે, CBI, ભારતમાં INTERPOL માટે નેશનલ સેન્ટ્રલ બ્યુરો (NCB-નવી દિલ્હી) તરીકે, કાયદા અમલીકરણ એજન્સીઓ સહિત દેશભરની વિવિધ એજન્સીઓ સાથે મળીને ગુનાહિત બાબતોમાં આંતરરાષ્ટ્રીય સહયોગની સુવિધા આપે છે. આ નવા પોર્ટલ સાથે, તમામ એજન્સીઓ અને રાજ્ય પોલીસ ઈન્ટરપોલ સાથે સરળતાથી જોડાઈ શકશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, ભારતપોલ પોર્ટલએ સીબીઆઈની સત્તાવાર વેબસાઈટ દ્વારા એક્સેસ કરી શકાય છે. સાયબર-ક્રાઈમ, નાણાકીય ગુનાઓ, ઓનલાઈન કટ્ટરપંથી પગલાઓ, સંગઠિત ગુનાઓ, ડ્રગ હેરફેર, માનવ તસ્કરી વગેરે સહિતના આંતરરાષ્ટ્રીય ગુનાઓને કારણે ગુનાહિત તપાસમાં ઝડપી અને વાસ્તવિક સમયની આંતરરાષ્ટ્રીય સહાયની આવશ્યકતા છે. આ પડકારને પહોંચી વળવા માટે, CBI એ BHARATPOL વિકસાવ્યું છે. પોર્ટલ, તેની સત્તાવાર વેબસાઈટ દ્વારા ઍક્સેસિબલ છે, જે તમામ હિતધારકોને એક સામાન્ય પ્લેટફોર્મ પર લાવશે. BHARATPOL પોર્ટલ ઈન્ટરપોલ દ્વારા આંતરરાષ્ટ્રીય સહાય માટેની તમામ વિનંતીઓની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરશે, જેમાં રેડ નોટિસ અને અન્ય કલર-કોડેડ ઈન્ટરપોલ નોટિસ જારી કરવાનો સમાવેશ થાય છે. BHARATPOL પોર્ટલ ક્ષેત્ર-સ્તરના પોલીસ અધિકારીઓ માટે એક પરિવર્તનકારી સાધન બનશે, ગુનાઓ અને સુરક્ષા પડકારોનો સામનો કરવામાં તેમની કાર્યક્ષમતા વધારશે. મંત્રાલયે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સહાયની સરળ અને ઝડપી પહોંચની સુવિધા દ્વારા, તે આંતરરાષ્ટ્રીય ગુનાઓ સામે લડવામાં ભારતના પ્રયાસોને વધુ મજબૂત બનાવશે.

# મિલ્કીપુરમાં પાંચ ફેબ્રુઆરીએ પેટાચૂંટણી : અયોધ્યાની આ બેઠક પર આદિત્યનાથ અને અખિલેશ વચ્ચે જોરદાર જંગ

## પાંચ ફેબ્રુઆરીએ UP પેટાચૂંટણીમાં SPએ અવધેશ પ્રસાદના પુત્ર અજીતને મિલ્કીપુર માટે તેના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે, ભાજપે હજુ ઉમેદવારની જાહેરાત કરી નથી

(એજન્સી) તા.૭

ચૂંટણી પંચ (EC)એ મંગળવારે અયોધ્યાના મિલ્કીપુરમાં પેટાચૂંટણીની તારીખ પાંચ ફેબ્રુઆરીની જાહેરાત કરી તે પહેલાં જ રાજકીય પક્ષોએ મતદારોને પ્રભાવિત કરવા માટે તમામ પ્રયાસો શરૂ કર્યા છે. ભારતીય જનતા પાર્ટી (BJP)ની નજર ઉત્તરપ્રદેશમાં 'મિશન મિલ્કીપુર' પર છે. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું કે, જો કુંડાર્કી જીતી શકાય છે તો મિલ્કીપુર કેમ નહીં ? આ નિવેદનથી યુપીના રાજકીય વર્તુળોમાં હલચલ મચી ગઈ હતી.

ભાજપે મિલ્કીપુર પર નજર રાખવા માટે છ મંત્રીઓને તૈનાત કર્યા છે, જેમાં સીએમ આદિત્યનાથ ચૂંટણીની તૈયારીઓની દેખરેખ રાખે છે. બીજી તરફ સમાજવાદી પાર્ટી (SP) તેના વિશ્વાસપાત્ર પિછડા દલિત અલ્પસંખ્યક (PDA) ફોર્મ્યુલા પર આધાર રાખીને તેના મતના આધારને મજબૂત કરવા માટે, તીવ્ર રાજકીય લડાઈ કરી રહી છે. અમેઠી અને સુલતાનપુરની સરહદે અયોધ્યામાં આવતા મિલ્કીપુરના ધારાસભ્ય અવધેશ પ્રસાદ ફૈઝાબાદ (અયોધ્યા)થી સાંસદ તરીકે ચૂંટાયા હોવાથી આ પેટાચૂંટણી જરૂરી છે.

**યુપી સીએમનું નિવેદન :**

આદિત્યનાથે કહ્યું કે, ભાજપે ગયા વર્ષે મુરાદાબાદમાં કુંડાર્કી મતવિસ્તારમાં ૬૫% મુસ્લિમ વસ્તી હોવા છતાં રેકોર્ડ મતોથી આ બેઠક જીતી હતી. અમે વિકાસના નામે મત મેળવ્યા છે. પાર્ટીના કાર્યકરોના કારણે જ અમે યુપી પેટાચૂંટણીમાં નવમાંથી સાત બેઠકો જીતવામાં સફળ થયા. તેમણે કાર્યકર્તાઓને પોતપોતાના બૂથ પર વધુમાં વધુ મત મેળવવા માટે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, સંપર્ક અને સંદેશાવ્યવહાર એ જીતવાની શ્રેષ્ઠ રીત છે. પાર્ટીના કાર્યકરોએ તેમના બૂથ, ગ્રામસભા અને મંડલને વધુમાં વધુ મતોથી જીતવા માટે એકબીજાની વચ્ચે હરીફાઈ કરવી જોઈએ. યુપી સીએમના નિવેદનથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

લખનૌ, ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીના રાજનીતિ વિજ્ઞાનના વડાએ કહ્યું કે, મિલ્કીપુર પેટાચૂંટણી ભાજપ માટે પ્રતિષ્ઠાની લડાઈ છે, ખાસ કરીને ૨૦૨૪માં એપ્રિલ-જૂન સામાન્ય ચૂંટણીઓમાં અયોધ્યા લોકસભા બેઠક એસપી સામે હારી ગયા બાદ અન્ય ૯ બેઠકો માટે પેટાચૂંટણી યોજાઈ હતી તેમાંથી કુંડાર્કી બેઠક જટિલ હતી. જો કે, ભાજપે મુરાદાબાદમાં મુસ્લિમ પ્રભુત્વવાળી કુંડાર્કી બેઠક પર નિર્ણાયક જીત મેળવી હતી, જે પરંપરાગત રીતે એસપીનો ગઢ છે. કુંડાર્કીની સફળતામાં મુસ્લિમ મતોમાં વિભાજન એ મુખ્ય પરિબળ છે.

ભાજપના રામવીર ઠાકુરે ૩૧ વર્ષ બાદ ૧.૪ લાખથી વધુના માર્જિન સાથે કુંડાર્કી બેઠક જીતી હતી. તેમના નજીકના હરીફ અને ત્રણ વખતના ધારાસભ્ય, સપાના હાજી રિઝવાન, માત્ર ૨૫,૫૮૦ મતો મેળવીને તેમની જામીનની રકમ ગુમાવી દીધી હતી. ઠાકુરે મુસ્લિમ બહુલ બેઠક પરથી એકમાત્ર હિન્દુ ઉમેદવાર બનીને ઈતિહાસ રચ્યો હતો. ભાજપની આ જીત પાછળ મુસ્લિમ મતોનું વિભાજન મુખ્ય કારણ હતું. ભાજપને છોડીને એસપી સહિત તમામ પક્ષોએ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.

આદિત્યનાથે છ મંત્રીઓ અને પાર્ટીના કાર્યકર્તાઓને અયોધ્યાના મિલ્કીપુરમાં ચૂંટણીની તૈયારીઓ અને મતદારોની એકત્રીકરણને વધુ તીવ્ર બનાવવા વિનંતી કરી હતી. ભાજપ 'બટેંગે તો કટંગે' જેવા નારાઓ સાથે હિન્દુ એકતા માટે યોજના બનાવી રહી છે અને એસપીનો હેતુ તેની પીડીએ વ્યૂહરચના સાથે તેનો ગઢ જાળવી રાખવાનો છે.

એવી અફવાઓ છે કે, ભાજપ મિલ્કીપુરના પૂર્વ ધારાસભ્ય બાબા ગોરખનાથને મેદાનમાં ઉતારી શકે છે, જેઓ ૨૦૨૨માં SPના અવધેશ પ્રસાદ સામે ૧૩,૦૦૦ મતોથી હાર્યા હતા. ૨૦૧૭માં ગોરખનાથે તે સમયે ૩૨, ૭૨વર્ષીય પ્રસાદને ૨૬,૦૦૦થી વધુ મતોથી હરાવ્યા હતા, જે ઉત્તરપ્રદેશમાં ભાજપની પ્રચંડ જીત અને આદિત્યનાથના મુખ્યપ્રધાન પદ સાથેની એક જીત હતી.

એસપી પણ આ ચૂંટણી લડાઈ માટે કમર કસી રહી છે અને તેના વિશ્વસનીય PDA ફોર્મ્યુલા પર આધાર રાખે છે. SPએ અવધેશ પ્રસાદના પુત્ર અજીતને મેદાનમાં ઉતાર્યા છે.

યુપીની ૧૦ ખાલી વિધાનસભા બેઠકો માટે ગયા મહિને પેટાચૂંટણીની જાહેરાત કરતી વખતે ભારતીય ચૂંટણી પંચ (ECI)એ બેઠક પરથી ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી લડનારા ભાજપના ઉમેદવાર બાબા ગોરખનાથ દ્વારા દાખલ કરાયેલી રિટ પિટિશનને પગલે મિલ્કીપુરને છોડી દીધું હતું. ગોરખનાથે તેમના નોમિનેશન દરમિયાન સબમિટ કરેલા દસ્તાવેજોની અધિકૃતતા પર ચિંતા વ્યક્ત કરીને એસપીના પ્રસાદની જીતને પડકાર ફેંક્યો હતો. તેમની અરજી પાછી ખેંચી લેવાથી મિલ્કીપુરમાં પાંચ ફેબ્રુઆરીની પેટાચૂંટણીનો માર્ગ મોકળો થયો હતો.

બીજેપીએ હજુ મિલ્કીપુરથી ઉમેદવારની જાહેરાત કરી નથી. આ બેઠક પર આશરે ૩.૫ લાખ મતદારો છે, જેમાંથી એક લાખથી વધુ દલિત છે, જ્યારે ૮૦,૦૦૦થી વધુ યાદવ અને મુસ્લિમ છે. બ્રાહ્મણો અને ઠાકુરો મતદારક્ષેત્રમાં આશરે ૧ લાખ મતદારો છે.

# ભારે વરસાદ અને પ્રચંડ પૂરથી ઈસ્લામના બે પવિત્ર શહેરો મક્કા અને મદીના શરીફ જળબંબાકાર થયા

## સતત ભારે વરસાદ અને તોફાની પવનને કારણે બંને પવિત્ર નગરીના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા અને પૂરગ્રસ્ત બન્યા

(એજન્સી) રિયાધ, તા.૭

સઉદી અરેબિયામાં આવેલા ઈસ્લામ ધર્મના બે સૌથી પવિત્ર નગર મક્કા મુઅઝ્ઝમાં તથા મદીના શરીફમાં સતત ભારે વરસાદ અને તોફાની પવનને કારણે પૂરના પાણી ફરી વળ્યા છે અને બંને પવિત્ર નગરના અનેક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. બંને શહેરોના રસ્તા ભારે પૂરના ધસમસતા પાણીને કારણે નદીઓ બની ગયા છે અને અનેક ગાડીઓ પૂરના પ્રવાહમાં તણાઈ ગઈ છે.

મક્કા અને મદીના શરીફની જેમ જિદ્દાહમાં પણ ભારે વરસાદ અને તોફાની પવનને કારણે પૂર જેવી પરિસ્થિત સર્જાઈ છે અને જાહેર માર્ગો તથા રહેણાંક વિસ્તારોમાં પાણીની સપાટી સતત વધતી જતી હોવાથી અનેક કાર પણીમાં ડૂબી ગઈ છે. આ કુદરતી આફતને પહોંચી વળવા માટે સરકારી તંત્ર દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. દેશમાં મોટાભાગની શાળાઓ બંધ રાખવાનો આદેશ અપાયો છે અને લોકોને વધુ અવરજવર ન કરવા સલાહ આપવામાં આવી છે. શાહી પ્રશાસન દ્વારા કોઈપણ ટકોકટીને પૂરી તૈયારી કરવામાં આવી છે. કમાન્ડ અને કંટ્રોલરૂમ તથા એમ્બ્યુલન્સ સ્ટેશનો, રાહત અને બચાવ ટુકડીઓ, વોલેન્ટીયર ટુકડીઓ સજાગ રાખવામાં આવ્યા છે. એમ્બ્યુલન્સની સેવા સતત ચાલુ રહેશે અને કોઈપણ નાગરિક એમ્બ્યુલન્સ માટે હેલ્પલાઈન નંબર ૯૯૭ પર સંપર્ક કરી શકશે. અત્રે એ નોંધવું જરૂરી છે કે, બંને પવિત્ર શહેરો ઈસ્લામના મુખ્ય ધાર્મિક શહેર હોવાથી ઉમરાહ કરવા માટે કોઈપણ સમયે દેશ વિદેશમાંથી આવેલા હજારો ઝાયરીન ઉપસ્થિત હોય છે એટલે સઉદી સરકાર તમામની સુરક્ષામાં કોઈ કચાશ રાખવા માંગતી નથી.

# મોદી સરકારે ડૉ.મનમોહન સિંઘના સ્મારક બનાવવાની માગણી વચ્ચે પ્રણવ મુખરજી માટે રાષ્ટ્રીય સ્મૃતિ ખાતે સમાધિ બનાવવાનો નિર્ણય લીધો

## સરકારના નિર્ણયની જાણ કરતો પત્ર મળ્યા બાદ શર્મિષ્ઠા મુખરજીએ પોતાના પિતાના બહુમાન માટે આભાર માનવા વડાપ્રધાનને મળવાનો સમય માંગ્યો, શર્મિષ્ઠાએ કહ્યું કે, મારા દિવંગત પિતા અને દેશના પૂર્વ રાષ્ટ્રપતિના યોગદાનની સરકારે કદર કરી છે તેનો મને આનંદ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

મોદી સરકારે રાજધાનીમાં રાષ્ટ્રીય સ્મૃતિ સંકુલમાં પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી માટે સમાધિ બનાવવાનો નિર્ણય લીધો છે. પૂર્વ રાષ્ટ્રપતિનાં દીકરી શર્મિષ્ઠા મુખરજી આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યાં હતાં અને પિતાનું સન્માન કરવા બદલ વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

પ્રણવ મુખરજી માટે સ્મારક બનાવવા રાજઘાટ પાસેના રાષ્ટ્રી સ્મૃતિ સંકુલમાં યોગ્ય જગ્યા શોધી કાઢવાનું કામ સક્ષમ સત્તાવાળાઓને સોંપવામાં આવ્યું છે. આ અંગે સરકારે પત્ર લખીને શર્મિષ્ઠાને જાણ કરી હતી. પત્ર મળ્યા પછી તેમણે પીએમનો સમય માંગી મુલાકાત કરી હતી અને હૃદયથી આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, મારા પિતા અને પૂર્વ રાષ્ટ્રપતિના યોગદાનની સરકારે કદર કરી છે. તેનો મને આનંદ છે. બાબા મને હંમેશા કહેતા કે, રાજ્યનું સન્માન માંગવામાં આવતું નથી પણ એ તો મળવું જોઈએ એટલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ ખૂબ જ ગરીમાપૂર્ણ વિવેકથી મને અનહદ આનંદ થયો છે અને એ મારા માટે વિવેક હૃદય સ્પર્શી છે.

# કર્ણાટક : શ્રી રામ સેને દ્વારા બાગલકોટમાં શસ્ત્ર પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું



## આ પાંચ દિવસના કાર્યક્રમના વીડિયો વાયરલ થયા બાદ પોલીસે તપાસ શરૂ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

દક્ષિણપંથી હિન્દુત્વ જૂથ, શ્રી રામ સેને તાજેતરમાં કર્ણાટકના બાગલકોટ જિલ્લામાં એક શસ્ત્ર તાલીમ શિબિરનું આયોજન કર્યું હતું. જામખંડી શહેરના ટોદલબાગી ગામમાં ૨૫-૨૯ ડિસેમ્બરના આ કાર્યક્રમથી લોકોમાં ચિંતા વધારી છે અને સત્તાવાર તપાસ માટે સંકેત છે.

પાંચ દિવસીય શિબિરના કેટલાક વીડિયો અને ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. બાગલકોટના પોલીસ અધિક્ષક અમરનાથ રેડ્ડીએ પુષ્ટિ કરી કે સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે. અમે ઉપયોગમાં લેવાતા હથિયારોના પ્રકારની તપાસ કરી રહ્યા છીએ પછી ભલે તે હથિયારો હોય કે એરગન. જો કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ મળી આવશે તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આ કેમ્પ સાવલાગી પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં યોજાયો હતો. અંતિમ દિવસે કથિત રીતે બંદૂકની તાલીમનો સમાવેશ થાય છે. રેડ્ડીએ કહ્યું કે, આયોજકો દાવો કરે છે કે, તે વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ હતો, પરંતુ અમે તેમાં સામેલ હથિયારોની પ્રકૃતિ ચકાસી રહ્યા છીએ.

આ ઘટના બે વર્ષ પહેલાના સમાન વિવાદની યાદ અપાવે છે જ્યારે બજરંગ દળે કોડાગુ જિલ્લાના મદિકેરીની એક શાળામાં શસ્ત્ર પ્રશિક્ષણ શિબિર યોજી હતી. સહભાગીઓને એરગન અને ત્રિશૂળનો ઉપયોગ કરવાની તાલીમ આપવામાં આવી હતી. તે સમયે કોંગ્રેસના નેતા સિદ્ધારમૈયાએ આવી પ્રવૃત્તિઓને મંજૂરી આપવા બદલ ભાજપ સરકારની ટીકા કરી હતી. શ્રી રામ સેનેના વડા પ્રમોદ મુથાલિકે અગાઉ ૨૦૨૧માં જાહેરાત કરી હતી કે, સંસ્થા 'શારીરિક તાલીમ' શિબિરો, યોગ, કરાટે, સૂર્ય નમસ્કાર અને લાઠી પ્રહાર શીખવશે. જો કે, તાજેતરની ઘટના જૂથની પ્રવૃત્તિઓ અને ઈરાદાઓ પર પ્રશ્નો ઊભા કરે છે. આ અંગે પોલીસ તપાસ ચાલુ છે, કારણ કે, આવા હથિયાર તાલીમ શિબિરોમાં પ્રતિબંધિત છે અને અરાજકતા પેદા કરી શકે છે.

# કાનપુરમાં મહિલા પર બળાત્કાર કરનાર બજરંગ દળના નેતાની ધરપકડ

(એજન્સી) તા.૭

કાનપુરના ગોવિંદ નગર પોલીસ સ્ટેશનની બહાર ફેસબુક લાઈવ પર આવીને આત્મહત્યાનો પ્રયાસ કરનાર બજરંગ દળના અધિકારીની પોલીસે બળાત્કારના કેસમાં ધરપકડ કરી છે. ગોવિંદ નગર પોલીસ સ્ટેશનમાં આત્મહત્યાની કોશિશ અને સરકારી કામમાં અડચણ ઊભી કરવા બદલ FIR નોંધવામાં આવી છે.

દિલીપ સિંહ બજરંગી વિરુદ્ધ બે મહિના પહેલા કલેક્ટરગંજ પોલીસ સ્ટેશનમાં બળાત્કારનો કેસ નોંધવામાં આવ્યો હતો. હવે પોલીસ સ્ટેશનની બહાર આત્મદાહનો પ્રયાસ કર્યા બાદ પોલીસે આરોપીની ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યો છે.

રાહતે બળાત્કારના કેસમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, તે જ કેસમાં પોલીસે તેને જેલમાં મોકલ્યો હતો એડીસીપી દક્ષિણ મહેશકુમારે જણાવ્યું હતું કે, બજરંગ દળના પૂર્વ જિલ્લા સંયોજક દિલીપ સિંહ બજરંગી વિરુદ્ધ એક યુવતીએ પાંચ નવેમ્બર, ૨૦૨૪ના રોજ કલેક્ટરગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બળાત્કાર, છેડતી વગેરે સહિતની ગંભીર કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. નવાબગંજમાં રહેતી યુવતીએ જણાવ્યું કે, તેણે તેની સાથે ઘંટાઘર હોટલમાં લગ્નના બહાને શારીરિક સંબંધ બાંધ્યો હતો અને તે પછી તેણે લગ્ન છોડી દીધા હતા. એટલું જ નહીં, બજરંગીએ તેનો અંગત વીડિયો પણ વાયરલ કર્યો હતો. રિપોર્ટ દાખલ થયા બાદથી તે ફરાર હતો. સોમવારે દિલીપ સિંહ બજરંગી બજરંગ દળના સેંકડો કાર્યકરો સાથે ગોવિંદ નગર પોલીસ સ્ટેશન પહોંચ્યા.

બળાત્કાર કેસમાં પોલીસ પર હેરાનગતિનો આરોપ લગાવીને હોબાળો શરૂ કર્યો હતો. આ સાથે દિલીપે માથામાં કેરોસીન રેડીને આત્મવિલોપનનો પ્રયોગ કર્યો હતો. ત્યાં હાજર પોલીસે દિલીપ સિંહને પકડીને અટકાયતમાં લીધો હતો. આ પછી તેને કલેક્ટરગંજ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

# નાણાકીય હેરફેરના કેસમાં ઈકબાલ મિર્ચીની ગુડગાંવમાં આવેલી મિલકત જપ્ત કરતું ઈડી

## PMLAના કલમ ૮ (૪) મુજબ ડિસેમ્બર ૨૦૨૪માં જ મિલકતનો કબજો લઈ લેવાયો હતો, આ મિલકત કોઈ થર્ડ પાર્ટીને વેચી દેવાની કોશિશ થઈ રહ્યાના ગુપ્તચર અહેવાલ બાદ એપેલેટ ટ્રિબ્યુનલના આદેશ બાદ વિભાગ દ્વારા થઈ કાર્યવાહી : વધુ કોઈ દબાણ કે આડકતરા સોદા ન થાય એ માટે આખી મિલકત અધિકારીઓ ખાલી કરાવી અને કબજો પ્રાપ્ત કર્યો

(એજન્સી) મુંબઈ, તા.૭

દક્ષિણ મુંબઈના ગુડગાંવમાં આવેલી દાઉદ ઈબ્રાહિમના નજીકના સાગરીત અને એક સમયના ડ્રગ્સ માફિયા ઈકબાલ મિર્ચીની રૂા.૮૪૭ કરોડની કિંમતની મિલકત ઈફોર્સમેન્ટ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવી છે. આ મિલકત ગુરગાંવના પથે બાપુરાવ માર્ગ પર ન્યુ રોશન ટોકીઝ ખાતે આવેલી છે જે PMLAએ મુજબ જપ્ત કરવામાં આવી છે.

આમ તો ગયા ડિસેમ્બર ૨૦૨૪માં જ ઈડી દ્વારા આ મિલકતનો કબજો સંભાળી લેવામાં આવ્યો હતો. આ મિલકતનું વેચાણ કોઈ થર્ડ પાર્ટીને કરવામાં આવી રહ્યાના અહેવાલ બાદ ટ્રિબ્યુનલના આદેશથી કબજો લઈ લેવામાં આવ્યો હતો અને અધિકારીઓએ ફરીથી કોઈ ગેરકાયદે દબાણ ન થાય અને વેચાણની કોશિશ ન થાય એ માટે મિલકત ખાલી કરાવીને કબજો લીધો હતો.

ગુરગાંવની આ પ્રોપર્ટી ન્યુ રોશન ટોકીઝ એ અગાઉ સિનેમા હોલ હતો અને પોતાની ડ્રગ હેરફેર અને નાણાકીય ગેરરીતિઓમાંથી મળેલા પૈસાથી ઈકબાલ મિર્ચીએ આ મિલકતની ખરીદી કરી હતી અને આ ટોકીઝને બાદમાં ગેરકાયદે ફંડના રોકાણ માટે રિયલ એસ્ટેટ મિલકત તરીકે તબદિલ કરી દેવામાં આવી હતી. તપાસ એજન્સીના કહ્યા મુજબ ઈકબાલ મીરચી અને તેના સાગર રીતે ખૂબ જ મહત્વના અને કીમતી લોકેશન પર બનાવટી કંપનીઓ ઉભી કરીને અને બેનામી સોદાબાજી કરીને આવી અનેક મિલકતો ખરીદી હતી. ઈકબાલ મિર્ચીના પુત્રો આસિફ અને જુનેદ મેમણે તેમના પિતાની ગેરકાનૂની તમામ કામગીરી અને મિલકતોની ખરીદી તથા વેચાણ વગેરેની તમામ કામગીરી સંભાળી હતી. આ બંને બ્રિટન અને યુકેથી અહીં મિલકતોની ખરીદી કરતા હતા અને આ મિલકતની પણ માલિકી આ બંનેની હોવાનું કહેવાય છે. ઈકબાલ મિર્ચીના દુબઈમાં મૃત્યુ બાદ તેના પુત્રો તેમજ ઈકબાલની પત્ની હાજરા ઈકબાલ મેમનના નામે ગિફ્ટ દસ્તાવેજ કરીને આ મિલકતો ટ્રાન્સફર કરવામાં આવી હતી એ પણ તપાસમાં બહાર આવ્યું હતું. ઈકબાલ મિર્ચીની બાંદ્રા તથા વરલી અને દક્ષિણ મુંબઈમાં આવેલી અનેક કોમર્શિયલ મિલકતો અને પ્લોટ પણ અગાઉ કબજે કરવામાં આવ્યા છે જે તેણે તેની અપરાધની કમાણી માંથી ખરીદ કર્યા હતા.

# સંભલની હિંસા અંગે ભાજપની ઝાટકણી કાઢતા અખિલેશ યાદવ, 'સરકારનું કાવતરૂં' ગણાવ્યું

(એજન્સી) લખનૌ, તા.૭

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે યુપીની ભાજપ સરકાર પર ભારે જોરદાર પ્રહારો કરતા એવો આક્ષેપ કર્યો કે સંભલમાં થયેલી હિંસા સરકારનું કાવતરૂં છે. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે ગંભીર આક્ષેપ કર્યો હતો કે, ભાજપે જ સંભલમાં હિંસા ભડકાવી હતી અને નિર્દોષ લોકો પર દમન કરવામાં આવ્યું હતું. સપાનું ડેલિગેશન પહોંચ્યુ તો તેને રોકી દેવાયું હતું. સરકાર શું છૂપાવવા માંગે છે એવો સવાલ કરી તેમણે કહ્યું કે, કોમી એખલાસ ખોરવી નાંખવાનો પદ્ધતિસરનો પ્રયાસ થયો છે. સપાના વડાએ એવી પણ તીખી ટકોર કરી હતી કે, ભાજપને માન જીવનનું કોઈ મૂલ્ય કે ચિંતા નથી, આ પક્ષ બિલકુલ સંવેદના વગરનું પક્ષ છે. તેની પાસે હૃદય જ નથી. જીવનનું તેમને કોઈ મૂલ્ય નથી. ભાજપમાં કોઈના પ્રતિ સહાનુભૂતિ નથી અને તેની સરકારમાં ન્યાય અને લોક ફરિયાદો માટે કોઈ સ્થાન નથી એવી આ નિષ્ઠુર પાર્ટી છે. યુપી વિધાનસભા વિરોધ પક્ષના નેતા માતા પ્રસાદ પાંડેએ પણ સંભલ હિંસાનો રિપોર્ટ રજૂ કર્યો હતો અને કહ્યું કે, મસ્જિદના સર્વે વખતે જાણી જોઈને ઉશ્કેરણી કરવામાં આવી હતી અને સર્વેની ટીમમાં ભાજપના કાર્યકરો પણ સમેલ થઈ ગયા હતા. પોલીસે વધારે પડતું બળ વાપર્યું હતું અને ટિયર ગેસ છોડવાને બદલે સીધે ગોળીબાર કર્યો આ આખી ઘટના સરકારના કાવતરાના ભાગરૂપે બની છે. સમાજવાદી પાર્ટીએ ભ્રષ્ટાચાર તેમજ પછાતો, દલિતો અને લઘુમતીઓ સાથે થઈ રહેલા અન્યાયના મુદ્દા પર ભાજપને આડેહાથ લીધો હતો અને ટકોર કરી હતી કે, ભાજપના સભ્યો એક બીજા પર જ ભ્રષ્ટાચારના આક્ષેપો કરી રહ્યા છે. દિલ્હી અને લખનૌમાં ભાજપમાં આંતરિક રાજકારણ ચરમ પર છે. આગ્રામાં પુરાત્ત્વ વિભાગના રક્ષણ હેઠળ મૂકાયેલી ઈમારતના ડિમોલિશન અંગે સપાએ એવો આક્ષેપ કર્યો હતો કે, પોતાના ધંધાનો વિકાસ કરવા માંગતા અને અધિકારીઓની નજીક રહેલા કોઈએ આ ઐતિહાસિક ઈમારતનું ડિમોલિશન કરાવ્યું છે.

# બળાત્કારના ગુનેગાર આસારામ બાપુના વચગાળાના જામીન મંજૂર, સુપ્રીમ કોર્ટે કહ્યું : અનુયાયીઓને નહીં મળી શકે'

(એજન્સી) તા.૭

સુપ્રીમ કોર્ટે ૨૦૧૩ના બળાત્કાર કેસમાં તબીબી આધાર પર આસારામ બાપુને ૩૧ માર્ચ સુધી વચગાળાના જામીન આપ્યા છે. સુપ્રીમ કોર્ટે આસારામ બાપુને જામીન આપતાં કડક શરતો પણ લાદી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે તે મુક્ત થયા બાદ પુરાવા સાથે ચેડા કરવાનો પ્રયાસ કરશે નહીં. એટલું જ નહીં, તે પોતાના અનુયાયીઓને મળી શકશે નહીં. રાજસ્થાનની જોધપુર જેલમાં બંધ આસારામ બાપુને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા છે. કોર્ટે આસારામ બાપુને વચગાળાના જામીન મંજૂર કર્યા છે. તાજેતરમાં બીમાર આસારામ બાપુને પણ સારવાર માટે મહારાષ્ટ્ર લઈ જવામાં આવ્યા હતા. દરમિયાન માંદગીના કારણે સુરતની લાજપોર જેલમાં બંધ તેમના પુત્રને ગુજરાત હાઈકોર્ટે મળવાની પરવાનગી આપી હતી. હવે સુપ્રીમ કોર્ટે આસારામ બાપુને વચગાળાના જામીન મંજૂર કર્યા છે. સુપ્રીમ કોર્ટે આસારામ બાપુને સ્વાસ્થ્યના કારણોસર વચગાળાના જામીન મંજૂર કર્યા છે, જો કે આ સમયગાળા દરમિયાન કડક શરતો પણ લાગુ થશે. વચગાળાના જામીનના સમયગાળા દરમિયાન આસારામ બાપુ તેમના અનુયાયીઓ અને અનુયાયીઓને મળી શકશે નહીં. સુપ્રીમ કોર્ટે આસારામ બાપુને ૩૧ માર્ચ સુધી વચગાળાના જામીન આપ્યા છે. આસારામ બાપુ ૧૭ દિવસની પેરોલ પૂરી થયા બાદ છ દિવસ પહેલા રાજસ્થાનની જોધપુર જેલમાં પરત ફર્યા હતા.

# ચશ્મા પર છૂપાયેલા કેમેરાનો ઉપયોગ કરીને અયોધ્યાના રામ મંદિરની અંદર ફૂટેજ કેપ્ચર કરતા યુવાન પકડાયો

(એજન્સી) તા.૭

યુપી (UP)ના અયોધ્યાથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં રામજન્મભૂમિ સંકુલમાંથી એક યુવકની અટકાયત કરવામાં આવી છે. આ યુવકના ચશ્મામાં કેમેરો લગાવ્યો હતો અને તે આ કેમેરા દ્વારા રામ જન્મભૂમિ સંકુલની તસવીરો ક્લિક કરી રહ્યો હતો. આરોપી યુવકની ઓળખ વડોદરાના રહેવાસી જયકુમાર તરીકે થઈ છે. પોલીસે તેને કસ્ટડીમાં લીધો છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ યુવકે તેના ચશ્મામાં કેમેરા ફીટ કર્યા હતા. યુવક રામજન્મભૂમિ સંકુલમાં આ કેમેરા વડે ફોટો ક્લિક કરી રહ્યો હતો. સ્થળ પર હાજર સુરક્ષા દળોએ શંકાના આધારે ચશ્માની તપાસ કરી અને ચશ્માંમાંથી એક કેમેરા મળી આવ્યો. પોલીસે પકડાયેલા યુવકની પૂછપરછ હાથ ધરી છે. બાતમીદારોએ તપાસ શરૂ કરી છે. આ ઘટના ગઈકાલે મોડી સાંજે બની હોવાનું કહેવાય છે. યુપી (UP)ના અયોધ્યામાં સ્થિત રામ મંદિર માટે ભક્તોની ભારે ભીડ ઉમટી છે. આવી સ્થિતિમાં ભક્તો અને મંદિરની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પોલીસ એલર્ટ મોડમાં છે. હાલમાં જ સમાચાર આવ્યા હતા કે ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને અહીં વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સમાચાર હતા કે રામ મંદિરમાં ભક્તોની સુવિધા માટે લિફ્ટ લગાવવામાં આવશે. આમ કરવાથી ભક્તોને પ્રથમ માળે ચઢવામાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રાએ પત્રકારોને આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, શ્રી રામ જન્મભૂમિ મંદિર ત્રણ માળનું છે. રામલલા ગ્રાઉન્ડ ફ્લોર પર બેઠેલા છે. પહેલા માળે ભગવાનનો દરબાર હશે. તેની ઉપર પણ એક માળ હશે, ત્યાં શું હશે તે હજુ નક્કી નથી.

# અન્ડરટ્રાયલ કેદીઓને રાહત : કેન્દ્રએ BNSSની કલમ ૪૭૯ લાગુ કરવા માટે રાજ્યોને પત્ર લખ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ (BNSS)ની કલમ ૪૭૯ લાગુ કરવા સૂચના આપી છે. આ વિભાગ ટ્રાયલની રાહ જોઈ રહેલા જેલમાં બંધ લોકોની સંખ્યા ઘટાડવાના હેતુથી અન્ડરટ્રાયલ કેદીઓને રાહત આપે છે. મંત્રાલયે ૧લી જાન્યુઆરીએ રાજ્ય અને પ્રદેશના નેતાઓ તેમજ જેલના અધિકારીઓને પત્ર મોકલ્યો હતો, જેમાં તેમને ૨૦૨૩ની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૪૭૯નું પાલન કરવા જણાવ્યું હતું. આ કાયદો અંડરટ્રાયલ કેદીઓને મુક્ત કરવાની મંજૂરી આપે છે જેમણે તેમની સંભવિત સજાનો એક ભાગ પૂરો કર્યો છે. પ્રથમ વખતના અપરાધીઓને તેમની મહત્તમ શક્ય સજાના એક તૃતીયાંશ સજા ભોગવ્યા પછી બોન્ડ પર મુક્ત કરી શકાય છે. અન્ય અંડરટ્રાયલ કેદીઓ તેમની સંભવિત મહત્તમ સજામાંથી અડધી સજા ભોગવ્યા પછી જામીન માટે પાત્ર છે. આ કાયદામાં જેલ અધિક્ષકોએ આ પાત્ર કેદીઓને મુક્ત કરવા માટે કોર્ટમાં અરજી કરવાની જરૂર પડે છે. સરકાર ૧લી જાન્યુઆરીથી આ કાયદાના અમલીકરણ અંગે અપડેટ ઈચ્છે છે. તેઓએ પાત્ર કેદીઓની સંખ્યા, ફાઈલ કરેલી અરજીઓ અને મંજૂર કરાયેલી છૂટ અંગેના ડેટાની વિનંતી કરી છે. મંત્રાલય માને છે કે, આ કાયદો જેલોમાં લાંબા સમય સુધી અટકાયત અને ભીડને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, BNSSની કલમ ૪૭૯ની જોગવાઈઓ અંડરટ્રાયલ કેદીઓની લાંબી અટકાયતની પરિસ્થિતિને ઘટાડવામાં મદદ કરી શકે છે અને જેલોમાં વધુ ભીડના મુદ્દાને પણ સંબોધિત કરી શકે છે. તેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ બાબતે સહકાર આપશે અને સંબંધિત જેલ સત્તાવાળાઓને આ બાબતે જરૂરી પગલાં લેશે અને ઈચ્છિત માહિતી પ્રદાન કરશે. આ પહેલીવાર નથી જ્યારે સરકારે આ કાયદાના અમલ માટે દબાણ કર્યું હોય. ઓકટોબરમાં એક એડવાઈઝરી જારી કરવામાં આવી હતી અને નવેમ્બરમાં એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. સરકાર કહે છે કે, રાજ્યો અને પ્રદેશોએ તેમાં સક્રિયપણે ભાગ લીધો હતો, આ જોગવાઈ હેઠળ મુક્ત કરાયેલા કેદીઓની સંખ્યા અંગે ડેટા પણ પ્રદાન કર્યો હતો.

# ઉત્તરપ્રદેશના મૈનપુરીમાં એન્કાઉન્ટર બાદ ગૌ તસ્કરીના ૭ આરોપીઓ ઝબ્બે : આ આરોપીઓ પૈકી છ હિન્દુઓ છે; મુખ્ય મીડિયાનું ઘટના અંગે મૌન

## આ તમામ આરોપીઓ રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના હોવાનું કહેવાય છે, પોલીસે આ ટોળકી પાસેથી દેશી બનાવટની પિસ્તોલ, જીવતા કારતૂસ અને છરીઓ સહિતના હથિયારોનો જથ્થો પણ જપ્ત કર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ઉત્તરપ્રદેશ પોલીસે તાજેતરમાં ગાયોની તસ્કરી કરવા બદલ મૈનપુરી જિલ્લામાં સાત વ્યક્તિઓની ધરપકડ કરી હતી અને તેમાંથી છ હિન્દુ સમુદાયના લોકો હતા. એક બાતમી મળ્યા બાદ પોલીસની ટીમ દ્વારા આ ગાયો લઈ જતી ટ્રકને અટકાવવામાં આવ્યા બાદ તેઓની ધરપકડ કરવામાં આવી હતી. ટ્રકમાં સવાર લોકોએ પોલીસ પર ગોળીબાર કર્યો હતો જેના પરિણામે જવાબી ગોળીબાર કરવામાં આવ્યો હતો અને આ ગોળીબાર પછી પોલીસે ગેંગના સભ્યો પર કાબૂ મેળવ્યો અને તેઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

એ કોઈ આશ્ચર્યની વાત નથી કે, મુખ્ય પ્રવાહના મીડિયાએ આ અંગે કોઈ અહેવાલ કે કોઈપણ ઉલ્લેખ કર્યો નથી કારણ કે, તેઓ દેશની તમામ મુશ્કેલીઓ માટે માત્ર મુસ્લિમ સમુદાયને લક્ષ્ય બનાવવાના તેમના વર્ણનમાં બંધ બેસતી ઘટના નથી. પરંતુ હિન્દી પ્રેસમાં અહેવાલોમાં જણાવાયું છે કે, કિશ્ની પોલીસ સ્ટેશનના એસએચઓ મહારાજસિંહ ભાટીને બાતમી મળી હતી કે, પશુ તસ્કરોનું એક જૂથ કિથાહ નજીકના ગામમાંથી ગાયોને લઈ જઈ રહ્યું છે. આ ગેંગ રખડતા ઢોરોને કતલખાનામાં સપ્લાય કરવામાં સંડોવાયેલી છે. આ અહેવાલો અનુસાર જિલ્લાની બહારના ભાગમાં હાથ ધરવામાં આવેલ આ ઓપરેશનમાં સંગઠિત ગુનાઓ પર પોલીસના ક્રેકડાઉનનો એક ભાગ હતો. આરોપીઓની ઓળખ રાજ ભદોરિયા, ગંગા રામ, મોહર સિંહ, વીર ભાન, મુબીન ખાન, વીર સિંહ અને રામ સિંહ તરીકે થઈ હતી. આ તમામ આરોપીઓ રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના મુરાદાબાદ જિલ્લાના હોવાનું કહેવાય છે. પોલીસે ૩૭ ગાયો સાથે ગેંગ પાસેથી દેશી બનાવટની પિસ્તોલ, જીવતા કારતૂસ અને છરીઓ સહિત હથિયારોનો જથ્થો પણ જપ્ત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં માલૂમ પડ્યું છે કે, ટ્રકમાં પ્રાણીઓને છૂપાવવા માટે ફેરફાર કરવામાં આવ્યો હતો.

આ ગેંગ કથિત રીતે તપાસ ટાળવા માટે રાત્રે ઢોરનું પરિવહન કરતી હતી અને અધિકારીઓ અથવા સ્થાનિકોને ડરાવવા માટે હિંસાનો ઉપયોગ કરતી હતી. મૈનપુરીના પોલીસ અધિક્ષકે તેની ત્વરિત કાર્યવાહી માટે ટીમની પ્રશંસા કરી અને આ પ્રદેશમાં પશુઓની દાણચોરીના વધતા જોખમ અંગે કહ્યું કે, અમે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને કાબૂમાં લેવા અને પશુધન અને જનતા બંનેની સલામતી સુનિશ્ચિત કરવા માટેના અમારા પ્રયાસોને વધુ તીવ્ર બનાવ્યા છે. ધરપકડ કરાયેલ વ્યક્તિઓની તેમના નેટવર્કનો પર્દાફાશ કરવા માટે પૂછપરછ કરવામાં આવશે.

આ શકમંદો પર ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો, આર્મ્સ એક્ટ અને પશુ ક્રૂરતા અને ગૌહત્યા સંબંધિત કાયદાઓ હેઠળ આરોપ મૂકવામાં આવ્યા છે. તેઓ હાલમાં પોલીસ કસ્ટડીમાં છે અને ગેંગના અન્ય સભ્યોને શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

પોલીસ તંત્રમાં ઘણા સમય બાદ મોટાપાયે ભરતીની પ્રક્રિયા હાથ ધરાતા ઉમેદવારોમાં ઉત્સાહ

# રાજ્યમાં પોલીસ વિભાગમાં ભરતી માટે આજથી શારીરિક કસોટીનો પ્રારંભ; તમામ તૈયારીઓ પૂર્ણ

## ૧૬ લાખ ઉમેદવારો માટે ૧૫ ગ્રાઉન્ડમાં કસોટી હાથ ધરાશે : બે મહિના સુધી ચાલશે પ્રક્રિયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં ઘણા સમય બાદ મોટાપાયે પોલીસ વિભાગમાં ભરતી કરવામાં આવી રહી છે. જેમાં હાલમાં પોલીસની ૧૨,૪૭૨ જગ્યાઓની ભરતી પ્રક્રિયા દરમિયાન આવતીકાલ તા. ૮ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધી શારીરિક કસોટી યોજાનાર હોઈ તેના માટેની લગભગ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. આ ભરતી માટે અંદાજે ૧૬ લાખ અરજીઓ આવી છે. ગુજરાતમાં અલગ અલગ ૧૫ ગ્રાઉન્ડમાં શારીરિક કસોટી લેવા માટેનો તખ્તો તૈયાર કરી દેવાયો છે.



રાજ્યમાં PSI, લોકરક્ષક, બિન હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ અને જેલ સિપાહી માટેની ભરતી કરાશે. ૧૨૪૭૨ જગ્યાઓ ભરવા માટે પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૪ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી ઓનલાઈન અરજીઓ મગાવી હતી. જેને લઈને હવે શારીરિક કસોટી હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યમાં પુરૂષ ઉમેદવારો માટે અમદાવાદ, કામરેજ, ભરુચ, જામનગર, જૂનાગઢ, ખેડા-નડિયાદ, મહેસાણા, ગોધરા, ગોંડલ અને હિંમતનગર ખાતે શારીરિક કસોટી લેવાશે, જ્યારે મહિલાઓ માટે અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર ખાતે શારીરિક કસોટી લેવાશે. માજી સૈનિકોની મહિના અંતમાં ૨૮ અને ૨૯મી જાન્યુઆરીએ રાજકોટ ખાતે કસોટી લેવાશે. અમદાવાદ શહેરમાં બે ગ્રાઉન્ડ પર પોલીસ ભરતીની શારીરિક પરીક્ષા લેવાશે, જેમાં નરોડા ખાતેના રાજ્ય અનામત પોલીસ દળ જૂથ બેના ગ્રાઉન્ડમાં પુરૂષો માટે જ્યારે પોલીસ હેડ ક્વાર્ટર્સમાં આવેલા જે. ડી. નગરવાલા ગ્રાઉન્ડ ખાતે મહિલાઓ માટે શારીરિક પરીક્ષા લેવાશે. સૈજપુર નરોડા ખાતે યોજાનાર ભરતી પ્રક્રિયા વહેલી સવારે ૪:૩૦ વાગ્યાથી શરૂ થાય તેવી શક્યતાઓ છે. તથા બપોર પહેલા આ ભરતી માટેની શારીરિક પરીક્ષા પૂર્ણ થશે.

આવતી કાલે ૮ જાન્યુઆરીના રોજ એટલે કે પ્રથમ દિવસે ૭૦૦ જેટલા પુરુષ ઉમેદવારો આ ગ્રાઉન્ડમાં શારીરિક પરીક્ષા આપશે, જેના માટે આજે જ ગ્રાઉન્ડની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ગ્રાઉન્ડમાં દોડના ટ્રેક ઉપર ક્યાંય પણ કોઈ ખાડા કે કાંકરા ન હોય તેની પૂર્તિ કાળજી લેવામાં આવી છે, તેના માટે તમામ તૈયારીઓ પૂર્ણ કર્યા બાદ ટ્રાયલ રન પણ લેવામાં આવી હતી. શારીરિક પરીક્ષા દમિયાન સુવિધા માટે ગ્રાઉન્ડની બહાર જ એમ્બ્યુલન્સ પણ સજ્જ રાખવામાં આવશે. જેથી જો તેની જરૂરિયાત પડે તો તાત્કાલિક ત્યાં હાજર એમ્બ્યુલન્સ દ્વારા ઉમેદવારને સારવાર આપી શકાય. આ ઉપરાંત મેડિકલ કેમ્પ અને અપીલ બોર્ડ પણ બનાવવામાં આવ્યું છે, જેથી કોઈ ઉમેદવારને ફરિયાદ હોય તો તે ત્યાં જણાવી શકશે. નવ જાન્યુઆરીના રોજ જે. ડી. નગરવાલા પોલીસ સ્ટેડિયમ ખાતે ૧૪૦૦ અને ત્યારબાદના દિવસોમાં દરરોજ ૨૨૦૦ જેટલા ઉમેદવારો પ્રેક્ટિકલ પરીક્ષા આપશે.

રાજકોટમાં મવડી પોલીસ હેડ ક્વાર્ટર ગ્રાઉન્ડમાં શારીરિક પરીક્ષા માટેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે પ્રથમ દિવસે ૭૦૦ મહિલા ઉમેદવારો આ પરીક્ષા આપશે અને ત્યારબાદ દૈનિક સંખ્યા વધીને ૨૨૦૦ જેટલી થઈ જશે. માર્ચ મહિના સુધીમાં સવા લાખ જેટલા ઉમેદવારો કોન્સ્ટેબલ અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર બનવા માટે દોડની પરીક્ષા આપશે. અહીં સવારે ૬:૦૦ વાગ્યાથી ૮ વાગ્યા સુધી મહિલા ઉમેદવારોની એન્ટ્રી કરવામાં આવશે. સવારે એન્ટ્રી બાદ તમામ ઉમેદવારોને ચેસ નંબર આપવામાં આવશે અને ત્યારબાદ તેના પગમાં ડિજિટલ ચીપ બેસાડવામાં આવશે. જેના આધારે તેની દોડ ચોક્કસ કેટલી મિનિટમાં પૂર્ણ થાય છે, તે જોઈ શકાશે. જો મહિલા ઉમેદવારોએ ૯.૩૦ મિનિટમાં દોડ પૂર્ણ કરી હશે, તો બાદમાં તેનું વેઈટ અને હાઈટ માપવામાં આવશે અને તે બાદ તેઓની ટેસ્ટ પૂર્ણ થશે. આ પ્રકારે માર્ચ મહિના સુધી એટલે કે લગભગ બે માસ સુધી શારીરિક ક્ષમતા કસોટી લેવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં પણ પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર આવતીકાલથી બિનહથિયારધારી જીઁ અને લોકરક્ષકની પોલીસ ભરતીનો પ્રારંભ થશે. ત્યારે રોજના અંદાજે ૧૦૦૦ ઉમેદવારોની શારીરિક કસોટી લેવાશે જેને લઈને તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. વડોદરા શહેરના પોલીસ ટ્રેનિંગ સ્કૂલના પરેડ ગ્રાઉન્ડ ખાતે મહિલાઓની પરીક્ષા લેવામાં આવશે. વહેલી સવારે ૫ વાગ્યાથી આ શારીરિક પરીક્ષા શરૂ થશે. જેમાં રોજના ૨૦૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે. પરીક્ષામાં કોઈ ગેરરીતી ના થાય તે માટે અહીં સીસીટીવી પણ ગોઠવવામાં આવ્યા છે. સુરત જિલ્લાના કામરેજના વાવ ગામે વાવ SRP ગૃપ-૧૧ના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર આવતીકાલથી બિનહથિયારધારી PSI અને લોકરક્ષકની પોલીસ ભરતીનો પ્રારંભ થશે. ત્યારે રોજના અંદાજે ૧૬૦૦ ઉમેદવારોની શારીરિક કસોટી લેવાશે. બે મહિના ભરતી દરમિયાન રવિવાર અને જાહેર રજાના દિવસે કામગીરી બંધ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પુરૂષ ઉમેદવારો માટે ૫,૦૦૦ મીટરની દોડ ૨૫ મિનિટમાં પૂર્ણ કરવી અનિવાર્ય છે. મહિલા ઉમેદવારોએ ૧,૬૦૦ મીટરની દોડ ૯ મિનિટ ૩૦ સેકન્ડમાં પૂર્ણ કરવી પડશે. જ્યારે ભૂતપૂર્વ સેવાના ઉમેદવારોએ ૨,૪૦૦ મીટરની દોડ ૧૨ મિનિટ ૩૦ સેકન્ડમાં પૂર્ણ કરવી પડશે.

બે-બે વખત ૧૦૦ ફૂટ સુધીના અંતરે આવ્યા બાદ યુવતી ફરી ૫૦૦ ફૂટ નીચે સરકી જતી હતી

# ભૂજ : ૫૦૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડેલી યુવતી ૩૨ કલાક બાદ જિંદગીની જંગ હારી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૭

ભુજમાં કંઢેરાઈ ગામમાં ૫૦૦ ફુટ ઉંડા બોરવેલમાં ફસાયેલી યુવતી ૩૨ કલાક બાદ જિંદગીની જંગ હારી ગઈ છે. યુવતીને બચાવવા કચ્છ જિલ્લા કલેક્ટર, પોલીસ વડા, ભુજ વહીવટી તંત્રની ટીમ સાથે ફાયર વિભાગ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તેમજ ગાંધીનગરથી પણ NDRFની ટીમ બચાવ કામગીરીમાં જોડાઈ હતી. જે યુવતીનું તંત્રએ રેસ્ક્યૂ કર્યું હતું. જે બાદ યુવતીને તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, ૫૦૦ ફૂટ ઊંડા બોરવેલમાં ૩૨ કલાક સુધી ફસાયેલી યુવતીનું મોત થયું છે. તંત્ર માટે પણ રેસ્ક્યૂ ઓપરેશન ચેલેન્જિંગ રહ્યું હતું. આ યુવતીને ૩૨ કલાક બાદ બોરવેલમાંથી બહાર કાઢવામાં આવી હતી. જે બાદ ભુજની જીકે જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરી છે. હાલ પોલીસ પ્રશાસન દ્વારા યુવતીના પોસ્ટમોર્ટમ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. ભુજ તાલુકાના કંઢેરાઈ ગામમાં સોમવારે સવારે ૬ વાગ્યાના



### યુવતીને બોરવેલમાંથી બહાર કાઢવાને માત્ર ૬૦ ફૂટ બાકી હતા, ને રેસ્કયુ સાધનોમાંથી યુવતી છટકી જતાં પરત બોરવેલ નીચે પડી

અરસામાં એક યુવતી ૫૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી જતા સમગ્ર કચ્છમાં ચકચાર પ્રસરી જવા પામી છે. ઘટનાના પગલે કચ્છ જિલ્લા કલેક્ટર, પોલીસ વડા, ભુજ વહીવટી તંત્રની ટીમ સાથે ફાયર વિભાગ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તેમજ ગાંધીનગરથી પણ NDRFની ટીમ બચાવ કામગીરીમાં જોડાઈ હતી. ૩૨ કલાક સુધી રેસ્ક્યૂ ઓપરેશન ચાલ્યું હતું. મોડી રાત્રે યુવતીને બોરવેલમાંથી બહાર કાઢવાને માત્ર ૬૦ ફુટ બાકી હતા, પરંતુ રેસ્ક્યૂ સાધનોમાંથી યુવતી છટકી જતાં બોરવેલ નીચે પડી ગઈ હતી. ૩૦ કલાકમાં બે-બે વખત ૧૦૦ ફૂટ સુધીના અંતરે આવ્યાં બાદ ફરી ૫૦૦ ફૂટ નીચે સરકી જતી હતી. જેથી ટીમ માટે યુવતીનું રેસ્ક્યૂ ઓપરેશન કરવું એક ચેલેન્જિંગ હતું, પરંતુ અંતે ટીમે યુવતીનું રેસ્ક્યૂ કરી લીધું છે. જોકે, યુવતીનો જીવ બચાવવામાં સફળતા મળી નથી. સૂત્રોના જણાવ્યા મુજબ યુવતીના પિતરાઈ ભાઈને એલસીબી ટીમ પૂછપરછ માટે ભુજ કચેરીએ સાથે લઈ ગઈ છે અને બનાવ અંગેની સત્યતા જાણવા પ્રયાસો કરી રહી છે. ભૂજથી ૨૫ કિલોમીટર દૂર પર્વ દિશાએ આવેલા અંતરિયાળ કંઢેરાઈ ગામે યુવતીના બોરવેલમાં પડી જવાની ઘટનાના પગલે બચાવ કાર્ય માટે ઉમટેલા વહીવટી તંત્રના કાફલાને લઈ નાના એવા ગામમાં ભારે ધમધમાટ વ્યાપી જવા પામ્યો છે. સમગ્ર જિલ્લામાં ચર્ચાનો વિષય બનેલી ઘટનાથી સ્થાનિકે યુવતીના પરિવારો દુઃખી અવસ્થામાં લાડકી દીકરીના બહાર આવવા માટે ભગવાનને પ્રાર્થના કરતો નજરે ચડયા હતા. ઘટનાની જેમ જેમ જાણ થઈ રહી તેમ તેમ આસપાસના લોકો એકઠા થઈ રહ્યા હતા. મુખ્યત્વે ખેતી અને પશુપાલનનો વ્યવસાય ધરાવતું નાનું ગામ દુઃખદ બનાવથી ગમગીન થઈ ગયું છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ અને અન્ય રાજ્યોના બાવન પતંગબાજો ભાગ લેશે

# અમદાવાદમાં તા.૧૧ જાન્યુ. થી ૧૪ જાન્યુઆરી સુધી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

## તા.૧૨ જાન્યુ.એ સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા રાજકોટ-વડોદરા ખાતે મહોત્સવ યોજાશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૭

રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસને વેગ આપવા પ્રવાસન વિભાગ દ્વારા વિવિધ પ્રયાસો કરાઈ રહ્યા છે. જેમાં ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્વ છે. ત્યારે ગુજરાતની ઉત્તરાયણને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ બનાવવા અને દેશ દુનિયાના પતંગબાજોને રાજ્યમાં પતંગ ઉડાવવા માટે આમંત્રિત કરવા માટે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. શરૂઆતના વર્ષોમાં ફક્ત અમદાવાદ શહેર ખાતે યોજાતો પતંગ મહોત્સવ હવે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ આયોજિત કરવામાં આવે છે. આ વર્ષે તારીખ ૧૧ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી દરમિયાન પ્રવાસન નિગમ દ્વારા 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ઉદ્ઘાટન સમારંભ ૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૯ વાગ્યે અમદાવાદમાં વલ્લભસદન રિવરફ્રન્ટ ખાતે યોજાશે જેનું ઉદઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે. રાજ્યના વિવિધ જિલ્લાઓની વાત કરીએ તો, ૧૨ જાન્યુઆરીના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર), રાજકોટ તથા વડોદરા ખાતે તેમજ ૧૩ જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ

### તા.૧૩મીએ સુરત, ધોરડો તથા શિવરાજપુરમાં આયોજન

'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયો માંથી ૫૨ (બાવન) જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગુજરાત રાજયમાંથી પણ ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગના મુખ્ય આકર્ષણોમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો દ્વારા પરેડ પણ આયોજીત કરવામાં આવી છે. આ ઉપરાંત નાઈટ કાઈટ ફાઈલિંગ, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ, પતંગ વર્કશોપ, હેન્ડીક્રાફ્ટ સ્ટોલ, રિફ્રેશમેન્ટ સ્ટોલ પણ મુલાકાતીઓ માટે રાખવામાં આવ્યા છે. દેશ વિદેશમાંથી ગુજરાત આવતા પતંગબાજો અને તેમની અવનવા આકારોવાળી રંગબેરંગી પતંગો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું મુખ્ય આકર્ષણ હોય છે. ગુજરાત રાજય તેના વિવિધ પ્રકારના મેળાઓ અને ઉત્સવોની ઉજવણી માટે દેશભરમાં તેમજ વૈશ્વિક સ્તરે પણ પ્રસિદ્ધ છે. ગુજરાતના મેળાઓ અને ઉત્સવો અહીંની સ્થાનિક લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ છે, જેમાં સમાજનો દરેક વર્ગ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. તેથી આવા મેળા અને ઉત્સવોમાં પ્રવાસન સ્થળોની પ્રસિદ્ધિ કરવાનો ખૂબ જ સારો મોકો મળી રહે છે.

વિધાનસભા વિરોધ પક્ષ કોંગ્રેસના પૂર્વ નેતા પરેશ ધાનાણીના આકરા પ્રહારો

# ભાજપના ધારાસભ્યને તેઓ ૪૦ લાખનો હપ્તો ના લેતા હોય તો જાહેરમાં ચર્ચા માટે ખુલ્લો પડકાર

## જવાબદાર પોલીસ અધિકારીઓને ૨૪ કલાકમાં ડિસમીસ કરવાની માંગ; ધરણાની આપી ચીમકી

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૭

અમરેલી ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરીયાને આજે કોંગ્રેસના પરેશ ધાનાણીની ખુલ્લી ચેલેન્જ આપતા કહ્યું હતું કે, જો આ લેટરની હકીકત ખોટી હોય અને તમે નિર્દોષ હોવ તો મારી સામે જાહેરમાં ચર્ચા કરવા આવી જાવ તમે ચપટીઓ વગાડીને ખોટી ફરિયાદ કરીને કુવારી કન્યાને જેલમાં પુરાવી સરઘસ કઢવી જે અન્યાય કર્યો છે તેવી જ રીતે આ અન્યાયમાં ભોગ બનેલ દીકરીને ન્યાય અપાવવા અત્યાચાર સાથે વરઘોડો કાઢનાર જવાબદાર અધિકારીઓને તમે ચપટી વગાડીને ડિસમિસ કરાવો નહિતર ૨૪ કલાકમાં જો આવા અધિકારીઓ કર્મચારીઓ સામે કાર્યવાહી નહી થાય તો રાજકમલ ચોકમાં ધરણા ઉપર ઉતરીશ. સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બનેલ ધારાસભ્ય કૌશિક વેકરીયાના લેટર કાંડનો મામલો જેમ-જેમ આગળ વધતો જાય છે તેમ નવા નવા ભડાકા થતા જાય છે આજે આ મામલે વિધાનસભાના વિરોધ પક્ષના પૂર્વ નેતા પરેશ ધાનાણીએ પત્રકાર પરિષદ યોજી જણાવ્યું હતું કે અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાના નામનો જે પત્ર લખવામાં આવેલ હતો તે પત્ર હકીકતમાં સાચો જ છે જો આ પત્ર ખોટો હોય અને પોતે ૪૦ લાખનો હપ્તો ના લેતા હોય તો મારી સાથે રાજકમલ ચોકમાં જાહેરમાં ચર્ચા કરવા મારી સામે આવી જાય તેવી ખુલ્લી ચેલેન્જ આપી વેકરીયાને જાહેરમાં ચર્ચા કરવા ધાનાણીએ જણાવ્યું હતું વધુમાં તેમણે જણાવ્યું હતું કે પોતાને દુધના ધોયેલા સાબિત કરવા ખોટી ફરિયાદ કરી ભાજપના જ ત્રણ આગેવાનો અને એક પાટીદાર સમાજની દીકરીને ફસાવી દીધેલ છે અને ખોટા ગુનેગારો બનાવી દીધેલ છે પાટીદાર સમાજની કુવારી દીકરીને ઈજ્જતની આબરૂના ધજાગરા ઉડાવી અડધી રાત્રિના તેમની ધરપકડ ચપટીઓ વગાડી ને કરાવી હતી તો હવે આ દીકરી તમને ત્રણ પાનાનો પત્ર લખીને ન્યાય તો અપાવો તેવી માંગણી કરે છે. ધાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે આ લેટરમાં જે કાંઈ લખ્યું હતું તે સાચુ જ છે અને તેનો એફએસએલ રિપોર્ટ કરાવો હેન્ડરાઈટિંગ એક્સપર્ટની મદદથી તેની ચકાસણી કરાવો અને આ મામલે ડીજીપીની આગેવાનીમાં સમગ્ર મામલાની તપાસ કરવામાં પોલીસ સામે પણ આરોપો લગાવતા તેમણે કહ્યું કે, પોલીસ નાના માણસોને અને ગરીબ વ્યક્તિઓને ૫૦,૧૦,૦૨,૦૦૫ હજાર ઉઘરાવી નેતાઓને આપવી રહ્યા છે આ ક્યાંનો ન્યાય છે નાના માણસોને હેરાન પરેશાન કરવામાં આવે છે. જ્યારે નેતાઓઓ પોલીસને ચપટીઓના ઈશારે કામ કરાવી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી દ્વારા આ મામલે તટસ્થ કાર્યવાહી થાય અને જે પાટીદાર સમાજની યુવતીને સાથે અન્યાય થયો છે પોલીસ દ્વારા પાટ ઉપર સુવડાવી પગમાં પટ્ટા મારવામાં આવેલ છે તેવા અધિકારીઓનો તાત્કાલિક ડીસમિસ કરવાની માગણી તેમણે કરી હતી. પરેશ ધાનેણીએ આક્ષેપો કર્યા હતા કે અમરેલી જિલ્લામાં રેતી ખનન માફિયાઓ દારૂના અડ્ડાઓ વિગેરે ચાલી રહ્યા છે તેનો ભાજપનો ખુદ એક આગેવાન પત્ર લખીને પોલીસને જણાવે છે પણ પોલીસ હપ્તા ઉઘરાવી રાજકીય નેતાઓને આપી રહી છે સરકાર જો સવિધાનશીલ હોય તો આ બધું કેમ ચાલી રહ્યું છે આ મામલે મારે મુખ્યમંત્રીને કહેવું છે કે જો આપની સરકાર સંવેદનશીલ હોય તો આપના રાજ્યમાં દીકરીઓ સાથે કેમ અન્યાય અત્યાચાર થઈ રહ્યો છે.

# હિમવર્ષાના ઠંડા પવનોની દિશા ગુજરાત તરફ : ફરી એકવાર ઠંડીનું જોર વધ્યું

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

રાજ્યભરમાં ફરી એકવખત ઠંડીએ પોતાનું જોર બતાવવાનું શરૂ કરી દીધું છે. ઉત્તર ભારતના રાજ્યમાં ભારે હિમવર્ષાને કારણે ત્યાંના ઠંડા પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે, જેને કારણે છેલ્લા બે દિવસમાં ગુજરાતનું તાપમાન ચારથી પાંચ ડિગ્રી જેટલુ ગગડ્યું છે. આ સાથે જ વહેલી સવારે ઠંડા પવન ફૂકાતા વધુ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હજુ ૪૮ કલાક વાતાવરણ યથાવત્ રહેવાની સંભાવના છે. બે દિવસ બાદ ફરી બેથી ત્રણ ડિગ્રી તાપમાનના વધારા સાથે ઠંડીમાં રાહત મળશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડોક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, હાલમાં ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી આવતા પવનોને કારણે ગુજરાતના વિવિધ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન ઘટ્યું છે, જે હજુ પણ આગામી ૪૮ કલાક સુધી યથાવત્ રહેશે. ત્યારબાદ ગુજરાતના લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાઈ શકે છે. એટલે કે, તાપમાનમાં વધારો થતાની સાથે ઠંડીમાં આંશિક રાહત મળશે. આગામી ૭ દિવસ ગુજરાતમાં શુષ્ક વાતાવરણ રહેશે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન નલિયામાં રાજ્યનું સૌથી ઓછું ૬.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત રાજકોટમાં પણ ૧૦ ડિગ્રી સેલ્સિયસ કરતા ઓછું એટલે કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૯.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. તદુપરાંત અન્ય ત્રણ મહાનગરોમાં પણ લઘુત્તમ તાપમાન યથાવત્ રહ્યું હતું. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૩.૫ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૧૪ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૫.૯ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# ઈસ્કોન મંદિરના કથિત પ્રભાવમાં આવેલી યુવતીએ લગ્ન કર્યા હોવાથી તેના પતિ સાથે જવા દેવા હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૭

શહેરના એસજી હાઈવે પર આવેલા સુપ્રસિધ્ધ ઈસ્કોન મંદિરના પૂજારીઓના કથિત બ્રેઈન વોશ અને પ્રભાવમાં છેલ્લા છ મહિનાથી લાપતા બનેલી તેણે પોતાની મરજીથી લગ્ન કરી લીધા છે અને યુવતી આજે હાઈકોર્ટ સમક્ષ હાજર થઈ હતી અને તેણીએ નિવેદન આપ્યું હતી કે તેના પતિ સાથે જ જવા માંગે છે. જેથી હાઈકોર્ટે યુવતીની ઈચ્છા મુજબ તેના પતિ સાથે મોકલી આપવા હુકમ કર્યો હતો.

કેસની વિગતો મુજબ પોતાની પુત્રીની ભાળ મેળવવા એક નિવૃત્ત આર્મીમેન પિતાએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી હેબીયર્સ કોર્પસ અરજી કરી હતી. તેની સુનાવણીમાં આજે પોલીસે યુવતીને હાઈકોર્ટ સમક્ષ હાજર કરી હતી. જે દરમ્યાન યુવતીએ હાઈકોર્ટ દ્વારા કરેલી પૂછપરછ દરમ્યાન અદાલતને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતુ કે, તેણે પોતાની મરજીથી લગ્ન કરી લીધા છે અને તે તેના પતિ સાથે જ જવા માંગે છે. જેથી હાઈકોર્ટે યુવતીની ઈચ્છા મુજબ તેના પતિ સાથે મોકલી આપવા હુકમ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે અરજદાર નિવૃત્ત આર્મીમેન પિતા દ્વારા કરાયેલી હેબીયર્સ કોર્પસમાં આક્ષેપ કરાયા હતા કે, એસજી હાઈવે પર આવેલા સુપ્રસિધ્ધ ઈસ્કોન મંદિરમાં તેમની પુત્રી દર્શન અને પૂજા-ભકિત માટે નિયમિત રીતે જતી હતી. તે દરમ્યાન તેણી ઈસ્કોન મંદિરના ઉપરોકત પૂજારીઓના સંપર્કમાં આવી હતી. ઈસ્કોન મંદિરના ઉપરોકત પૂજારીઓએ અરજદારની પુત્રીનું સંપૂર્ણપણે બ્રેઈન વોશ કરી દીધુ હતુ અને તેઓના પ્રભાવમાં લઈ લીધી હતી. જેને પગલે ગત તા.૨૭-૬-૨૦૨૪ના રોજ અરજદારની પુત્રી ઘરેથી ૨૩ તોલા સોનુ અને રૂ.૩.૬૨ લાખ રોકડા લઈ મંદિરના એક પૂજારી સાથે ભાગી ગઈ હતી. તેમની પુત્રી મંદિરના પૂજારીઓની ગેરકાયદે કસ્ટડીમાં કેદમાં જ છે અને તેઓ દ્વારા તેમની પુત્રીને નિયમિત રીતે ડ્રગ્સ અને ગાંજો અપાઈ રહ્યો છે. જેના કારણે તેણીના જીવનું જોખમ બન્યું છે. આ સમગ્ર મામલે અરજદાર પિતાએ મેઘાણીનગર પોલીસથી લઈ સોલા પોલીસમથક, શહેર પોલીસ કમિશનર સહિત સંબંધિત સત્તાવાળાો સમક્ષ વારંવાર રજૂઆત અને અરજ કરી હોવાછતાં પોલીસ દ્વારા પણ તેમની પુત્રીને શોધવાના કોઇ અસરકારક પ્રયાસો કરાયા નથી, જેના કારણે આટલા મહિનાઓ બાદ પણ તેમની પુત્રીની ભાળ સુદ્ધાં મળી નથી.

પોલીસ તપાસમાં એ વાત સામે આવી હતી કે, અરજદારની પુત્રી ઘરેથી ભાગીને ઈસ્કોન મંદિરના અનુયાયી સાથે લગ્ન કરીને ઉત્તરપ્રદેશમાં રહેતી હતી. દરમ્યાન પોલીસે યુવતીને હાઈકોર્ટ સમક્ષ હાજર કરતાં યુવતીએ અદાલતને જણાવ્યું કે, તે પોતાની મરજીથી જ ઘરેથી ભાગી હતી અને તેણી પુખ્તવયની છે. મારી પર કોઇનું દબાણ નથી અને મેં મારી મરજીથી જ લગ્ન કરી લીધા છે. તે તેના માતા-પિતા સાથે પરત જવા માંગતી નથી. યુવતીએ તેના પતિના ઘેર ઉત્તરપ્રદેશ સુધી જવા પોલીસ સુરક્ષાની માંગ પણ કરી હતી. જેને પગલે હાઈકોર્ટે યુવતીને તેના પતિના ઘેર સુરક્ષિત રીતે પહોંચાડવા અંગે હુકમ કરી અરજદાર પિતાની રિટ અરજીનો નિકાલ કર્યો હતો.

# ગુજકેટના ફોર્મ ૧૫મી સુધી લેઈટ ફી સાથે સ્વીકારવાનો નિર્ણય

## મંગળવારના રોજ મુદત પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા મુદત લંબાવાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૭

ઈજનેરી તથા ફાર્મસીમાં પ્રવેશ માટે યોજાનારી ગુજકેટને લઈને ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહીમાં રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની મુદત મંગળવારના રોજ પુર્ણ થઈ હતી. આ મુદ્દત પુર્ણ થતાં શિક્ષણ બોર્ડ દ્વારા લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાનો નિર્ણય કર્યો છે. જેથી હવે ગુજકેટ માટે ૧૫ જાન્યુઆરી સુધી ફોર્મ સ્વિકારવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી ફાર્મસી, ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-બી ગ્રૂપ-A અને ગ્રૂપ-ABના વિદ્યાર્થીઓ માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓના ઓનલાઈન આવેદનપત્રો બોર્ડની વેબસાઈટ પરથી ૧૭ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. ગુજકેટની પરીક્ષા ફી રૂ. ૩૫૦ નક્કી કરવામાં આવી હતી. દરમિયાન નિયમિત ફી સાથે ફોર્મ ભરવાની મુદત ૩૧ ડિસેમ્બરના રોજ પુર્ણ થયા બાદ બોર્ડ દ્વારા નિયમિત ફી સાથે જ ૭ જાન્યુઆરી સુધી ફોર્મ સ્વિકારવાનું નક્કી કર્યું હતું. જો કે, મંગળવારના રોજ નિયમિત ફી સાથે ફોર્મ સ્વિકારવાની મુદત પુર્ણ થઈ હતી. પરંતુ હજુ કેટલાક વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોય તેમ જણાતા શિક્ષણ બોર્ડ દ્વારા હવે ગુજકેટ માટે લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાનું નક્કી કર્યું છે. જેથી હવે શાળાઓ તથા વિદ્યાર્થીઓ ગુજકેટ માટે ૧૫ જાન્યુઆરી સુધી લેઈટ ફી સાથે ફોર્મ ભરી શકશે. જોકે, વિદ્યાર્થીઓએ હવે ગુજકેટનું ફોર્મ ભરતી વખતે પરીક્ષા ફી રૂ. ૩૫૦ ઉપરાંત લેઈટ ફી રૂ. ૧ હજાર પણ ભરવાની રહેશે.


ગુજરાત ટુડે

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર

૧૫મી જાન્યુઆરીએ અંક ચાલુ રહેશે

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

સામાજિક-શૈક્ષણિક સેવાઓમાં સક્રિય લોકહિત મૂવમેન્ટનું વાહક અને સૌ કોઈએ ખાસ વાંચવા જેવું અખબાર

☞ તા.૧૪ જાન્યુઆરી-૨૦૨૫ને મંગળવારે ઉત્તરાયણના પર્વ નિમિત્તે અન્ય દૈનિકોમાં રજા રહેશે માટે ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવારનો આપનો દિવસ અખબાર વિનાનો કેવી રીતે પસાર કરશો ? ના, મૂંઝાવાની જરૂર નથી.

'ગુજરાત ટુડે' દૈનિક ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવાર સવારે આપ સમક્ષ જરૂર હાજર થઈ જશે

☞ આપ આપના વિતરકને આજે જ કહી દો કે, ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ને બુધવારનું 'ગુજરાત ટુડે' દૈનિક લઈને જ આવે.

☞ આપના મિત્રો-સગા-સંબંધીઓ સુધી પણ 'ગુજરાત ટુડે' પહોંચાડો.

વિજ્ઞાપનદાતાઓ અને વિજ્ઞાપન એજન્સીઓ

તેમની જાહેર ખબર મોકલી બહોળી નકલોમાં પ્રસિદ્ધિનો લાભ લઈ શકશો.

ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮

સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧

E-mail : gujarattodaydaily@gmail.com-gtadvt@yahoo.co.in




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ ● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી ● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS